بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર

**બરકાતે ખ્વાજા** *(માસિક)*

**તા. ૦૧-એપ્રિલ-૨૦૧૯**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૪૦

વર્ષ : ૧૬, અંક : ૦૪, સળંગ અંક : ૧૮૪

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧

Mo. 9427464411 (PhonePe/Paytm)

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | શબે મેઅરાજ અને શાને મુસ્તફા ﷺની ઝલકો | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 04 | હદાઈકે બખ્શિશ | 14 |
| 05 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 18 |
| 06 | વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ ﷺ | 20 |
| 07 | તઝકેરતુલ અવલિયા : હઝરત ઈબ્રાહીમ અદહમ | 24 |
| 08 | તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના જીવનચરિત્રની ઝલકો | 26 |
| 09 | કાનૂને શરીઅત | 28 |
| 10 | ગુનાહોનો ઈલાજ | 30 |
| 11 | રાફઝી-શીઆ ફિર્કાની ગુમરાહીઓથી બચો ! | 34 |
| 12 | દીની શોખ (જઝબો)કેવી રીતે પૈદા થાય છે ? | 37 |
| 13 | શબે મેઅરાજના નવાફિલ | 39 |
| 14 | શબે બરાતની ઈબાદતો | 40 |
| 15 | ૨૫ મો ફિક્હી સેમીનાર તથા તેના ફૈસલાઓ | 41 |
| 16 | આવો ! આપણા સમયનો હિસાબ કરીએ | 45 |


## નબી ચલે મેઅરાજકો.....

વો સરવરે કિશ્વરે રિસાલત, જો અર્શપર જલ્વા ગર હુએ થે
નયે નિરાલે તરબ કે સામાં, અરબ કે મેહમાન કે લિએ થે
બહાર હૈં શાદિયાં મુબારક, ચમન કો આબાદિયાં મુબારક
મલક ફલક અપની અપની લયમેં, યહ ઘર અનાદિલ કા બોલતે થે
વહાં ફલક પર યહાં ઝમીંમેં, રચી થી શાદી મચી થી ધૂમેં
ઉધરસે અન્વાર હંસતે આતે, ઈધરસે નફહાત ઉઠ રહે થે
યહ છૂટ પળતી થી ઉન્કે રુખ કી, કે અર્શ તક ચાંદની થી
વો રાત કયા ઝગમગા રહી થી, જગા જગા નસ્બ આઈને થે
નઈ દુલ્હન કી ફબનમેં કા'બા, નિખરકે સંવરા સંવર કે નિખરા
હજર કે સદકે મેં કમર કે ઈક તિલમેં, રંગ લાખોં બનાવ કે થે
નઝરમેં દુલ્હા કે પ્યારે જલ્વે, હયાસે મેહરાબ સર ઝુકાએ
સિયાહ પર્દે કે મુંહ પર આંચલ, તજલ્લી ઝાત બહ્તસે થે
નબીએ રહમત શફીએ ઉમ્મત, **'રઝા'** પે લિલ્લાહ હો ઈનાયત
ઉસે ભી ઉન ખિલ્અતોંસે હિસ્સા, જો ખાસ રહમત કે વાં બટે થે
ષનાએ સરકાર હૈ વઝીફા, કુબૂલે સરકાર હૈ તમન્ના
ન શાઈરી કી હવસ ન પરવા રવીથી કયા કૈસે કાફલે થે

# શબે મેઅરાજ અને શાને મુસ્તફા ﷺની ઝલકો

તંત્રી લેખ..............................

**વો સરવરે કિશ્વરે રિસાલત જો અર્શ પર જલ્વાગર હુએ થે**
**નયે નિરાલે તરબ કે સામાં અરબ કે મહમાનકે લિએ થે**
*(સરવર = સરદાર, બાદશાહ. કિશ્વર = મુલ્ક. તરબ = ખુશી)*

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પોતાના પ્યારા મહબૂબ ﷺને માટે ફર્માવે છે :–

سُبْحٰنَ الَّذِیْٓ اَسْرٰی بِعَبْدِہٖ لَیْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ اِلَی الْمَسْجِدِ الْاَقْصَا ''પાકી છે તેને જે પોતાના બંદાને રાતો રાત લઈ ગયો મસ્જિદે હરામથી અકસા સુધી.....'' *(સૂ. બની ઈસ્રાઈલ, આ. ૧૭/૧, કન્ઝુલ ઈમાન)*

હે કલ્મો પઢવાના દાવેદારો ! તમારા દિલને પૂછી જુઓ કે **શું સૃષ્ટિની સર્વ મખ્લૂક઼માં કોઈ એવું છે જેના માટે રબે આવું ફર્માવ્યું ?** એટલુ જ નહીં, બલ્કે આસ્માનોની, જન્નત, દોઝખની સૈર કરાવી અર્શથીય ઉપર લામકાંની સૈર કરાવી તેમના માથાની આંખો વડે પોતાના દીદારથી કોઈને નવાઝયો હોય ? જેના સંબંધે કુર્આની આયતો ઉપરાંત અનેક હદીષો આવેલી છે. જયારે ન આવું સંબોધન રબે કોઈને કર્યું છે ન આવી સૈર કરાવી પોતાના દીદાર કરાવ્યા છે, ન કોઈ નબીને, ન કોઈ રસૂલને કે ન કોઈ વલીને. આ મક઼ામ કેવળ આપણા પ્યારા નબી કરીમ ﷺને જ મળ્યો છે. હવે જેઓ એવું કહેતા હોય અથવા દિલમાં એવો અક઼ીદો હોય કે, ''નબી તો આપણી જેવા બશર (માણસ) હતા'' તેમણે જો કુર્આન પર ઈમાન ધરાવતા હોય તો અબ ઘડીએ તૌબા કરી લેવી જોઈએ અને આયત : قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُکُمْ ના સહીહ મતલબને સમજવો જોઈએ.

## છે કોઈ જેને મેઅરાજ નસીબ થઈ હોય અને આ માહોલ સર્જાયો હોય ?

જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ઉપર દર્શાવેલ શરૂઆતના શેઅરમાં ફર્માવ્યું જેનો અર્થ છે :

રિસાલત તથા નબુવ્વતના દેશના સરબરાહ તથા બાદશાહ (નબી અકરમ ﷺ) શબે મેઅરાજના જ્યારે અર્શે મુઅલ્લા પર જલ્વાગર થયા તો અરબના આ મહમાને ઝીશાનની ખુશીના માટે ખુશી ઉપજાવનારા તમામ સબબોને એકત્ર કરી દેવામાં આવ્યા, જેના નિરાલાપણા અને ઉમદાપણાનું વર્ણન નથી કરી શકાતું.

સર્વ ફરિશ્તાઓ તથા સર્વ આસ્માનો પોત પોતાના સૂર તથા લહેજામાં બુલબુલોના અંદાઝમાં ગીત ગાતાં હતાં અને એકબીજાને કહી રહ્યાં હતાં કે આજે કેવી બહાર (વસંત) છે ?! આજની રાત કેટલી ખુશ્બુઓવાળી રાત છે ?! આજે બાગોમાં કેટલી રોનક છે ?! આજે જન્નતને કેવા અજીબ અંદાઝમાં સજાવવામાં આવી છે ?! આજે દોઝખને કેવી બુઝાવી દેવામાં આવી છે ! આ ખુશીઓ મુબારક થાય અને આ બાગોની આબાદીઓ તથા બહારો મુબારક થાય.

## મેઅરાજ શા માટે કરાવવામાં આવી ?

હુઝૂર ﷺને મેઅરાજ એટલા માટે જ કરાવવામાં આવી કે મક્કાના કુરૈશીઓનું હુઝૂર ﷺની સાથે દુશ્મનીભર્યું વલણ, તાઈફમાં હુઝૂર ﷺ પર થનારા કાફિરો તરફના સિતમ અને પછી અબૂ તાલિબની વફાતના પછી કાફિરોનું બેહદ તકલીફો પહોંચાડવું. જેમ કે હુઝૂર ﷺએ એક દિવસે આ એહસાસોને પ્રદર્શિત કર્યા કે કાશ! કોઈ મારો દોસ્ત હોત તો દીનને માટે મારા કામ આવત. કોઈ મારો સાથી હોત તો મારી ગમખ્વારી કરત. કોઈ મારો યાર હોત જે દિલદારી કરતો. હવે તો કાફિરોએ મને તદન એકલો સમજીને અધિક પરેશાન કરવાનું શરૂ કરી આપ્યું છે. આમ કહ્યું અને હઝરત ઉમ્મે હાનીના ઘરે તશરીફ લઈ ગયા અને અલ્લાહની ઈબાદતમાં વ્યસ્ત થઈ ગયા. બસ, એ જ રાતે જિબ્રઈલે અમીને હાજર થઈને કદમો ચૂમીને અર્ઝ કર્યું : ان اللہ قد اشتاق الی لقائک یا رسول اللہ હે પ્યારા આકા ! ﷺ અલ્લાહ આપને અર્શ પર બોલાવીને આપને મળવા ચાહે છે, જેથી આપને બતાવે તથા દેખાડે કે જો એ લોકો આપની ઈજ્જત તથા તાઝીમથી આંધળા છે તો આવીને જોઈ લે, આસ્માનના ફરિશ્તા તથા જન્નતની હૂરો કેવી રીતે તારી તાઝીમ કરે છે. જો તેં તાઈફના સફરમાં પથ્થરો ખાધા છે તો આસ્માન પર આવ અને જો કે ફરિશ્તા તારું કેવું સ્વાગત કરે છે અને મસ્જિદે અક્સામાં આવીને જો કે અલ્લાહના સર્વ નબીઓ કેવી રીતે તારા ઈન્તેઝારમાં ઉભા છે, અને તને પોતાનો ઈમામ માની રહ્યા છે, અને તારી શાનના ખુત્બા પઢી રહ્યા છે.

આપના રુખે અન્વર (ચહેરા મુબારક)ની રોશની એ રીતે જલ્વો દેખાડી રહી હતી કે એની લહેરો અર્શ પર મેહસૂસ થઈ રહી હતી, અને નૂરના ફરિશ્તા પણ આશ્ચર્યમાં હતા કે આજે અમારી નૂરાનિયત કેમ મંદ પડી ગઈ છે. એવું લાગતુ હતું કે અલ્લાહે મેઅરાજની સફરના સર્વ રસ્તાઓ પર નૂરના મુજલ્લા વ મુસ્તફા આઈના લગાડી રાખ્યા છે, જેના ઝરીયા હુઝૂર ﷺનું નૂર અર્શ તથા ફર્શ પર છવાયેલું છે.

એ બાજુ આસ્માનો પર અને આ બાજુ જમીન પર ખુશીઓનો માહોલ હતો અને ધૂમ મચેલી હતી. આસ્માનોથી નૂરવાળા આકાની મેઅરાજની ખુશીમાં નૂરની વર્ષા થઈ રહી હતી. (જેવી રીતે દુલ્હાના આગમન પર ફૂલો વરસાવવામાં આવે છે) અને આ બાજુ જમીન પર ખુશ્બુઓ મહેકી રહી હતી અને ખૂબ ચહલ પહલ હતી, જેવી રીતે શાદીવાળા ઘરમાં હોય છે. કેમ કે હુઝૂર જમીનવાળાઓની જ બિગડી બનાવવાના માટે "આસ્માનવાળાઓ"ની પાસે જઈ રહ્યા છે.

આપણા આકા તથા મૌલા ﷺના ચેહરાએ અન્વરથી રોશનીઓ ફૂટી ફૂટીને અર્શે મુઅલ્લા સુધી જઈ રહી હતી, જેવી રીતે ૧૪મી રાતના ચાંદને કારણે રાત જગમગી ઉઠે છે, એ જ પ્રમાણે હુઝૂર ﷺના રુખે વદ્દુહાનાં કિરણોથી પૂરો માહોલ રોશન હતો, જાણે કદમ કદમ પર આઈના લગાડી દેવામાં આવ્યા હતા જેથી રોશનીમાં કેટલાય ઘણો વધારો થઈ જાય.

## મસ્જિદે અક્સાનો મન્ઝર

શબે મેઅરાજ મસ્જિદે અક્સામાં જે હુઝૂર ﷺએ તમામ અંબિયાએ કિરામ તથા રુસુલે એઝામ علیہم السلامને

નમાઝ પઢાવી, એમાં એ જ રહસ્ય હતું કે પહેલા તથા છેલ્લાનો ફરક જાહેર થઈ જાય (કે આખરમાં આવવાનો મતલબ એ નથી કે છેલ્લાની શાન તથા અઝમત ઓછી છે) જે અંબિયાએ કિરામ علیہم السلام પહેલાં પોતાની નબુવ્વતોના ડંકા વગાડી ગયા હતા તે સર્વ હાથ બાંધીને ખાતમુન્નબિય્યીન علیہ السلامની પાછળ ઉભેલા છે, તો પછી બતાવો કે શાન કોની વધારે થઈ ?!

મુક઼તદી તમામે તમામ (અંબિયાએ કિરામ) મસ્જિદે અક઼સામાં પહોંચી ચૂક્યા છે, જ્યારે કે હઝરત મૂસા علیہ السلامને હુઝૂર ﷺ ક઼બ્રમાં સલાત (નમાઝ) પઢતા જોઈને આવ્યા છે, પણ અહીં અંબિયાએ કિરામની સફોમાં તે પણ એડીઓ ઉઠાવી ઉઠાવીને હુઝૂર ﷺની રાહ જોઈ રહ્યા છે. તે એટલા જલ્દી કેવી રીતે પહોંચી ગયા ?! પછી આસ્માન પર પણ હુઝૂર ﷺના પહોંચતા પહેલાં પહોંચી ગયા ! કયાં તો હાઝિર નાઝિર માનવું પડશે અને સાથોસાથ એ પણ માન્યા વિના ચારો નથી કે હુઝૂર ﷺ બુર્રાક઼ પર સવાર થઈને ગયા અને નબી પોતાની નબુવ્વતની પરવાઝ તથા રફતારથી ગયા, અને બુર્રાક઼ કદી નબુવ્વતની રફતાર (ગતિ)નો મુક઼ાબલો નથી કરી શકતુ. વળી સર્વ નબી ડયૂટીઓ પર હતા જ્યારે કે હુઝૂર ﷺ સૈર પર હતા, તો ડયૂટીવાળો જલ્દી જલ્દી જાય છે અને સૈરવાળો તહલતો તહેલતો ધીમે ધીમે જાય છે. જેનું સ્વાગત કરવામાં આવતુ હોય છે તો તમો જોતા હશો જ કે તે છેલ્લે આવે છે અને સ્વાગત કરવાવાળા બે કલાક પહેલાં પહોંચી જાય છે. દરેક નબી પોતાની ઉમ્મતનો ઈમામ હોય છે. દરેક નબીએ વિચાર્યું હશે કે જુઓ ! કોને ઈમામતનો મુસલ્લો મળે છે ?! કેમ કે ત્યાં સફીયુલ્લાહ પણ છે, નજીયુલ્લાહ પણ છે, રૂહુલ્લાહ પણ છે, ખલીલુલ્લાહ, કલીમુલ્લાહ, ઝબીહુલ્લાહ બધા જ છે. (પરંતુ મિર્ઝા ક઼ાદયાની કાણો દજ્જાલ ત્યાં ન હતો !) અચાનક હુઝૂર ﷺની સવારી પહોંચી તો સર્વ નબીઓએ રુખે વદુહા જોઈને ના'રો બુલંદ કર્યો : فجاء محمد سراجا منیر افصلو اعلیه کثیرا کثیرا ''હુઝૂર ﷺ સિરાજમ્મુનીર બનીને આવ્યા, તેમના પર ખૂબ ખૂબ દુરૂદ પઢો.

## શબે મેઅરાજના સફરની ઉમ્મતી માટે બોધદાયક વાતો

હુઝૂર નબી કરીમ ﷺને પોતાની ઉમ્મતથી બેહદ મહોબ્બત છે જેથી ક્યારેક કોઈ નેક અમલ વિશે ખુશખબરીઓ સંભળાવીને તો ક્યારેક કોઈ બુરા અમલ વિશે ચેતવણીઓ સંભળાવીને ઉમ્મતને દોઝખથી બચવા સમજાવતા રહ્યા છે. હે આશિક઼ે રસૂલ હોવાના દાવેદારો ! આ નીચેના બુરા અમલોની ચેતવણીઓ એ ખુદ હુઝૂર ﷺએ તેના બદલે થતા અઝાબો જાતે જોયા અને પછી ખુદ નબી કરીમ ﷺ તમને વર્ણવી રહ્યા છે ! તો પણ નહીં સમજો તો પછી એ અઝાબો વિશે વબાલો જાણી લો અને એને વેઠવાની હિંમત હોય તો થવા દો !

**બેનમાઝીનો અઝાબ** : શબે મેઅરાજ હુઝૂર ﷺ એક એવી ક઼ૌમ પાસેથી પસાર થયા જેમનાં માથાં પથ્થર વડે ફોડવામાં આવી રહ્યાં હતાં. અને માથાં ફોડી નાખ્યા બાદ તે ફરી પોતાની અસલી હાલત પર થઈ જતાં હતાં, અને આ ક્રમ જરાય બંધ નથી પડતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, ''આ તે લોકો છે જેઓ નમાઝથી ગફલત કરતા હતા !''

**ઝકાત ન આપનારનો અઝાબ** : એક ક઼ૌમ પાસેથી આપ પસાર થયા જેમની શર્મગાહ પર આગળ પાછળ ચિથડાં લપેટેલ હતાં અને તેઓ જાનવરોની જેમ કાંટાદાર ઝક઼ૂમ અને જહન્નમના પથ્થર ખાય રહ્યા હતા.

આપે ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલે અર્ઝ કરી, આ તે લોકો છે જેઓ પોતાના માલોની ઝકાત કાઢતા ન હતા.

**ઝિનાખોરોનો અંજામ** : એક કૌમ પાસેથી આપ ﷺ પસાર થયા જેમની સામે એક હાંડલીમાં રાંધેલો ગોશ્ત રાખેલો છે અને એક હાંડલીમાં કાચો સડેલો ગોશ્ત રાખેલો છે, અને તેઓ સડેલો ગંદો ગોશ્ત ખાય છે પણ રાંધેલો ઉમદા ગોશ્ત નથી ખાતા. આપ ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે પુરૂષો છે જેમની પાસે હલાલ પત્ની હોવા છતાં બદકાર સ્ત્રીઓ પાસે રાત ગુજારતા, અને તે સ્ત્રીઓ છે જેઓ પોતાના હલાલ પતિને છોડીને બદકાર પુરૂષ સાથે રાત ગુજારતી.

**વ્યાજખોરનો અંજામ** : એક કૌમ પાસેથી હુઝૂર ﷺ પસાર થયા જે લોહીની નહેરમાં તરતી અને પથ્થર ખાતી હતી. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલે અર્ઝ કરી, આ વ્યાજખોર લોકો છે.

તેમજ હુઝૂર ﷺએ વ્યાજખોરોને એ હાલમાં પણ જોયા કે તેમનાં પેટો ઓરડીઓ જેવાં છે જેનામાં સાપ જોવા મળે છે અને જ્યારે એમનામાંથી કોઈ ઉઠે છે તો તરત ગબડી પડે છે.

**બેઅમલ લોકોનો અઝાબ** : એક કૌમ પર હુઝૂર ﷺ પસાર થયા જેમની જીભો તથા હોઠ લોખંડની કાતરો વડે કાપવામાં આવતા હતા. આપ ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે ફિત્ના પરવર લોકો છે જેઓ લોકોને નસીહત કરે છે અને ખુદ અમલ કરતા નથી કરતા.

**ચુગલખોરનો અઝાબ** : એક કૌમ પર હુઝૂર ﷺ પસાર થયા જેમના તાંબાના નખો હતા જેનાથી તેઓ પોતાના ચહેરાઓ તથા છાતીઓને ઝખ્મી કરી રહ્યા હતા. આપે ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ ચુગલખોર છે જેઓ લોકોનો ગોશ્ત ખાતા અને તેમની ઈજ્જત બગાડવા ચાહતા હોય છે.

ચુગલખોરોને હુઝૂર ﷺએ એ હાલમાં પણ જોયા કે એમનાં પાસાંઓનો ગોશ્ત કાપવામાં આવી રહ્યો છે અને તેઓ તેને ખાતા જઈ રહ્યા છે. અને તેમને કહેવામાં આવે છે, ખાવ ! જેવી રીતે તમે તમારા ભાઈનો ગોશ્ત ખાતા હતા. આપે ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ લોકોની ગીબત કરવાવાળા ચુગલખોર છે.

**અમાનતમાં ખયાનત કરનાર** : એક શખ્સ પાસેથી આપ પસાર થયા જેણે લાકડીઓનો એક મોટો ભારો ભેગો કરી રાખ્યો છે જેને તે ઉઠાવી નથી શકતો, પરંતુ તેમ છતાં પણ એમાં અધિક લાવી લાવીને રાખે છે. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આપની ઉમ્મતમાંથી તે શખ્સ છે જેની પાસે લોકોની એટલી અમાનતો છે કે જેને અદા નથી કરી શકતો, પરંતુ તેમ છતાં અધિક ભેગી કરે છે.

**જીભ લાંબી ચલાવનાર (ઝબાન દરાઝ)નો અંજામ** : એક પથ્થર પાસેથી હુઝૂર ﷺ પસાર થયા, જેમાંથી એક બળદ નીકળે છે અને ફરી એ પથ્થરમાં દાખલ થવા ચાહે છે પરંતુ દાખલ નથી થઈ શકતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ શું છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે શખ્સનો હાલ છે જે મોઢાથી એવી વાત કાઢે છે જેના પર તેને શર્મિંદથી થાય છે, પરંતુ પછી તે તેને પરત નથી કરી શકતો.

**યતીમનો માલ ખાનારનો અંજામ** : એક કૌમને હુઝૂર ﷺએ જોયી કે તેમના ચહેરા ઊંટની જેમ છે અને તે લોકોએ આગના અંગારા મોંમાં રાખેલા છે જે એમની પાછળથી નીકળે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ યતીમોનો માલ ખાનારા છે. રિયાકારને કૂવાથી ખાલી ડોલ કાઢતો જોયો.

**હરામખોરનો અંજામ** : હુઝૂર ﷺએ જોયું કે એક દસ્તરખાન પર પાકીઝા ગોશ્ત છે અને એક દસ્તરખાન પર બદબૂદાર ગોશ્ત છે, અને કેટલાય લોકો પાકીઝા ગોશ્ત છોડીને બદબૂદાર ગોશ્ત ખાય રહ્યા છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે લોકો છે જેઓ હલાલ છોડીને હરામ ખાય છે.

**બદકાર સ્ત્રીઓનો અંજામ** : સ્ત્રીઓના એક ગિરોહને હુઝૂર ﷺએ જોયો કે તેણીઓ છાતીઓ ભેર લટકેલી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે સ્ત્રીઓ છે જેઓ પોતાના પતિઓના નિકાહમાં હોવા છતાં (ગૈરથી) વ્યભિચાર કરે છે અને હરામી બાળકોને પોતાની ઔલાદમાં સામેલ કરે છે.

**બેપર્દા સ્ત્રીઓનો અંજામ** : સ્ત્રીઓના એક અન્ય ગિરોહને હુઝૂર ﷺએ જોયો કે માથાના વાળો વડે લટકેલી છે અને તેમની નીચે આગ સળગી રહી છે જે એમનું બદન ખાતી જાય છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે સ્ત્રીઓ છે જે પર્દો નથી કરતી અને પોતાના પતિ સિવાય ગૈર મર્દોના માટે બનાવ શિંગાર કરે છે અને બેપર્દા થઈને તેમને પોતાનો શણગાર તથા સજાવટ દેખાડે છે.

બીજી હદીષમાં છે : "જે સ્ત્રી સુરમો લગાડીને ગૈર મેહરમને દેખાડે છે તેનું મોં અલ્લાહ કાળુ કરશે, અને તેની ક઼બ્રને દોઝખનો ખાડો બનાવી દેશે." વલ્અયાઝુ બિલ્લાહિ તઆલા

**નોહા કરવાવાળી (મૈયત પર હાયપીટ કરનારી)** : સ્ત્રીઓના એક ગિરોહને આપે જોયો કે તેમનો તારકોલ (ડામર)નો લિબાસ છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે સ્ત્રીઓ છે જેઓ પુરૂષો પર નોહા (હાય પીટ) કરે છે.

જૂઠી ક઼સમ ખાનારાઓની જીભો બોચી તરફથી ખેંચવામાં આવી રહી હતી. અસ્તગફિરુલ્લાહ ! વલ્અયાઝુ બિલ્લાહ ! *(તફસીરે રૂહુલ બયાન, નુઝહતુલ મજાલિસ)*

આપે મેઅરાજની રાતે એ પણ જોયું કે કેટલાક લોકોની જીભો લોખંડની કાતરો વડે કાપવામાં આવી રહી છે. આપના પૂછવા પર જિબ્રઈલ علیہ السلامએ બતાવ્યું, આ લોકોને ગુમરાહીમાં ફેંકનારા બદઅમલ વાઈઝ છે.

કેટલાક લોકો દોઝખની આગમાં પોતાના લોખંડના નખો વડે પોતાના શરીરોને ખોતરીને ગોશ્ત ઉતારી રહ્યા હતા. હુઝૂર ﷺએ જિબ્રઈલ علیہ السلامને પૂછયું, આ કોણ લોકો છે ? અર્ઝ કરી, આ તેઓ છે જેઓ દુનિયામાં બીજા લોકોની બેઈજ્જતી તથા આબરૂરેઝી કરતા હતા. જો આપણે આપણી અંદર જો તૌબાનો એક ટકો પણ ધરાવીએ છીએ તો જરૂર આ કામોથી બચવાની કોશિશ કરીશું જેને કરવાના કારણે આ લોકો વિવિધ પ્રકારના અઝાબોમાં સપડાયા. કેમ કે મર્યા વિના તો કોઈ ચારો છે જ નથી.

આ હુઝૂરે અકરમ ﷺની જ શાન છે કે આપને આ બધી જગાઓ બતાવવામાં આવી અને રબ્બે કરીમ ﷺએ પોતાના મહબૂબ ﷺને જાગતી આંખોએ માથાની આંખોથી પોતાનો દીદાર કરાવ્યો અને ઉમ્મતીઓ માટે રબે નમાઝનો તોહફો અર્પણ કર્યો. ૫૦માંથી હુઝૂરની અર્ઝ પર ૪૫ ઘટાડી પાંચ નમાઝો રાખી પણ સવાબ ૫૦નો જ રાખ્યો. તો કેટલા કમનસીબ તે ઉમ્મતીઓ છે જેઓ અલ્લાહના અર્પણ કરેલ આ તોહફાને ઠુકરાવીને બેનમાઝી રહે છે. રબ્બે કરીમ આપણાને સૌને નેક તૌફીક઼ બખ્શે અને તેની તથા તેના મહબૂબ ﷺની રઝામંદીવાળી જિંદગી જીવવાની તૌફીક઼ બખ્શે. (આમીન)



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

اَلَّذِیْنَ اسْتَجَابُوْا لِلّٰهِ وَ الرَّسُوْلِ مِنْۢ بَعْدِ مَاۤ
اَصَابَهُمُ الْقَرْحُ ۛؕ لِلَّذِیْنَ اَحْسَنُوْا مِنْهُمْ وَ
اتَّقَوْا اَجْرٌ عَظِیْمٌۚ﴿۱۷۲﴾ اَلَّذِیْنَ قَالَ لَهُمُ النَّاسُ
اِنَّ النَّاسَ قَدْ جَمَعُوْا لَكُمْ فَاخْشَوْهُمْ فَزَادَهُمْ
اِیْمَانًا ۖۗ وَّ قَالُوْا حَسْبُنَا اللّٰهُ وَ نِعْمَ الْوَكِیْلُ﴿۱۷۳﴾
فَانْقَلَبُوْا بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَ فَضْلٍ لَّمْ یَمْسَسْهُمْ
سُوْٓءٌ ۙ وَّ اتَّبَعُوْا رِضْوَانَ اللّٰهِ ؕ وَ اللّٰهُ ذُوْ فَضْلٍ
عَظِیْمٍ﴿۱۷۴﴾ اِنَّمَا ذٰلِكُمُ الشَّیْطٰنُ یُخَوِّفُ اَوْلِیَآءَهٗ ۪
فَلَا تَخَافُوْهُمْ وَ خَافُوْنِ اِنْ كُنْتُمْ مُّؤْمِنِیْنَ﴿۱۷۵﴾ وَ
لَا یَحْزُنْكَ الَّذِیْنَ یُسَارِعُوْنَ فِی الْكُفْرِ ۚ اِنَّهُمْ
لَنْ یَّضُرُّوا اللّٰهَ شَیْــٴًـا ؕ یُرِیْدُ اللّٰهُ اَلَّا یَجْعَلَ لَهُمْ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

તે જેઓ અલ્લાહ અને રસૂલના બોલાવવા પર હાજર થયા. એ પછી કે તેમને ઝખ્મ પહોંચી ચૂક્યા હતા[૧૬૬] તેમના નેક લોકો અને પરહેઝગારો માટે મોટો સવાબ છે (૧૭૨) તેઓ જેમને લોકોએ કહ્યું[૧૬૭] કે લોકોએ[૧૬૮] તમારા માટે (ખૂબ) જથ્થો (માણસોનો) એકત્ર કર્યો (છે) તો તેમનાથી ડરો, તો તેમનું ઈમાન ઓર વધી ગયું, અને બોલ્યા અલ્લાહ અમને પૂરતો છે અને (તે) કેવો સારો કામ બનાવનાર (છે)[૧૬૯] (૧૭૩) તો પાછા ફર્યા અલ્લાહના એહસાન અને ફઝલથી[૧૭૦] કે તેમને કાંઈ બુરાઈ ન પહોંચી. અને અલ્લાહની ખુશી પર ચાલ્યા[૧૭૧] અને અલ્લાહ મહાન ફઝલવાળો છે[૧૭૨] (૧૭૪) તે તો શયતાન જ છે કે પોતાના મિત્રોથી ધમકાવે છે[૧૭૩] તો તેમનાથી ન ડરો[૧૭૪] અને મારાથી ડરો. જો ઈમાન ધરાવતા હોઉ (તો)[૧૭૫] (૧૭૫) અને અય મહબૂબ ! તમે તેમનું દુઃખ ન કરો જેઓ કુફ્ર પર દોડે છે[૧૭૬] તેઓ અલ્લાહનું કાંઈ બગાડશે નહીં, અને અલ્લાહ ઈચ્છે છે કે આખિરતમાં તેમનો કાંઈ ભાગ ન રાખે[૧૭૭] અને તેમના માટે મોટો અઝાબ છે (૧૭૬) તેઓ

حَظًّا فِي الْاٰخِرَةِ ۚ وَ لَهُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿۱۷۶﴾ اِنَّ الَّذِيْنَ اشْتَرَوُا الْكُفْرَ بِالْاِيْمَانِ لَنْ يَّضُرُّوا اللّٰهَ شَيْـًٔا ۚ وَ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۷۷﴾ وَ لَا يَحْسَبَنَّ الَّذِيْنَ كَفَرُوْۤا اَنَّمَا نُمْلِيْ لَهُمْ خَيْرٌ لِّاَنْفُسِهِمْ ؕ اِنَّمَا نُمْلِيْ لَهُمْ لِيَزْدَادُوْۤا اِثْمًا ۚ وَ لَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ﴿۱۷۸﴾

*જેમણે ઈમાનના બદલે કુફ્ર ખરીદી લીધું[૧૭૮] અલ્લાહનું કંઈ બગાડશે નહીં, અને તેમના માટે દુઃખદાયક અઝાબ છે (૧૭૭) અને કાફિરો કદાપિ એવા ગુમાનમાં ન રહે કે અમે જે એમને ઢીલ આપીએ છીએ (તે કાંઈ) એમના માટે ઉત્તમ છે, અમે તો એટલા ખાતર જ એમને ઢીલ આપીએ છીએ કે (એમના) ગુનાહો ઔર વધે[૧૭૯] અને (અંતે) એમના માટે બેઈજ્જતીવાળો અઝાબ છે (૧૭૮)*

## :: સમજૂતી ::

**૧૬૬ : (શાને નુઝૂલ)** જંગે ઉહદમાંથી પરવાર્યા પછી જ્યારે અબૂ સુફિયાન અને સાથીદારો રૌહા સ્થળે પહોંચ્યા ત્યારે તેમને અફસોસ થયો કે આપણે પરત કેમ થયા ? મુસલમાનોનું તદન કાશળ કેમ કાઢી ન નાખ્યું ?! એવું વિચારીને તેમણે પાછા ફરવાનો ઈરાદો કર્યો. સૈયદે આલમ ﷺએ અબૂ સુફયાનનો પીછો કરવા પોતાની રવાનગીનું એલાન કરાવી દીધું, સહાબાની એક જમાઅત જેની સંખ્યા ૭૦ હતી અને જેઓ જંગે ઉહદના ઝખ્મોથી ચુર ચુર હતા તેઓ હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું એલાન સાંભળીને દોડી આવ્યા, અને હુઝૂર علیہ الصلوٰۃ والسلام એમને લઈને અબૂ સુફિયાન પાછળ રવાના થયા, જ્યારે હુઝૂર હુમરઉલ અસદ નામના સ્થળે પહોંચ્યા જે મદીનાથી આઠ માઈલ દૂર છે, ત્યારે ખબર પડી કે મુશ્રિકો બીકના માર્યા નાસી છૂટયા છે, એ બયાન બાબત આ આયત ઉતરી.

**૧૬૭ :** અર્થાત નઈમ બિન મસઊદ અશજઈએ.

**૧૬૮ :** અર્થાત અબૂ સુફયાન વિગેરે મુશ્રિકોએ.

**૧૬૯ :** (શાને નુઝૂલ) : જંગે ઉહદમાંથી પાછા વળતાં અબૂ સુફયાને હુઝૂર علیہ الصلوٰۃ والسلامને બૂમ પાડીને કહી દીધું હતું કે આવતા વર્ષે બદ્રના મેદાનમાં ફરી અમારી તમારી લડાઈ થશે. હુઝૂર ﷺએ એના જવાબમાં ફર્માવ્યું, ઈન્શા અલ્લાહ ! જ્યારે એ સમય આવ્યો અને અબૂ સુફયાન સાથીદારો સહિત લડાઈ માટે રવાના થયા, તો અલ્લાહ તઆલાએ તેમના દિલોમાં બ્હીક ઘાલી દીધી અને તેમણે પાછા નાસી જવાનો ઈરાદો કર્યો. આ સમયે અબૂ સુફયાનની નઈમ બિન મસઊદ અશજઈ સાથે મુલાકાત થઈ જે ઉમરો કરવા આવ્યો હતો. અબૂ સુફયાને કહ્યું કે, હે નઈમ ! આ સમયે બદ્રના મુકામે મારી અને મુહમ્મદ મુસ્તફા ﷺ વચ્ચે લડાઈ નક્કી થઈ ચૂકેલી છે, પણ આ સમયે મને યોગ્ય એ લાગે છે કે હું લડાઈ કરવા ન જાઉં અને પરત થઈ જાઉં, તું મદીના જા અને કોઈ બહાને મુસલમાનોને યુદ્ધ મોરચે જવાથી રોકી લે, હું તને ઈનામમાં ૧૦ ઊંટો આપીશ. નઈમે મદીના જઈને જોયું કે મુસલમાનો યુદ્ધની તૈયારીઓ કરી રહ્યા છે, ત્યારે તેણે કહ્યું કે તમે લડવા જવા માગો છો ? અરે ! મક્કાવાસીઓએ તમારા માટે ભારે સૈન્યો એકઠાં કર્યાં છે, ખુદાની કસમ ! તમારામાંથી એક પણ જીવતો પાછો નહીં આવે.

હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''ખુદાની કસમ ! હું તો જરૂર જઈશ, ભલે મારી સાથે કોઈ પણ ન આવે.''

પછી હુઝૂર ૭૦ અસ્વારોને લઈને "હસ્બુનલ્લાહુ વનિઅમલ વકીલ" પઢતા પઢતા રવાના થયા, બદ્રમાં પહોંચ્યા. ત્યાં આઠ રાત્રીઓ રહ્યા, વેપારનો માલ સાથે હતો એને વેચ્યો, ખૂબ નફો થયો, પછી બધા સહી સલામત મદીના શરીફ પહોંચ્યા. લડાઈ થઈ નહીં, કારણ કે અબૂ સુફયાન અને મક્કાવાસીઓ બીકના માર્યા મક્કા પાછા ચાલ્યા ગયા, તે બાબત આ આયત ઉતરી.

**૧૭૦** : સહીસલામત વેપારનો નફો લઈને.

**૧૭૧** : અને શત્રુના સામના માટે હિમ્મતથી નીકળ્યા જેથી જેહાદનો સવાબ મેળવ્યો.

**૧૭૨** : કે તેણે રસૂલ ﷺની ફર્માબરદારી અને જેહાદ માટે તૈયાર થવાની તૌફીક આપી, અને મુશ્રિકોના દિલોને ભયભીત કરી દીધાં જેથી તેઓ સામનાની હિમ્મત કરી શક્યા નહીં, અને અર્ધમાર્ગેથી પાછા ગયા.

**૧૭૩** : અને મુસલમાનોને મુશ્રિકોના સંખ્યાબળ થી ડરાવે છે જેવું કે નઈમ બિન મસ્ઊદ અશજઈએ કર્યું.

**૧૭૪** : અર્થાત મુનાફિક઼ો અને મુશ્રિકો જેઓ શૈતાનના મિત્રો છે તેમનો ડર ન રાખો.

**૧૭૫** : કારણ કે ઈનામનું આવશ્યક પરિણામ એ છે કે બંદાને માત્ર ખુદાનો જ ડર હોય.

**૧૭૬** : ભલે પછી તે કુરૈશી કાફિર હોય અથવા મુનાફિક઼ો હોય યા યહૂદી સરદારો હોય કે મુર્તદ લોકો હોય. તેઓ તમારા સામના ખાતર ગમે તેટલાં સૈન્યો શણગારે પણ સફળ થશે નહીં.

**૧૭૭** : આમાં કદરિય્યા અને મુઅતઝિલા ફિર્કાઓનો રદીયો છે, અને એ વાતની દલીલ છે કે ભલાઈ અને બુરાઈ અલ્લાહના ઈરાદાને આધિન છે.

**૧૭૮** : એટલે કે મુનાફિક઼ો જેઓ ઈમાનનો કલમો પઢયા પછી કાફિરો રહ્યા અથવા તે લોકો જે ઈમાન સ્વીકારવા શક્તિમાન હોવા છતાં કાફિર જ રહ્યા અને ઈમાન ન લાવ્યા.

**૧૭૯** : હક્ક઼ સાથે દુશ્મનાવટ અને રસૂલુલ્લાહ ﷺનો વિરોધ કરીને, હદીષ શરીફમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ પૂછવામાં આવ્યું કે, **"કયો માણસ સારો છે ?"** ફર્માવ્યું, **"જેની ઉમર લાંબી અને આમાલ સારા હોય તે."** ફરી પૂછવામાં આવ્યું કે, **"ખરાબ કોણ છે ?"** ફર્માવ્યું, **"જેની ઉમર લાંબી અને આમાલ ખરાબ હોય તે."**


## હુસૈની કમીટી (સુન્ની) મોરબીની મદદની અપીલ

હુસૈન કમિટી (સુન્ની) મોરબીમાં છેલ્લા ૪૪ વર્ષ થયા મઝહબે સુન્નત વ જમાઅત શાનદાર ખિદમત અંજામ આપી રહેલ છે. આ કમિટી દ્વારા ઈલ્મેદીનની જાણકારી માટે જુદા જુદા અનેક વિષયો અને કુર્આન હદીષ તથા સહાબાએ કિરામ, ઔલિયાએ કિરામની રોશનીમાં અનેક પ્રકાશનો મફત તકસીમ કરી ચુકેલ છે અને સમગ્ર ગુજરાત તથા દેશ વિદેશમાં ગુજરાતી ભાષા જાણકાર લોકો સુધી પહોંચાડવાનું નિઃસ્વાર્થ દીની કાર્ય કરી રહેલ છે. આજની કૌમના સખીદાતાઓ, દાનેશ્વર, વિ. અમારી નમ્ર ગુજારીશ છે કે આપની પ્યારી દોલતમાંથી... ઝકાત, સદકા, ફિતરા, ઉશ્ર, લિલ્લાહ નઝરોન્યાઝ, ઈસાલે સવાબ વગેરે પ્રકારની ઈમદાદ આ કમિટીને પ્રચાર કાર્ય, તથા દીન અને દુન્યવી એજ્યુકેશન ક્ષેત્રે વગેરેની પ્રગતિ માટેના ખર્ચને પહોંચી વળ વા માટે આગળ આવી આપની પ્યારી કમિટીની જોલી ભરી આપશો અને સવાબે જારીયાહના હકદાર થવા તથા સંસ્થાને આર્થીક રીતે મજબુત બનાવવા નમ્ર અપીલ કરવામાં આવે છે. *(રજૂ. મેહબૂબ પીલુડીયા)*

**મદદ મોકલવાનું સરનામું**

**હુસૈની કમીટી (સુન્ની) મોરબી**
લાતી પ્લોટ શેરી નં. ૮ની સામે, મોરબી,
૩૬૩૬૪૧ (ગુજરાત)મો. ૯૮૨૫૧૩૩૨૭૪

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બેંક
એકાઉન્ટ નંબર :
**૧૦૬૬૯૭૧૯૭૪૭**

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

## باب فضل الاذان واجابة المؤذن

## (બાબો ફઝ્લુલ્ અઝાન વઈજાબતિલ્ મુઅઝ્ઝિન)

### પ્રકરણ : અઝાન તથા મોઅઝ્ઝિનનો જવાબ આપવાની ફઝીલત[1]

**૧.** અઝાન આપવાની ફઝીલતો અસંખ્ય છે. હક્ક એ છે કે અઝાન કરતાં ઈમામત અફઝલ છે. નબી કરીમ ﷺએ કદી અઝાન નથી આપી. જે રિવાયતોમાં હુઝૂર ﷺના અઝાન આપવાનું વર્ણન છે ત્યાં અઝાનનો હુકમ મુરાદ છે. અઝાનનો જવાબ અમલી પણ છે અને કૌલી પણ. અમલી જવાબ તો મસ્જિદમાં હાજર થવું છે, અને કૌલી જવાબ અઝાનના શબ્દોને દોહરાવવું છે. સહીહ એ છે કે પ્રથમ અઝાન સાંભળવા પર દુનિયવી વાતોથી ખામોશ થઈ જવું અને જવાબમાં અઝાનના શબ્દો અદા કરવા વાજિબ છે. હા ! ખાવા ખાનારો, ઈસ્તિન્જા કરનાર, ઈલ્મે દીન પઢનાર આ હુકમથી અપવાદ છે.

**(વિભાગ : ૧)** હઝરત મુઆવિયહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે, અઝાન આપનારા લોકો કયામતના દિવસે લાંબી ગરદનોવાળા હશે.[1] *(મુસ્લિમ)*

**૧.** એટલે ઊંચી ગરદન અથવા ઊંચા માથાવાળા હશે અથવા માથુ ઉઠાવીને રબની રહમતની રાહ જોતા અથવા ઊંચા કદવાળા હશે, કે દૂરથી ઓળખાય જશે. એ મતલબ નથી કે એમનાં શરીરો નાનાં અને કેવળ ગરદનો લાંબી હશે, કે એ બેડોળ લાગતુ હોય છે. અમુક મુફસ્સિરોએ اعناقને હમ્ઝાના ઝેરથી પઢયું તેજ ગતિ તથા લાંબા ડગલાંના અર્થમાં એટલે કે **મોઅઝ્ઝિનો જન્નતની તરફ દોડતા દોડતા લાંબા ડગલે જશે અને બીજાઓ કરતાં પહેલા જન્નતમાં પ્રવેશી જશે.**

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું નબી કરીમ ﷺએ કે જ્યારે નમાઝની અઝાન આપવામાં આવે છે[1] તો શૈતાન પાદતો પાદતો નાસે છે, ત્યાં સુધી કે અઝાન ન સાંભળે.[2] પછી જ્યારે અઝાન ખત્મ થઈ જાય છે તો આવી જાય છે, ત્યાં સુધી કે નમાઝની તષ્વીબ કહેવામાં આવે છે તો ભાગી જાય છે[3] જ્યારે તષ્વીબ ખત્મ થઈ જાય છે તો આવી જાય છે જેથી ઈન્સાનના દિલમાં વસવસા નાખે. કહે છે, ફલાણી ફલાણી ચીજ યાદ કર[4] તે ચીજો જે એને યાદ ન હતી. ત્યાં સુધી કે માણસ નથી જાણતો કે તેણે કેટલી રકાત પઢી[5]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** ચાહે નમાઝમાં બોલાવવા માટે આપવામાં આવે અથવા કોઈ અન્ય મકસદના માટે, જેમ કે બાળકના કાનમાં અથવા દફન બાદ કબ્ર પર વગેરે. لِلصَّلٰوۃِ એટલા માટે ફર્માવ્યું કે કોઈ અઝાનનો શાબ્દિક અર્થ ન સમજી બેસે.

**૨.** અહીં ભાગવાનો (નાસવાનો) જાહેરી અર્થ જ મુરાદ છે અને અઝાનમાં દૂર થવું શૈતાનની તાષીર છે એટલા

માટે તાઊન (પ્લેગ) ફેલવા પર અઝાન કહેવડાવે છે કે આ વબા જિન્નાતની અસરથી છે. બાળકના કાનમાં અઝાન આપવામાં આવે છે કે એના જન્મ પર શૈતાન મૌજૂદ હોય છે જેના મારથી બાળક રડે છે. દફન બાદ કબ્રના સિરહાને અઝાન આપવામાં આવે છે કેમ કે એ મૈયતની કસૌટી અને શૈતાનના બહેકાવવાનો સમય છે. એની બરકતથી શૈતાન ભાગી જશે તેમજ મૈયતના દિલને સુકૂન મળશે, નવા ઘરમાં દિલ લાગી જશે, નકીરૈનના સવાલોના જવાબો યાદ આવી જશે. એની સંપૂર્ણ તેહકીક઼ અમારી કિતાબ જાઅલ હક્ક઼ (ભાગ–૧)માં જુઓ. પાદવાથી મુરાદ તેની અતિશય કક્ષાની બેઈજ્જતી તથા ભય છે કે આવી હાલતમાં ડરવાવાળો વા સરાવતો સરાવતો ભાગ્યા કરે છે.

**૩.** તષ્વીબથી મુરાદ ઈક઼ામત એટલે તકબીર છે. એમાં પણ અઝાન જેવી અસર છે.

**૪.** ચીજોથી મુરાદ નમાઝ સાથે અસંબંધિત ખયાલો છે. અનુભવ એ છે કે નમાઝમાં તે વાતો યાદ આવે છે જે નમાઝની બહાર યાદ નથી આવતી. આ પરથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ શૈતાનને માણસોના દિલો પર તસર્રુફ (સત્તા ચલાવવા)ની શક્તિ આપી છે. માણસોની આઝમાઈશના માટે ગમે તેટલી કોશિશ કરવામાં આવે પણ એ વસવસાઓથી સંપૂર્ણપણે છૂટકારો નથી મળતો. જેથી જોઈએ કે વસવસાઓની પરવા ન કરે અને નમાઝ પઢતો રહે. માખીઓના કારણે ખાવાનું ન છોડે.

**૫.** ફિક઼હી મસ્અલો એ છે કે જો પ્રથમ વાર આ બનાવ ઉપસ્થિત થાય તો નવેસરથી નમાઝ પઢે, અને જો વસવસો આવ્યા કરતો હોય તો ઓછી રકાતોનો લેહાઝ કરે. દા.ત. જો શંકા થઈ ગઈ કે ચાર પઢી કે ત્રણ, તો ત્રણ માને. આ હદીષથી માલૂમ પડયું કે ક્યારેક અફઝલથી મફઝૂલની તાષીર વધી જાય છે. જુઓ નમાઝ, તિલાવતે કુર્આન અને રૂકૂઅ તથા સજદાઓથી શૈતાન નથી ભાગતો, પણ ભાગે છે તો અઝાનથી ! જ્યારે અઝાન કરતાં નમાઝ અફઝલ છે. હુઝૂર ﷺ ફર્માવે છે કે ઉમર رضی اللہ عنہ થી શૈતાન ભાગે છે, જ્યારે કે અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ અફઝલ છે.

*હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે મોઅઝ્ઝિનના છેવટ સુધીના અવાજને કોઈ જિન તથા ઈન્સાન તથા અન્ય ચીજો નથી સાંભળતી, પણ ક઼યામતના દિવસે તેની ગવાહી આપશે.[૧] (બુખારી)*

**૧.** અર્ઝ કરશે કે, મૌલા ! આ મુસલમાન છે, નમાઝી છે, અમે તેને અઝાન આપતાં જોયો અને કલમએ શહાદત પઢતાં સાંભળ્યો. હદીષ તદ્દન જાહેરી અર્થમાં જ છે કોઈ પ્રકારની તાવીલ (અર્થઘટન)ની જરૂરત નથી. અલ્લાહ તઆલાએ જાનવરો તથા વનસ્પતિઓને સમજ, બોલવાની શક્તિ, સાંભળવાની શક્તિ બખ્શી છે. એમાંથી દરેકની સાબિતી કુર્આન કરીમની સ્પષ્ટ આયતોથી છે. મિર્ક઼ાતમાં આ જગાએ એક હદીષ નક઼લ થયેલ છે કે દરરોજ સાંજના સમયે પહાડો એક બીજાને પૂછે છે કે શું તારા પરથી કોઈ અલ્લાહનો ઝિક્ર કરવાવાળો પણ પસાર થયો ? જ્યારે એમનામાંથી કોઈ કહે છે કે હા ! તો સૌ ખુશ થાય છે. જોઈએ કે અઝાન મોટા અવાજે આપવામાં આવે જેથી અધિક ગવાહો મયસ્સર થાય. લગભગ જિનમાં ફરિશ્તા પણ સામેલ છે અને માણસોથી આમ માણસો મુરાદ છે. *....ક્રમશઃ*


**:: મદદની અપીલ ::**

**સુન્ની મુસ્લિમ કમિટી**

*(ઠે. હવેલી શેરી, ગોંડલ, સૌરાષ્ટ્ર)*

ગુજરાતી સાહિત્ય પ્રકાશન ખાતે વર્ષોથી અણમોલ કિતાબો પ્રસિદ્ધ કરી રહી છે. તેને આપની **લિલ્લાહ, ઝકાત, ખૈરાત, સદક઼ા**...વગેરેની રકમો આપી રમઝાનના મુબારક મહિનામાં જરૂરથી સહાયમાં યાદ રાખશો એવી અપીલ છે.

*–સુન્ની મુસ્લિમ કમિટી (ગોંડલ)*

# હ઼દાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**ખુલે કયા રાઝે મહબૂબો મુહિબ્બ મસ્તાને ગફલત પર**
**શરાબે قَدْ رَأى الحق (ક઼દરાઉલ હક્ક઼) ઝેબ જામે من رانی (મન રઆની) હૈ**

*(قَدْ رَأى الحق = હદીષ من رانی فقد رای الحق "જેણે મને જોયો તેણે હક્ક઼ જોયો."નો અંતિમ હિસ્સો, ઝેબ = પહેરવું)*

**અર્થાત :** લોકો જેને ગાફેલ સમજે છે એ ગફલતના મસ્તો પર મહાન મહાન અજબનાં રહસ્યો ખુલ્લા પડે છે, કેમ કે મહબૂબનો જલ્વો એક એવા પર્દામાં છે કે قَدْ رَأى الحق "એણે હક્ક઼ જોયો"ની શરાબ તે જ પીએ છે જે من رانی "જેણે મને જોયો"ને જામ હાથમાં લે છે. આ હદીષ મિશ્કાત શરીફમાં પેજ : ૩૯૪ પર છે. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, જેણે મને જોયો તેણે હક્ક઼ જોયો." આ હદીષને અમુક હદીષોથી મિલાવીશું તો અર્થ સમજવામાં આસાની થશે. બુખારી શરીફની અમુક હદીષો આ પ્રમાણે છે :–

و محمد حق "અને મુહમ્મદ હક્ક઼ છે." આ લાંબી હદીષનું એક વાક્ય છે. એમાં છે, જન્નત હક્ક઼ છે, દોઝખ હક્ક઼ છે...... વગેરે.

એક હદીષમાં છે, "જેણે મને ખ્વાબમાં જોયો તેણે યક઼ીનન ! મને જ જોયો. فان الشیطان لا یتمثل بی કેમ કે શૈતાન મારુ સ્વરૂપ નથી અપનાવી શકતો." *(બુખારી, મિશ્ક઼ાત, પેજ : ૩૯૪)*

એક હદીષમાં ફર્માવ્યું, "જેણે મને ખ્વાબમાં જોયો તો નજીકમાં જ મને જાગતાંમાં પણ જોશે." (મૌતના સમયે અથવા જિંદગીના કોઈ પણ મોડ પર જેમ કે ઈમામ જલાલુદ્દીન સિયૂતી رضی اللہ عنہને જાગૃતાવસ્થામાં ૭૨ વખત હુઝૂર ﷺની ઝિયારત (દીદાર) નસીબ થવું મશહૂર છે) ولا یتمثل الشیطان بی, "અને શૈતાન મારી સૂરત અપનાવવાની હિંમત નથી કરતો." *(બુખારી, પેજ : ૨૫, મિશ્ક઼ાત, પેજ : ૪૯૪, મુસ્લિમ શરીફ, પેજ : ૨/૨૪૩)*

હવે એક હદીષ વધુ જોઈ લો તો શેઅરને સમજવાની કોશિશ ઈન્શાઅલ્લાહ ! કામયાબ થશે કે આ મસ્તોને કેવી રીતે જલ્વા જોવા મળે છે. આપ ﷺએ ફર્માવ્યું :–

رب اشعث اغبر مدفوع بالا بواب لو اقسم علی اللہ لابرہ (او کما قال النبی ﷺ) "ઘણા બધા લોકો જેમના વાળ વિખેરાયેલા અને ધૂળમય હોય છે, દરવાજાઓ પરથી ધક્કા દઈને ખસેડી મૂકવામાં આવે છે. પરંતુ અલ્લાહને ત્યાં એમનો એ મક઼ામ હોય છે કે જો કોઈ વાત પર ક઼સમ ખાયને અડી જાય કે આવું જ થશે ! તો અલ્લાહને તેમની ક઼સમની હયા આવે છે અને તેમની ઝબાનને તક઼દીર ઠરાવી દઈને એવું જ કરી આપે છે જેવું તેમણે કહ્યું." કોઈએ આ મોક઼ા પર જ કહ્યું : *ખાકસારાને જહાં રા બહિકારત મંગર–તૂ ચેહ દાની દરીં ગર્દ સવારે બાશદ*

આ શેઅરનો ભાવાર્થ મૌલાના ફયઝ અહમદ ઉવૈસી સાહબ (رحمۃ اللہ علیہ)એ આ પ્રમાણે વર્ણવ્યો છે કે ગફલતની નીંદ સૂનારાઓ પર મહબૂબ તથા મોહિબ્બનું રાઝ કેવી રીતે ખુલી શકે છે, કેમ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જામમાં દીદારે ઈલાહીની શરાબ ભરેલી હોય છે. (વલ્લાહુ તઆલા અઅ્‌લમુ બિસ્સવાબ) તેમણે શેઅરમાં "કયા" શબ્દને ઈસ્તિફહામિયહ (પ્રશ્ન સૂચક) ઠરાવ્યો છે, જ્યારે કે મેં ઈસ્તિઅજાબ (આશ્ચર્ય) માટેના પ્રતિક તરીકે સમજૂતી કરી છે.

સમજૂતી જે પણ હોય શેઅરમાં વર્ણવેલ હદીષથી આ અક઼ીદો તો જરૂર સ્પષ્ટ થાય છે કે :–

*કુર્આનને ખોલા આયએ مَا يَنْطِقُ (મા યન્તિ઼કુ)સે રાઝ–અલ્લાહ કા કલામ હૈ ઈર્શાદે આં હુઝૂર*
*કુફ્ફાર કે દિલોંમેં ઉતરતી ચલી ગઈ–હિકમતસે પુરથી દઅવતો ઈર્શાદ આં હુઝૂર*
*–(રાજા રશીદ મહમૂદ–૯૮)*

**જહાં કી ખાક રૂબીને ચમન આરા કિયા તુઝકો**
**સબા હમને ભી ઉન ગલિયોં કી કુછ ખાક છાની હૈ**

*(ખાક રૂબી = માટી ખંખેરવી, સફાઈ કરવી, ચમન આરા = બાગને સંવારવો, સબા = હવા)*

**અર્થાત :** હે બાદે સબા ! (ઠંડી હવા) મદીના તયબહની ગલીઓની સફાઈ કરવા પર તને ચમનઆરા (બાગને શણગારનાર) હોવાનું સંમાન હાંસલ થયું છે તો ખૂબ મુબારક છે. પરંતુ અમારી સામે ગર્વ કરવાની એટલા માટે જરૂર નથી કે જે ગલીઓની તે માટી સાફ કરી છે, કેટલાક દિવસો અમે પણ એ મુબારક ગલીઓની ખાક છાનતા રહ્યા છીએ !

**શહા કયા ઝાત તેરી હક઼્ક઼ નુમા હૈ ફ઼ર્દા મકાં મેં**
**કે તુઝસે કોઈ અવ્વલ હૈ ન તેરા કોઈ ષાની હૈ**

*(ફ઼ર્દા મક઼ાંમેં = આલમે મુમ્કિનાતમેં, હક઼્ક઼નુમા = હક઼્ક઼ બતાવનાર)*

**અર્થાત :** હે દુર્રે યતીમ ! પ્યારા આક઼ા ! જેવી રીતે અલ્લાહ તઆલાએ આપને વાલિદા માજિદાના પેટથી એકલા પેદા ફર્માવીને (આપનાં કોઈ બહેન ભાઈ ન હતાં. જે છીપમાં એક મોટી બને તે મોતીને દુર્રે યતીમ કહે છે) અલ્લાહે આપને અજોડ બનાવ્યા છે. એ જ પ્રમાણે ન કોઈ આપથી મખ્લૂક઼માં આપનાથી પહેલો હતો (اول ما خلق اللّٰہ نوری۔ کنت نبیا و ادم بین الماء والطین) અને ન કોઈ આપના સમાન પેદા થયો છે ન થશે. એટલા માટે તો આપની જાત હક઼્ક઼નું માર્ગદર્શન કરનારી જાત છે.

**કહાં ઉસ કોશકે જાને જિનાંમેં ઝરકી નક઼્ક઼ાશી**
**ઈરમ કે તાઈરે રંગે પરીદા કયા નિશાની હૈ**

*(કોશક = ઊંચો મહેલ, જાને જિનાં = જન્નતીઓની જાન, ઈરમ કે તાઈર = જન્નતનું પક્ષી, પરીદા = રંગ ઉડેલુ)*

**અર્થાત :** (રોઝએ અન્વર ﷺ જન્નતની પણ જાન છે) અને આ જન્નતની જાન કાશાનાએ નબુવ્વતમાં સોનાનું નકશીકામ હુસ્નો જમાલ નથી જેને જોઈને જન્નતનાં પક્ષીઓ આશ્ચર્યમાં છે, અને એના રંગો ઉડેલા એની નિશાની છે. કેમ કે સોનાનું નકશીકામ હોય તો શું આશ્ચર્ય હતું ? જેવું કે એના પહેલાં એક શેઅરમાં ફર્માવવામાં આવ્યું કે : *સૂરજને ચપ્પે ચપ્પે મેં ઝબીં સાઈ કી હૈ*

**ذِیَابٌ فِیْ ثِیَابٍ (ઝયાબ ફી થિયાબ) લબ પે કલ્મા દિલમેં ગુસ્તાખી**
**સલામ ઈસ્લામ મુલ્હિદ કો કે તસ્લીમે ઝબાની હૈ**

**અર્થાત :** (તે દૌર આવી ચૂક્યો છે જેના બારામાં ફર્માવવામાં આવ્યું કે એવા લોકોથી બચો જેઓ આખર જમાનામાં જાહેર થશે. સખત ધોકાબાઝ (દજ્જાલ) એવી વાતો કરશે જે તમારા બાપ દાદાએ પણ સાંભળી નહીં હોય. ایا ھم لا یضلونکم ولا یفتنو نکم તેમનાથી બચો કે ક્યાંક તમને ગુમરાહીના ફિત્નામાં ન નાખી દે.) *(મિશ્કાત, પેજ : ૨૮)* આ તે જ લોકો છે કે જેઓ માનવ લિબાસમાં વરૂઓનો રોલ ભજવી રહ્યા છે. એમની ઝબાન પર કલ્મો તો છે જેને હથિયાર રૂપે વાપરે છે પણ દિલની ગુસ્તાખી જાહેર નથી કરતા. (નબી મરીને માટીમાં મળી ગયા, નબીની તા'ઝીમ મોટા ભાઈ જેટલી કરો, નબી પોતાના અંજામથી પણ બેખબર છે, નબીના ચાહવાથી કાંઈ થતુ નથી, નબી તો અલ્લાહની સામે નાચીઝ રજકણથી પણ તુચ્છે છે......વગેરે) આવા બેદીનોનું પોતે પોતાને મુસલમાન કહેવું પણ મોઢાની બોલી છે. તેમને દૂરથી આવતાં જુઓ તો તેનાથી દૂર થઈ જાવ. (واذا خاطبھم الجاھلون قالو اسلاما)

**યે અકષર સાથ ઉનકે શાના વ મિસ્વાક કા રહના**
**બતાતા હૈ કે દિલ રેશોં પે ઝાઈદ મહેરબાની હૈ**

*(દિલ રેશ = ઝખ્મી દિલવાળો, શાના = કાંસકી, ઝાઈદ = વધારે)*

**અર્થાત :** નબી અકરમ ﷺનું દરેક સમયે કાંસકી તથા મિસ્વાક પોતાની પાસે રાખવું બતાવે છે કે આપ علیہ الصلوٰۃ والسلامને ઝખ્મી દિલ ઉમ્મતીઓથી કાંઈક અધિક પ્યાર હતો. કાંસકીના દાંતાએ અને મિસ્વાકના રેસાઓથી ઝખ્મી દિલ (દિલ રેશ) ઉમ્મતીઓ પર અધિક મહેરબાની હોવાની દલીલ પુરવાર કરવું કેટલું સરસ દિલને ખુશ કરનારુ છે.

**ઈસી સરકાર સે દુન્યાઓ દીં મિલતે હૈં સાઈલ કો**
**યહી દરબારે આલી કન્ઝે આમાલ વ અમાની હૈ**

*(કન્ઝ = ખજાનો, આમાલ = અમલનું બહુવચન અર્થ ઉમ્મીદ આરઝૂ, અમાની = તમન્ના)*

**અર્થાત :** આપણા આકા ﷺનો દરબાર જ તે દરબારે મુઅલ્લા છે કે જેનાથી દીન તથા દુનિયાની દરેક નેઅમત મળે છે. માગવાવાળાઓ માટે આપની બારગાહ દુનિયા તથા આખેરતની તમન્નાઓ તથા આરઝૂઓને પ્રાપ્ત કરવાનો ન ખત્મ થનારો ખજાનો છે. જન્નત તલાશ કરનારાઓને જન્નત મળે, ઈમાન તથા હિદાયતના તાલિબોને ઈમાન તથા હિદાયત મળે, આ જ બારગાહથી કુર્આન, ઈમાન, રમઝાન તથા રબ્બે રહમાન મળે છે. દરેક મુરાદવાળાની જોલી ભરી દેવામાં આવે છે અને કોઈને ઈન્કાર કરવામાં નથી આવતો, બલ્કે દરેક પોતાની તંગ દામનીની ફરિયાદ કરતા જોવા મળે છે : *જોલી હમારી હી તંગ હૈ તેરે યહાં કમી નહીં !*

**દુરૂદેં સૂરતે હાલા મુહીત માહે તયબહમેં**
**બરસતા ઉમ્મતે આસીપે અબ રહ્‌મત કા પાની હૈ**

*(હાલા = ચાંદની ફરતેનું વર્તુળ, મુહીત = ઘરેલુ)*

**અર્થાત :** આપણા આકા ! علیہ الصلوٰۃ والسلام (તયબહના ચાંદ)ની આસપાસ ઉમ્મતીઓના દુરૂદો સલામે એ પ્રમાણે

વર્તુળ બનાવેલું છે જેમ કે ચાંદની આસપાસ વર્તુળ હોય છે, જે એ વાતની નિશાની સમજવામાં આવે છે કે રહ્મતની વર્ષાનો નુઝૂલ થવાનો છે. અને માહે તયબહ (મદીનાના ચાંદ)ની આસપાસ દુરૂદોનું વર્તુળ બતાવી રહ્યું છે કે હમણા આપના પર મહોબ્બતની સાથે દુરૂદો સલામ મોકલનારાઓ પર આપ علیہ الصلوٰۃ والسلامની રહમત છમાછમ વરસવાવાળી છે.

*ફિરદોસમેં વો જા ન સકેગા કિસી ભી તૌર–ઉન પર દુરૂદ ભેજનેમેં જો ભી બખીલ હૈ (صلی اللہ علیہ وسلم)*

**તઆલલ્લાહ ! ઈસ્તગ્ના તેરે દરકે ગદાઓંકા**
**કે ઉનકો આર ફર્રો શૌકતે સાહિબે કુર્આન હૈ**

*(તઆલલ્લાહ ! = અલ્લાહ મહાન છે. આશ્ચર્યના મોકા પર બોલાય, આર = શરમ, ફર્ર = શાનો શૌકત)*

**અર્થાત :** હે મારા આકા ! صلی اللہ علیہ وسلم આપના દરબારના માગનારાઓની શાને ઈસ્તગ્ના (બેપરવાહીની શાન)નો એ આલમ છે કે તેઓ મહાન મહાન શાનો શૌકત તથા રૂઆબ અને દબદબાવાળા બાદશાહોને પણ ગણત્રીમાં લેતા નથી, કેમ કે આપની અઝમત તથા શાનની સમક્ષ કોઈની જાહોજલાલ શું હૈસિયત ધરાવે છે ?! (જો સાહિબે કુર્આની પેશ સાથે પઢે તો ઉપરવાળો અર્થ થશે, પણ તેના બદલે સાહિબે કિ઼રાની ઝેર સાથે પઢવામાં આવે તો સાહિબે કિ઼રાની અમીર તૈમૂરનો લક઼બ છે, જેને શાનવાળો સમજવામાં આવે છે.)

*સબકુછ તુમ્હારે વાસ્તે પૈદા કિયા ગયા–સબ ગાયતોં કી ગાયતે ઉલા તુમ્હી તો હો*
*આલમે આબો ખાકમેં તેરે ઝહૂરસે ફરોગ–ઝર્રએ રેગ કો દિયા તૂને તુલૂએ આફતાબ*

**વો સરગર્મે શફાઅત હૈં અર્ક઼ અફશાં હૈ પેશાની**
**કરમ કર ઈત્રે સંદલ કી ઝમીં રહમત કી ઘાની હૈ**

*(સરગર્મ : વ્યસ્ત, અર્કઅફશાં : પેશાનીથી પરસેવો પડવો, ઈત્રે સંદલ : ખુશ્બોદાર લાકડીની ખુશ્બુ)*

**અર્થાત :** હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمની પેશાની અન્વરનાં પરસેવાનાં ટીપાંઓ એવું દર્શાવી રહ્યાં છે કે આપ صلی اللہ علیہ وسلم ઉમ્મતની શફાઅતને માટે ખૂબ જ વ્યસ્ત છે જાણે રહમતની ઘાણી (ચક્કી)માં સંદલની જમીન પર (બખ્શિશ)નું ઈત્ર કાઢી રહ્યા છે, જેથી કરીને ઉમ્મતના ધૂળમય સૂકા વાળોને રહમત તથા કરમના ઈત્ર વડે સાફ સ્વચ્છ કરી આપે. (જેઓ બખ્શિશના માટે દોડી દોડીને ધૂળવાળા થઈને વિખેરાય ગયા છે જેથી તેમની પરેશાન હાલી ખત્મ થાય. વાળોનું વેર વિખેર હોવું દિલની પરેશાની માટે દલીલ પૂરી પાડે છે અને તેમની દુરુસ્તગી દિલી ઈત્મિનાન પ્રદર્શિત છે.) એક જગાએ આ'લા હઝરત આ પ્રમાણે ફર્માવે છે :–

*અંબરઝમેં ઉબેર હુવા મુશ્તકતર ગુબાર–અદના સી યે શનાખ્ત તેરી રાહ ગુઝર કી હૈ*

**યહ સર હો ઔર વો ખાકે દર હો ઔર યહ સર**
**'રઝા' વો ભી અગર ચાહેં તો અબ દિલમેં થાની હૈ**

**અર્થાત :** (ગદાએ દરે ખયરુલ વરા ઔર અબ્દે મુસ્તફા) અહમદ રઝાએ પાકો નિશ્ચય કરી લીધો છે કે જો હુઝૂર ક઼બૂલ ફર્માવી લે અને અય કાશ ! એવું થઈ જાય કે હવે જ્યારે દરબારે રિસાલત મઆબ صلی اللہ علیہ وسلمની હાજરી થાય તો મારુ સર આલમે બેખુદીમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ચોખટ પર રાખી દઉં અને વાંધો ઉઠાવવાવાળાઓને એવું કહું કે : *યહ સર, સરે ઝાહિદ નહીં સૌદાઈ કા સર હૈ–તા ઉમ્ર કીએ જાઉંગા ઈસ દર હી પે સજદે*




❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદકો ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સવારીઓ

પહેલાંના જમાનામાં આજની જેમ બસ, મોટર, રેલગાડી તથા વિમાનો ન હતાં. એટલા માટે લોકો જાનવરો પર સફર કરતા હતા. આપણા આકા علیہ الصلوٰۃ والسلام ની પાસે સવારીનાં જે જાનવરો હતાં તેની વિગત આ પ્રમાણે છે :–

સાત ઘોડા હતા જેમનાં નામો આ પ્રમાણે છે : સકબ, લહીફ, શજાઅ્, ઝર્બ, લહાઝ, મુર્તજિઝ, અલ્વર્દ.

**ગધેડાં** : (અરબી ગધેડાં જે ઘોડાથી અધિક ખૂબસૂરત હોય છે.) આ ત્રણ હતાં :–

**અફીરા** : જે મકૂકસે મોકલ્યું હતું. એક ફિરોતુલજઝામીએ, એક સઅદ બિન ઓબાદા એ મદીનામાં પેશ કર્યું.

**ખચ્ચર** : પાંચ હતા : દુલદુલ : મકૂકસે મોકલ્યું હતું. ફઝા, ફિરોતુલ જઝામીએ મોકલ્યું હતું. એક ઈલાના હાકિમે પેશ કર્યું હતું. એક દૂમતુલ જંદલના હાકિમે મોકલ્યું હતું. એક નજાશી બાદશાહે હબશાથી મોકલ્યું હતું.

**ઊંટણીઓ** : બે હતી. નામ આ પ્રમાણે છે :

**કૃસ્વા** : આ તે જ ઊંટણી છે જેના પર સવાર થઈને આપે હિજરત કરી હતી. અને હજ્જતુલ વિદાઅના મોકા પર એની જ પીઠ પરથી આપે ખુત્બો આપ્યો હતો.

**અઝબ** : આ ઘણી તેજ રફતાર ઊંટણી હતી.

વફાતના સમયે જે સવારીના જાનવરો મૌજૂદ હતાં. એમાં લહીફ નામી એક ઘોડો હતો અને એક ખચ્ચર જેનું નામ દુલદુલ હતું. એની ઉમર ઘણી વધારે હતી. હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના જમાના સુધી જીવંત રહ્યું.

## શસ્ત્રો

રસૂલે અકદસ صلی اللہ علیہ وسلم ની પાસે નવ તલ્વારો હતી. દરેકનાં નામ આ પ્રમાણે છે : ઝુલ્ફિકાર, કલઈ, અલબત્તાર, અલ્ષખનફ, અર્રસૂબ, અલ્મિખ્દમ, અલ્કઝીફ. ઝુલ્ફિકાર આપે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને આપી દીધી હતી.

બખ્તરો સાત, કમાનો છ, કમંડળ એક, ઢાલ એક, બરછીઓ પાંચ, ખૂદ (લોખંડની ટોપી) બે, જબ્બા ત્રણ, મોટો ઝંડો એક. એ ઉપરાંત અમુક નાના નાના ઝંડા પણ હતા. એક તંબૂ હતો.

## વિશિષ્ટતાઓ

આપણા આકા મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની વિશિષ્ટતાઓ એટલી છે કે ગણત્રીમાં નથી આવી શકતી. અલ્લાહ તઆલાએ આપને દરેક ચીજથી

પહેલાં પોતાના નૂરથી પેદા કર્યા. અંબિયા, ફરિશ્તા, જમીન, આસ્માન અને દુનિયાની સર્વ ચીજોને આપના નૂર વડે બનાવી. દરેક પ્રકારની ખૂબીઓ આપને અતા કરી. કોઈ શખ્સ કોઈ ખૂબીમાં આપણા રસૂલ ﷺના બરાબર નથી થઈ શક્તો. અલ્લાહ તઆલાએ આપને પોતાના સર્વ ખજાનાઓની કૂંજીઓ અતા ફર્માવી. દીન તથા દુનિયાની સર્વ નેઅમતોને આપનાર અલ્લાહ છે અને વહેંચનારા આપણા આક઼ા છે.

જ્યારે આપ પેદા થયા તો સર્વ મૂર્તિઓ મોંઢાભેર ગબડી પડી અને પેદાઈશના સમયે એક એવી રોશની ફૂટી કે એ રોશનીમાં આપના વાલિદા માજિદા હઝરત આમિના رضی اللہ عنہاએ શામના મહેલોને જોઈ લીધા. ચાંદને જે તરફ ઈશારો કરતા એ બાજુ ઝુકી જતો. ક્યારેક વાદળો આપના પર સાયો કરેલ રહેતાં. જેવી રીતે આપ સામે જોતા એ જ પ્રમાણે પાછળ પણ જોતા. આપની આંખો સૂતી હતી અને દિલ જાગૃત હતું. આપનો પસીનો મુશ્ક (કસ્તૂરી)થી વધુ ખુશ્બોદાર હતો. આપનો પડછાયો જમીન પર પડતો ન હતો. આપનાં પેશાબ પાખાનાને જમીન ગળી જતી હતી. આપ સૌ પ્રથમ જન્નતમાં જશે. આપ સૌ પ્રથમ નબી છે, અને સર્વ નબીઓના છેલ્લે દુનિયામાં તશરીફ લાવ્યા. ક઼યામત સુધી આપના બાદ કોઈ નબી થશે નહીં, અને આપની ઉમ્મત પછી કોઈ ઉમ્મત થશે નહીં.

સર્વ નબી ખુદા તઆલાના બરગુઝીદા (ચહીતા) છે અને આપણા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ એમનામાં સૌથી અફઝલ છે. અલ્લાહે આપને આપણી હિદાયતના માટે મોકલ્યા. તેમને ગયબની વાતો બતાવી અને સર્વ ચીજોનો ઈલ્મ આપ્યો. સારાંશ કે અલ્લાહ તઆલાએ આપણા નબી علیہ الصلوٰۃ والسلامને દરેક પ્રકારના કમાલથી નવાઝયા.

દીની ભાઈઓ ! બહેનો ! રસૂલે અકરમ ﷺની આ અમુક ખૂબીઓ, વિશિષ્ટતાઓ અમે વર્ણવી, એનો મતલબ એ નથી કે આપની કેવળ આટલી વિશિષ્ટતાઓ હતી, નહીં ! બલ્કે આપની વિશિષ્ટતાઓ ઘણી છે. બસ એટલુ જાણી લો કે તે ખૂબીઓ જે સર્વ અંબિયાએ કિરામમાં મૌજૂદ છે અલ્લાહ તઆલાએ તે સર્વ, બલ્કે એના કરતાં પણ વિશેષ આપને અતા કરી. અલ્લાહની સૌ પ્રથમ મખ્લૂક઼ આપ જ છે. અને આપના જ સબબે પૂરી દુનિયા બનાવવામાં આવી. જો આપને પેદા કરવાનો હેતુ ન હોત તો અલ્લાહ તઆલા દુનિયાને પણ પેદા ન કરતા.


## સખીદાતાઓને મદદની અપીલ

**ક઼ાદરી સુન્ની કમિટી (અહમદાબાદ)**એ અત્યાર સુધી લગભગ ૧૨ પ્રકાશનો સુંદર કાગળમાં, ભારે આર્ટ પેપરવાળા ૪ કલર રંગીન ટાઈટલ સહિત છાપીને સમસ્ત ગુજરાતમાં ઘેરે ઘેર ફ્રીમાં મોકલેલ છે. આજની આ કપરી મોંઘવારી અને પ્રિન્ટીંગના સતત એકધારા વધતા જતા ભાવોને ધ્યાનમાં રાખીને આપ વિચારો કે આટલા સુંદર પ્રકાશનો આટલી મોટી સંખ્યામાં છાપી ઘેરે ઘેર ફ્રીમાં પહોંચાડવાં એ કેટલી બધી મહેનત પરિશ્રમ અને કેટલો જંગી ખર્ચ માંગી લે છે. હવે આપ સૌ સુન્ની સખી દાનવીર દાતાઓને નમ્ર અપીલ છે કે આપની ઝકાત, ફિત્રો, ખૈરાત, લિલ્લાહ, ડોનેશન, ઉશ્ર (ખેતીની ઝકાત), અતિયાત વગેરે આપી, અપાવી સુન્નિયતની આ આગવી કામગીરીને વેગ આપશો. સંપર્ક કરો :–

**ક઼ાદરી સુન્ની કમિટી C/o.** સફીયુલ્લાહબાવા એફ. પીરઝાદા, ૭, અમ્માર ટેનામેન્ટ અતાએ શાહેઆલમ દેના બેંક લેન વિશાલા સર્કલ પાસે, જુહાપુરા, **અમદાવાદ,** પિન : ૩૮૦૦૫૫, મો. ૯૯૧૩૭૬૮૫૫૩

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

## હપ્તો ૧૩ પયગમ્બરે ઈસ્લામ صلی اللہ علیہ وسلم

રજૂકર્તા : હાફેઝ મૂસા વેમી ઝંઘારવી *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

### આપના સંયમનું દૃષ્ટાંત

હઝરત જુબયર બિન મુત્ઈમ رضی اللہ عنہ બયાન કરે છે કે જ્યારે હું અને બીજા લોકો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની સાથે હુનૈનથી (ગનીમત વહેંચ્યા પછી) પાછા આવી રહ્યા હતા. તો જંગલી અરબો આપનાથી વિંટળાઈ ગયા, તેઓ હુનૈનના ગનીમતમાંથી માલ ઈચ્છતા હતા. તેઓએ એટલી જબરદસ્તી કરી કે આપને એક બાવળના ઝાડની નજીક લઈ ગયા, તે ઝાડ સાથે આપની ચાદર મુબારક ફસાઈ ગઈ. આપ ત્યાં જ રોકાય ગયા અને ફર્માવ્યું, મને મારી ચાદર તો આપી દો. જો મારી પાસે આ જંગલના બાવળનાં ઝાડો જેટલાં જાનવરો હોત તો તે બધાયે તમોને બધાંને વહેંચી આપત. અને પછી ન તો તમે મને બખીલ જોતા, ન તો જૂઠ બોલનાર જોતા, અને ન બુઝદિલ જોતા. *(સહીહ બુખારી)*

### આપની સખાવતનો આલમ

હઝરત અબૂઝર رضی اللہ عنہનું બયાન છે કે એક દિવસે હું સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمની સાથે હતો, જ્યારે આપ صلی اللہ علیہ وسلمએ ઓહદ પહાડને જોયો તો ફર્માવ્યું, "જો આ પહાડ મારા માટે સોનાનો બની જાય, તો હું એ વાત પસંદ કરીશ નહીં કે એમાંથી એક દીનાર પણ ત્રણ રાતોથી વધુ રહી જાય, સિવાય કે તે દીનારના કે જેને હું કર્ઝ અદા કરવા માટે રાખી લઉં." *(સહીહ બુખારી શરીફ)*

એક દિવસે અસરની નમાઝની સલામ ફેરવતાં જ તરત આપ આપના મકાન શરીફમાં તશરીફ લઈ ગયા, પછી તરત જલ્દી પાછા આવી ગયા. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને આશ્ચર્ય થયું. તો આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, મને નમાઝમાં ખયાલ આવ્યો કે સદકાનું કાંઈક સોનુ ઘરમાં પડયું છે, મને એ પસંદ ન આવ્યું કે રાત પડી જાય અને એ સોનુ ઘરમાં પડી રહે ! માટે હું ઘરમાં જઈ એને વહેંચી દેવાનું કહી આવ્યો છું.

*(બુખારી શરીફ, કિતાબુત્ તહજ્જુદ)*

### કોઈનો સવાલ કદી રદ ન કરતા

હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ બયાન કરે છે કે એક સ્ત્રી એક ચાદર લઈને આવી. એણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આ મેં મારા હાથથી વણેલી છે તો હું આપને પહેરવા માટે લાવી છું. આપને ચાદરની જરૂરત હતી તેથી આપ علیہ الصلوٰۃ والسلامએ એ લઈ લીધી. પછી આપ અમારી તરફ ચાલ્યા. અને એ ચાદરને તેહબંદ જેમ બાંધી આવ્યા હતા. સહાબાએ કિરામમાંથી એકે ચાદર જોઈ કહ્યું, ચાદર ઘણી જ સારી છે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મને પહેરાવી દો. આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જરૂર ! થોડા સમય પછી મજલિસમાંથી ઉઠીને જતા રહ્યા પછી તે ચાદરની જગાએ બીજી પહેરીને આવ્યા અને પેલી ચાદરને લપેટી તે સહાબીને મોકલી આપી. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ

તેને કહ્યું, તેં સારું ન કર્યું કે રસૂલુલ્લાહ ﷺ પાસેથી તેં ચાદરનો સવાલ કર્યો, જ્યારે કે તને ખબર છે કે આપ ﷺ કોઈ સવાલીનો સવાલ રદ કરતા નથી. એ સહાબીએ ફર્માવ્યું, અલ્લાહની ક઼સમ ! મેં એ ચાદર ફકત એટલા માટે જ માગી છે કે જ્યારે હું મૃત્યુ પામું તો એ ચાદર મારુ કફન બને. હઝરત સહલ رضی اللہ عنہ કહે છે કે, ખરેખર ! એ ચાદર એમનું કફન બની. *(સહીહ બુખારી, કિતાબુલ લિબાસ)*

## કાફિરની અજબની મહેમાનગતિ

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ બયાન કરે છે કે એક કાફિર રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامનો મહેમાન બન્યો. આપના હુકમથી એના માટે એક બકરી દોહવામાં આવી, તો એનું દૂધ પી ગયો. બીજી પણ દોહવામાં આવી તો તેનું દૂધ પણ પી ગયો. પછી બીજી પણ એક દોહવામાં આવી તેનું દૂધ પણ પી ગયો, એવી રીતે એક પછી એક સાત બકરીઓનું દૂધ પી ગયો. સૂઈને સવારમાં ઉઠયો તો ઈસ્લામ લઈ આવ્યો. રસૂલે આ'ઝમ ﷺએ ફર્માવ્યું, એને માટે બકરી દોહવામાં આવે, એ એક બકરીનું દૂધ પી ગયો પછી બીજી એના માટે દોહવામાં આવી પરંતુ તેનું દૂધ પૂરુ કરી શક્યો નહીં. તે પછી રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **ઈમાનદાર (મો'મિન) એક આંતરડીથી પીએ છે, જ્યારે કાફિર સાત આંતરડામાં પીએ છે.** *(સહીહ મુસ્લિમ)*

**નોંધ** : આ મહેમાનનું નામ લગભગ ફઝલા બિન અમ્ર ગિફ઼ારી હતું.

હઝરત બિલાલ મુઅઝ્ઝિન رضی اللہ عنہ નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامના ખજાનચી હતા. એક દિવસે અબ્દુલ્લાહ હવાઝની رضی اللہ عنہએ એમનાથી રસૂલુલ્લાહ ﷺના ખજાનાની સ્થિતિ પૂછી. તો એમણે કહ્યું, રસૂલુલ્લાહ પાસે કાંઈક બાકી બચતું ન હતું. બઅષતથી વફ઼ાત શરીફ સુધી આ ખિદમત મારી પાસે જ હતી. જ્યારે કોઈ નગ્ન, ભૂખ્યો મુસલમાન આપની પાસે હાજર થતો તો આપ મને હુકમ આપતા. તો હું કોઈની પાસેથી ઉધાર ક઼ર્ઝ લઈ આવતો અને ચાદર ખરીદી તેને ઓઢાડતો અને ખાવા ખવડાવતો. એક દિવસે એક મુશ્રિક મળ્યો તે કહેવા લાગ્યો, બિલાલ ! મારી પાસે પૈસાની સગવડ છે. જ્યારે કર્ઝની જરૂર પડે તો મારી પાસેથી લઈ જજે, બીજે ઠેકાણે ન જતો. તે પછી મેં એવું જ કર્યું.

## માલ કદી જમા ન કરતા બલ્કે વહેંચી દેતા

એક દિવસે હું વુઝૂ કરી અઝાન પઢવા લાગ્યો તો જોઉં છું કે તે વેપારીઓના કાફલા સાથે આવી રહ્યો છે. એણે મને જોઈને કહ્યું, હે હબશી ! મેં કહ્યું, લબ્બૈક (હું હાજર છું) ! પછી બોલ્યો, (ઘણુ જ ખરાબ મોઢુ કરી) મારા માટે ઘણા સખત શબ્દો કહ્યા. તને ખબર છે કે વાયદાના કેટલા દિવસ બાકી છે ?! મેં કહ્યું, હા ! સમય નજીક જ આવી ગયો છે. તે બોલ્યો, ફકત ચાર દિવસ જ બાકી છે, જો એ સમયની અંદર તેં કર્ઝ ભરપાઈ ન કર્યું, તો તને ગુલામ બનાવી તારી પાસે બકરીઓ ચરાવવાનું કામ કરાવીશ, જેમ કે તું પહેલાં ચરાવતો હતો. આ સાંભળી હું ચિંતામાં પડી ગયો. રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام ઈશાની નમાઝ પઢી આપના હુજરા (મકાન મુબારક)માં તશરીફ લઈ ગયા. હું પણ આપની પાછળ જઈ હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારાં મા બાપ આપ પર કુર્બાન ! પેલો મુશ્રિક જેની પાસેથી હું ઉધાર લેતો હતો તેણે મને આવા શબ્દો કહ્યા છે. આપની પાસે કર્ઝ ભરપાઈ કરવા સગવડ નથી અને મારી પાસે પણ કાંઈ જ નથી ! તે આવી મને બેઈજ્જત કરશે અને મને રૂસ્વા કરશે ! માટે આપ રજા આપો કે હું ભાગી જાઉં અને મુસલમાનોના કોઈ ક઼બીલામાં

જઈને રહું. જ્યારે કે મારી પાસે સગવડ થશે ત્યારે આવી જઈશ અને તેનું કર્ઝ ચૂકવી આપીશ. મતલબ કે હું મારા ઘરે ગયો અને તલવાર, થેલો, જોડા અને ઢાલ માથા પાસે મૂકીને સૂઈ ગયો. સહેરીનો સમય થતાં ચાલી નીકળ્યો. હું જોઉં છું કે એક માણસ દોડતો આવી રહ્યો છે અને કહે છે, હે બિલાલ ! તને રસૂલુલ્લાહ ﷺ બોલાવે છે. આપના મકાન મુબારક નજીક પહોંચતાં જોઉં છું કે, માલાસમાનથી ભરેલાં ચાર ઊંટો બેસાડેલાં છે. હું આપની ઈજાઝત લઈ હાજર થયો. આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, મુબારક હો બિલાલ ! અલ્લાહે કર્ઝ ભરપાઈ કરી દેવાનો સામાન કરી આપ્યો છે, તમે ચાર ઊંટો સામાનથી લાદેલાં જોયાં હશે. મેં અર્ઝ કરી, જી હા યા નબીયલ્લાહ ! ﷺ આપ ﷺએ ફર્માવ્યું,એ ઊંટો ફિદકના હાકિમે મોકલ્યાં છે. અને એ અને એના ઉપરનું અનાજ, કપડાં જે છે તે તમોને સોંપવામાં આવે છે, એને વેચી કર્ઝ ભરપાઈ કરી દો. મેં આપના હુકમ મુજબ વેચી કર્ઝ અદા કરી દીધું. પછી મસ્જિદ શરીફમાં આવ્યો. આપ ﷺથી સલામ અર્ઝ કરી, તો આપ ﷺએ કર્ઝ બાબતે પૂછયું. મેં કહ્યું, કર્ઝ બધું જ અદા થઈ ગયું. તો આપ ﷺએ ફર્માવ્યું, એને પણ સવાલીને આપી મને જવાબદારીમાંથી છૂટો કરો, જ્યાં સુધી એ ઠેકાણે નહીં લાગે ત્યાં સુધી ઘરે જઈશ નહીં. આપ ઈશાની નમાઝ પઢી ફારિગ થયા તો મને બોલાવી બચેલા માલ સંબંધે પૂછયું. તો મેં અર્ઝ કરી, તે મારી પાસે જ છે કોઈ સવાલી મને મળ્યો નથી. આપ ﷺ એટલા જ માટે રાત્રે મસ્જિદમાં રહ્યા. બીજે દિવસે ઈશાની નમાઝ પછી મને બોલાવ્યો અને પૂછયું. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ જવાબદારીમાંથી મુક્ત થઈ ગયા છો. આ સાંભળી આપે અલ્લાહે અકબર ! કહ્યું અને ખુદાનો શુક્ર અદા કર્યો (કારણ કે આપ એ વાતથી ડરતા હતા કે ક્યાંક એવું ન બને કે એ માલ મારી પાસે હોય અને મૌત આવી જાય). એ પછી આપ પોતાના મકાન શરીફમાં તશરીફ લઈ ગયા.

કેટલીકવાર એવું બનતું કે આપ કોઈની પાસેથી એક ચીજ ખરીદી કરતા અને કિંમત ચૂકવી આપતા. પછી તે જ ચીજ એને જ અથવા બીજી વ્યક્તિને બખ્શિશ આપી દેતા. જેવું કે આપ ﷺએ જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ પાસેથી એક ઊંટ ખરીદયું. પછી એ જ ઊંટ તેમને બખ્શિશ કરી આપ્યું. એવી જ રીતે હઝરત ઉમર બિન ખત્તાબ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ પાસેથી એક ઊંટનું બચ્ચુ આપે ખરીદયું. પછી હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہને બખ્શિશ કરી આપ્યું.

*(સહીહ બુખારી, કિતાબુલ બુયૂઅ)*

મતલબ કે સરકારે દો આલમ ﷺ પાસે નજરાનાંઓનો જે કાંઈ માલ આવતો તે બધો જ અલ્લાહના રસ્તામાં વહેંચી આપતા. આપની પાસે કાંઈ જ બચાવતા નહીં. જ્યારે કોઈ સવાલી આપની પાસે આવતો તો બીજી વ્યક્તિથી કર્ઝ લઈ સવાલીની હાજત પૂરી કરી દેતા. આપ પોતાની જાત માટે બીજા દિવસના ખાણાપીણાના ખર્ચ માટે પણ કશું બચાવી રાખતા નહીં.

*(મિશ્કાત શરીફ, તિર્મિઝીના હવાલાથી)*

## આપે કદી સગાવાદ નથી ચલાવ્યો

પરંતુ કેટલીકવાર આપના હરમના માટે (ઉમ્મુલ મો'મિનીન માટે) એક વર્ષના ભરણપોષણને જમા કરી લેતા. જ્યારે આપ કોઈ મોહતાજને જોતા તો આપને સખ્ત જરૂરત હોવા છતાં પોતાનું ખાણુ તેને સોંપી દેતા. આપના મકાન મુબારકમાં કેટલીકવાર બે બે મહિના સુધી ચૂલો સળગતો ન હતો. એક વખત ગનીમતમાં લોંડીઓ

આવી હતી. હઝરત અલી رضی اللہ عنہએ હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہاથી કહ્યું કે તમે આપના વાલિદ સાહબ પાસે જઈને આપની સેવા માટે એક લોંડી માગી લો. જ્યારે ખાતૂને જન્નત સૈયદા ફાતિમા رضی اللہ عنہا રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلام પાસે હાજર થયાં તો આપ ﷺએ પૂછયું, બેટા ! આપને કેમ આવવું પડયું ? સૈયદા ફાતિમા رضی اللہ عنہا શરમના કારણે અસલ મતલબની વાત કહી શક્યાં નહીં. ઘરે આવી હઝરત અલી رضی اللہ عنہને અર્ઝ કરી કે હું શરમ સંકોચને કારણે અર્ઝ કરી શકી નહીં. પછી બંનેવ આપ علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં હાજર થયાં. હઝરત અલી رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ પાણી ખેંચી ખેંચીને મારી છાતી પર ડાઘ પડી ગયા છે. સૈયદા ફાતિમા ઝહરા رضی اللہ عنہاએ અર્ઝ કરી કે ઘંટીમાં લોટ દળતાં દળતાં મારી હથેળીઓ પર ફોલ્લા પડી ગયા છે. આપ ખિદમત માટે એક લોંડી આપો એવી અર્ઝ છે. આપ ﷺએ ફર્માવ્યું, અલ્લાહની કસમ ! એ બની શકે તેમ નથી કે હું તમોને એક ખાદિમા આપું અને સુફ્ફાવાળા ભૂખે મરે. હું એ જંગી કેદીઓને વેચીને તેની જે રકમ મળે તે સુફ્ફાવાળાઓ પર ખર્ચ કરીશ. રાત્રે આપ علیہ الصلوٰۃ والسلام હઝરત અલી رضی اللہ عنہ અને સૈયદા ફાતિમા رضی اللہ عنہاના ઘરે ગયા. એ બંનેવે એક એવી જૂની તૂટેલી ફાટેલી ચાદર ઓઢેલી હતી કે પગ ઢાંકે છે તો માથુ ખુલી જાય છે, માથુ ઢાંકે છે તો પગ ખૂલી જાય છે. આપને જોઈને બંનેવ ઉઠવા લાગ્યાં. તો આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, બંનેવ પોતાની જગાએ જ રહો. પછી આપ ﷺએ ફર્માવ્યું, હું તમોને ખાદિમાથી વધુ બેહતર ચીજ બતાવું છે અને તે આ કલેમાત છે : હઝરત જિબ્રઈલે મને બતાવ્યું છે કે દરેક નમાઝ પછી **"સુબ્હાનલ્લાહ ૩૩ વાર", "અલ્હમ્દુલિલ્લાહ ૩૩ વાર", "અલ્લાહુ અકબર ૩૪"**વાર પઢયા કરો. *–(મિશ્કાત શરીફ)*


**બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

હજ્જ પ્રોગ્રામ-૨૦૧૯



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૯નું બુકીંગ ચાલુ છે

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

# તઝકેરતુલ અવલિયા

હપ્તો ૨૩

# હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

*અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* // **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**ઓળખ :** આપ ઘણા જ તક્વાવાળા બુઝુર્ગોમાંથી થયા છે, અને ઘણા બધા બુઝુર્ગોથી નિયાઝમંદીનો શરીફ હાંસલ કર્યો. ઘણા અરસા સુધી હઝરત ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہની સોહબતમાં રહ્યા. જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આપને તે સર્વ ઈલ્મો હાંસલ હતા જે અવલિયા કિરામને ઉપલબ્ધ રહેતા હોય છે અને હક્રીક્રીતમાં આપ ઈલ્મોના ખજાનાની ચાવી હતા. એકવાર ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہની મજલિસમાં હાજર થયા તો લોકોએ તિરસ્કૃત નજરે જોયા, પરંતુ ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہએ "સૈયદુના" કહીને સંબોધ્યા અને પોતાની નજીક જગા આપી. અને જ્યારે લોકોએ સવાલ કર્યો કે તેમને સરદારી કેવી રીતે હાંસલ થઈ ગઈ ? તો ઈમામ સાહબે ફર્માવ્યું કે તેમનો પૂરોપૂરો સમય ઝિક્ર તથા યાદે ઈલાહીની મશગૂલિયતમાં જાય છે અને આપણે દુનિયવી કામોમાં પણ હિસ્સો લઈએ છીએ.

**બોધદાયક પ્રસંગો :** પ્રારંભમાં આપ બલ્ખના સુલ્તાન તથા મહાન મર્તબાના હુકમરાન હતા. એકવાર આપ ઊંઘી રહ્યા હતા એવામાં છત પર કોઈના ચાલવાનો અવાજ (પગરવ) મહેસૂસ થયો. તો આપે અવાજ આપીને પૂછ્યું કે છત પર કોણ છે ? જવાબ મળ્યો કે હું આપનો એક ઓળખીતો છું અને ઊંટની શોધમાં છત પર આવ્યો છું. આપે ફર્માવ્યું કે છત ઉપર ઊંટ કેવી રીતે આવી શકે છે ?! જવાબ મળ્યો કે આપને તખ્તો તાજમાં ખુદા કેવી રીતે મળી શકે છે ? આ સાંભળીને આપ ભયભીત થઈ ગયા.

બીજા દિવસે જ્યારે દરબાર ભરાયો હતો તો એક ઘણો જાડો બોડીવાળો શખ્સ દરબારમાં આવી પહોંચ્યો અને હાજરજનો પર કાંઈક એવો રૂઆબ છવાયો કે કોઈનામાં કાંઈ પૂછવાની શક્તિ બાકી ન રહી અને તે શખ્સ ઝડપભેર શાહી તખ્તની નજીક પહોંચીને ચોતરફ કાંઈક જોવા લાગ્યો. અને જ્યારે ઈબ્રાહીમ અદહમે સવાલ કર્યો કે કોની શોધમાં આવ્યા છો ? તો તેણે કહ્યું કે હું અહીં રોકાણ કરવા માટે આવ્યો છું પણ આ તો મુસાફરખાનુ જણાય છે, એટલા માટે અહીં રોકાવું શક્ય નથી. આપે ફર્માવ્યું કે મારા ભાઈ ! આ મુસાફરખાનુ નથી, બલ્કે શાહી મહેલ છે. તેણે સવાલ કર્યો કે આપના પહેલાં અહીં કોણ રહેતુ હતું ? ફર્માવ્યું કે મારા બાપદાદાઓ. સારાંશ કે એ જ પ્રમાણે કેટલીય પેઢીઓ સુધી પૂછયા બાદ તેણે કહ્યું કે હવે આપના પછી અહીં કોણ રહેશે ? ફર્માવ્યું કે મારી ઔલાદ ! તેણે કહ્યું જરા વિચાર કરો કે જે જગાએ આટલા લોકો આવીને જતા રહ્યા અને કોઈ હમેશાં ન રહી શક્યું, તે જગા જો મુસાફરખાનુ નથી તો બીજુ શું છે ? આમ કહીને તે અચાનક ગાયબ થઈ ગયો. અને ઈબ્રાહીમ અદહમ કેમ કે રાતના બનાવથી જ ઘણા અસમંજસમાં હતા એટલા માટે આ બનાવે આપને ઔર બેચેન કરી દીધા, અને આપ તેની શોધમાં નીકળી પડયા અને એક જગાએ જ્યારે મુલાકાત બાદ આપે તેમનું નામ પૂછયું તો તેમણે કહ્યું કે મને ખિઝર કહે છે.

એ જ અરસામાં આપ લશ્કર સહિત શિકારના માટે ગયા, પરંતુ લશ્કરથી વિખૂટા પડીને જ્યારે એકલા રહી ગયા તો ગયબથી અવાજ આવ્યો કે, "હે ઈબ્રાહીમ !

મોતથી પહેલાં જાગી જાવ !" અને આ અવાજ સતત આવતો રહ્યો જેના લીધે આપની દિલી હાલત બદલાતી ગઈ. પછી અચાનક સામે એક હરણ દેખાયુ અને આપે શિકાર કરવા ચાહ્યું તો તે બોલી ઉઠયું કે જો આપ મારો શિકાર કરશો તો તમો ખુદ શિકાર થઈ જશો. અને શું આપની પેદાઈશનો આ જ હેતુ છે કે આપ સૈર તથા શિકાર કરતા ફરો ?! પછી આપની સવારીની ઝીનથી પણ એ જ અવાજ આવવા લાગ્યો. અને આપ ગભરાયને એ રીતે અલ્લાહની તરફ ધ્યાનિત થઈ ગયા કે દિલ બાતિની નૂરથી મુનવ્વર થઈ ગયા. ત્યાર બાદ આપ તખ્તો તાજને અલવિદા કહીને જંગલો તથા રણોમાં ગિર્યા ઓઝારી કરતા કરતા નીશાપુરની નજીક પહોંચીને એક અંધારી ગુફામાં પૂરાં નવ વરસ સુધી ઈબાદતમાં વ્યસ્ત રહ્યા. અને દરેક જુમ્આના રોજ લાકડીઓ ભેગી કરીને વેચી દેતા અને જે કાંઈ મળતું તેમાંથી અડધુ અલ્લાહની રાહમાં આપી દેતા અને બચેલી રકમ વડે રોટી ખરીદીને જુમ્આની નમાઝ અદા કરતા અને પછી અઠવાડિયા માટે ગુફામાં ચાલ્યા જતા.

ઠંડી ઋતુમાં અતિશય ઠંડીથી બરફ જામેલા પાણીને તોડીને નહાયા અને આખી રાત ઈબાદતમાં મશગૂલ રહ્યા અને સવારે જ્યારે મારી નાખે તેવી ઠંડી લાગવા માંડી તો આપને આગનો ખયાલ આવ્યો, અને હજુ ખયાલમાં હતા એવામાં મહેસૂસ થયું કોઈએ પીઠ પર જાણે ગરમ કપડુ રાખી દીધું હોય જેના કારણે પુરસુકૂન ઊંઘ આવી ગઈ. અને જ્યારે જાગ્યા પછી જોયું તો એક ઘણો જ મોટો અજગર હતો જેની ગરમીએ આપને સુકૂન આપ્યું. એ જોઈને આપ ભયભીત થઈ ગયા અને અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે તેં તો એને મારા માટે સુકૂનનો સબબ બનાવ્યો પરંતુ હવે તે કહેરના રૂપમાં મારી સામે છે. આવું કહેતાં જ ફેણને જમીન પર મારતો મારતો અદશ્ય થઈ ગયો.

જ્યારે લોકોને આપના મર્તબાઓનો સહીહ અંદાઝો થઈ ગયો તો આપે એ ગુફાને છોડીને મક્કા મોઅઝ્ઝમાની વાટ પકડી. ત્યાર બાદ એકવાર શયખ અબૂ સઈદે તે ગુફાની ઝિયારત કરીને ફર્માવ્યું કે જો એ ગુફાને મુશ્કથી લબરેઝ કરી દેવામાં આવતી તો પણ આટલી ખુશ્બુવાળી ન થાત જેટલી એક બુઝુર્ગના થોડાક દિવસોના રોકાણથી થઈ છે. *(ક્રમશઃ)*

## ઈન્તેકાલ પુરમલાલ !

- **તાંદલજા** : (વડોદરા) તા. ૧૬–૧–૨૦૧૯, ૧૦ ચાંદ જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૦ રવિવારના રોજ ગુલામયાસીન ઈકબાલ રાઘુપરાવાળા (મુફ્તી સાબિર મિસ્બાહીના બનેવી)નો ઈન્તેકાલ થયો છે.
- **હલદરવા** : ખાતે તા. ૨૨–૨–૨૦૧૯ જુમ્આ, ૧૯–જમાદિઉલ આખર હિ.સ. ૧૪૪૦ના રોજ જનાબ ઈસ્માઈલભાઈ ઈસા જોહાનાં વાલિદા ફાતિમા બીબી ટૂંકી માંદગી બાદ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે.
- **નબીપુર** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. ૨–૩–૨૦૧૯, ૨૫ જમાદિઉલ આખર, હિ.સ. ૧૪૪૦ શનિવારના રોજ ઈલ્યાસ ગુલામઅલી આદમ કડુજીનાં પત્ની તસ્લીમાબેન અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે.
- **નબીપુર** : (તા. જિ. ભરૂચ) મુકામે તા. ૧૬–૩–૨૦૧૯ ચાંદ ૮–રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૪૦ના રોજ નઝમુલ હુસૈન ઉર્ફ નઝરભાઈ ઈસ્માઈલ ડોકટર અલ્લાહની રહતમાં પહોંચી ગયા છે.
- **ભાલોદ-તરસાલી** : ખાતે મૌલાના નુસ્રત અલી નિષાર અહમદ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ)નાં વાલિદા અહમદીનૂરનો તા. ૧૩–૩–૨૦૧૯ ૫–રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૪૦ના રોજ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

# તાજુશ્શરીઅહના

*(રહ્મતુલ્લાહિ તઆલા અલૈહ)*

## જીવનચરિત્રની ઝલકો

હપ્તો ૦૫

### હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની ઈલ્મો વિદ્યાઓમાં નિપૂણતા

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ નીચે મુજબના ઈલ્મો વિદ્યા કલામોમાં નિપૂણતા ધરાવતા હતા :

(૧) ઉલૂમે કુર્આન (૨) ઉસૂલે તફસીર (૩) ઈલ્મે હદીષ (૪) ઉસૂલે હદીષ (૫) અસ્માઉર્રિજાલ (૬) ફિક્હે હનફી (૭) ફિક્હે મઝાહિબે અરબા (૮) ઉસૂલે ફિક્હ (૯) ઈલ્મે કલામ (૧૦) ઈલ્મે સરફ (૧૧) ઈલ્મે નહ્વ (૧૨) ઈલ્મે મઆની (૧૩) ઈલ્મે બદીઅ (૧૪) ઈલ્મે બયાન (૧૫) ઈલ્મે મન્તિક (૧૬) ઈલ્મે ફલસફા કદીમ વ જદીદ (૧૭) ઈલ્મે મુનાઝરા (૧૮) ઈલ્મે હિસાબ (૧૯) ઈલ્મે હિંદસા (૨૦) ઈલ્મે હયઅત (૨૧) ઈલ્મે તારીખ (૨૨) ઈલ્મે મુરબ્બઆત (૨૩) ઈલ્મે ઉરૂઝ વ કવાફી (૨૪) ઈલ્મે તકસીર (૨૫) ઈલ્મે જફર (૨૬) ઈલ્મે ફરાઈઝ (૨૭) ઈલ્મે તૌકીત (૨૮) ઈલ્મે તક્વીમ (૨૯) ઈલ્મે તજદીદ વ કિરાઅત (૩૦) ઈલ્મે અદબ (ગદ્ય તથા પદ્ય અરબી, ગદ્ય પદ્ય ફારસી, ગદ્ય પદ્ય અંગ્રેજી, ગદ્ય પદ્ય ઉર્દૂ) (૩૧) ઈલ્મે ઝીજાત (૩૨) ઈલ્મે ખતાની (૩૩) ઈલ્મે જબ્રો મુકાબિલા (૩૪) ઈલ્મે તસવ્વુફ (૩૫) ઈલ્મે સલૂક (૩૬) ઈલ્મે અખ્લાક.

હઝરત કિરાઅતે અશરાના નિષ્ણાત હતા. કુર્આનની તિલાવત મિસરી લહેજામાં લાજવાબ કરતા હતા. અને કેટલીયે ભાષાઓમાં નિપૂણતા ધરાવતા હતા. અરબી, ફારસી, અંગ્રેજી, ઉર્દૂમાં તો આપના સાહિત્યિક કમાલો મૌજૂદ છે. તદ્ઉપરાંત હિન્દી, સંસ્કૃત, મેમણી, ગુજરાતી, મરાઠી, પંજાબી, બંગાળી, તેલુગુ, કન્નડ, મલયાલમ, ભોજપુરી બોલતા તથા સમજતા હતા. હઝરત ઈસ્લામના પ્રસાર તથા પ્રચાર અને બિદઅતો તથા મના બાબતોના રદના ક્ષેત્રે આગળપડતુ ઉચ્ચ સ્થાન ધરાવતા હતા. જે વિષય તથા મસ્અલા પર કલમ ઉઠાવતા આપોઆપ લખતા જતા. જે મસ્અલાની તેહકીક કરતા તેના માટે દલીલોના અંબાર લગાડી દેતા. ઈમામ અહમદ રઝા કોન્ફન્સ–બરેલી હિ.સ. ૧૪૨૫માં મુહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ મુસ્તફા અમજદીએ પોતાની તકરીરના દરમિયાન કહ્યું કે, "અલ્લામા અઝહરીના કલમથી નીકળેલા ફત્વાના અભ્યાસ પરથી એવું માલૂમ પડે છે કે આપણે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનું લખાણ વાંચી રહ્યા છીએ, આપના લખાણમાં દલીલો તથા હવાલાઓની ભરમારથી એ જ જાહેર થાય છે."

*(તકરીર ઈમામ અહમદ રઝા કોન્ફન્સ–બરેલી, ૨૪ સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૨૫)*

હઝરતની ફન્ને ખતાતી (સુંદર લેખન કલા)ના બારામાં મૌલાના શહાબુદ્દીન લખે છે કે, "હઝરત તાજુશ્શરીઅહ ફન્ને ખતાતી નિષ્ણાત હતા એટલા માટે આપના પત્રો, લખાણો, તથા લેખો તથા ફતવા લખાણની સુંદરતાના લેહાઝથી અજોડ છે. એ લખાણોને જોતાં જ દિલ બાગ બાગ થઈ જાય છે. ઈલ્મ તથા ફઝલની સાથોસાથ આ ખૂબી ખૂબ જ ઓછા ઉલમા તથા મુફતીઓમાં જોવા મળે છે. હઝરતની

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

લેખન શૈલી સમય સંજોગના હિસાબે બદલાતી રહી છે પણ દરેક જમાનાનાં લખાણો પોતે પોતાનામાં ઉચ્ચ નમૂનો અને અનુપમ લખાણનું પ્રતિબિંબ છે. એવું જણાય છે કે મોતીઓની હારો વિખેરાયેલ છે. હકીકતમાં લખાણની સુંદરતાથી ખુદ શખ્સિયતનો તે છુપો જમાલ જાહેર થઈ જાય છે જેના સુધી પહોંચ ઘણી મુશ્કેલ છે. હઝરતના લખાણોના જાહેરી હુસ્નથી આંત્રિક હુસ્ન પ્રદર્શિત થઈ જાય છે. મુઝ નાચીઝ (મૂળ લેખક) પાસે હઝરતનાં સમય સમયનાં લખાણો મૌજૂદ છે. વિદ્યાર્થીકાળનાં, ફરાગત પછીનાં, દર્સ તથા તદરીસના જમાનાનાં, દારુલ ઈફતાના સમયનાં, જાનશીનીના સમયનાં લખાણો મૌજૂદ છે, જેનાથી લખાણની સુંદરતા અને લેખનકળાનો સારી રીતે અંદાઝો થઈ જાય છે. અને હઝરતની એક વિશિષ્ટતા છે કે ફુલ સ્કેપ કાગળ પર નીચે કાંઈ રાખ્યા વિના લખતા રહેતા હતા અને મજાલ નથી કે કોઈ લાઈન જરા સરખી પણ વાંકી થઈ જાય !

*(હયાતે તાજુશ્શરીઅહ, પેજ–૬૭)*

તેમજ હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની ઉબૂરે લિસાનિયત (સ્ટેજ ફાઈટ)ના સંબંધે તે લખે છે.

''તાજુશ્શરીઅહને અલ્લાહ તઆલાએ કેટલીયે ભાષાઓ પર સંપૂર્ણ કમાલ અતા કર્યો હતો. અરબી, ફારસી તથા ઉર્દૂમાં જેવી રીતે બેહતરીન અદીબ સાહિત્યકાર જોવા મળે છે તેની જ રીતે અંગ્રેજી ભાષામાં પણ આપને સંપૂર્ણ પકડ હાંસલ છે. આપે ઈસ્લામિયહ ઈન્ટર કોલેજ બરેલીમાં સામાન્ય હિન્દી તથા અંગ્રેજીનો અભ્યાસ કર્યો હતો, પણ ખુદાદાદ બુધ્ધિ કૌશલ્યના સબબે આપે અંગ્રેજીમાં પણ કમાલ હાંસલ કર્યો. સાઉથ આફ્રિકા, મલાવી, ઝિમ્બાબ્વે, હરારે, મોરિશિયસ, જર્મન, ફ્રાંસ, હોલેન્ડ, ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા વગેરે દેશોની આંતર રાષ્ટ્રીય કોન્ફ્રન્સોમાં અંગ્રેજીમાં જ પ્રવચન કરતા હતા. અંગ્રેજીમાં આપે સેંકડો ફત્વા લખ્યા છે. હઝરતે અંગ્રેજીમાં સૌ પ્રથમ ફત્વો ૭–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૧૨, અં.તા. ૨૦–૭–૧૯૯૧માં અલ્હાજ હારૂન તાર રઝવી (લેડી સ્મિથ, સા.આફ્રિકા)ના સવાલના જવાબમાં લખ્યો જે દારુલ ઈસ્લામ તથા દારુલ હર્બમાં મુસ્લિમ તથા ઝિમ્મી કાફિર સંબંધે હતો. અંગ્રેજી ફત્વાના બે સંગ્રહો ડર્બન (સા. આફ્રિકા) ખાતે પ્રસિધ્ધ થઈ ચૂક્યા છે. નાયબ ઈન્કમટેક્સ કમિશનર જનાબ ઝહૂર અફસરખાં રઝવી બરેલ્વી (હાલ : રહેઠાણ અજમેર શરીફ) સાથે શરૂમાં મશ્વરો કરતા હતા. પણ મૌસૂફનું કહેવું એ છે કે, ''હઝરત જે અંગ્રેજી શબ્દો તથા વાક્યોનો ઉપયોગ કરતા તે શબ્દકોશના હિસાબે તદ્દન દુરુસ્ત હોતા. આ રીતે સાદગીસભર તથા રવાનીભર્યા (આપોઆપ ચાલતાં) લખાણો મને ખૂબ ઓછાં જોવા મળ્યાં. અંગ્રેજી, ઉપરાંત આપને મેમણી, ગુજરાતી, મરાઠી, પંજાબી, બંગાળી તથા ભોજપૂરી વગેરે ભાષાઓમાં પણ કાબેલિયત હાંસલ હતી. આપ ખૂબીપૂર્વક એ પ્રાદેશિક ભાષાઓને સમજતા તથા જરૂરત પ્રમાણે તેનો ઉપયોગ પણ કરતા. આ ભાષાઓને શીખવાના માટે કદાપિ કોઈ ઉસ્તાદની પાસે તાલીમ નથી લીધી. આ ખુદાદાદ કાબેલિયતો અલ્લાહ તઆલાએ આપને વારસામાં અતા કરી હતી.

*(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૬૯–૭૮)*

**''બરકાતે રઝા'' કિતાબ મંગાવો !**

*આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની શાનમાં આપની અજોડ ખૂબીઓ તથા આપના વિવિધ વિષયે ઈલ્મો તથા દુનિયાથી બેનિયાઝી, આપનો તક્વો તેમજ આપની કરામતો વગેરે સંબંધી બરકાતે ખ્વાજા મંથલીના વિશિષ્ટ લેખોનો સંગ્રહ એટલે **'બરકાતે રઝા'** (પેજીસ : ૪૯૨) કિતાબ અવશ્ય મંગાવો. સંપર્ક કરો :–*

**રઝવી કિતાબ ઘર**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ–૩૯૨૦૨૦ Mo. 94274 64411

*હદિયો Rs. 250/-*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## બીમારની તલાકનું બયાન

અહીં બીમારનો અર્થ એ સમજવાનો છે કે બીમાર માણસ માટે સ્પષ્ટ અનુમાન કરી શકાય એમ હોય કે બીમારીને કારણે એનું મૃત્યુ થઈ જશે. રોગના કારણે એ એટલો બધો કમજોર થઈ ચૂક્યો છે કે કામ માટે ઘરની બહાર નીકળી શકતો ન હોય. દા.ત. નમાઝ માટે મસ્જિદે જઈ શકતો ન હોય, વેપારી પોતાની દુકાને ન જઈ શકતો હોય. મોટે ભાગે આ રીતની ગણતરી કરાઈ છે. બાકી તો અસલ હુકમ એ છે કે એ રોગ માટે સ્પષ્ટ અનુમાન થઈ શકતું હોય કે ચોક્કસ મૃત્યુ થશે. જો શરૂઆતમાં તકલીફ ન થઈ હોય અને બહાર જઈ શક્તો હોય, દા.ત. હૈઝા (એક ભયંકર બીમારી) વગેરે રોગોમાં સપડાઈને કેટલાક લોકો ઘરથી બહાર નીકળી પોતાનું કામ પણ કરી લે છે. પરંતુ એવા રોગોમાં મૃત્યુ છે એ બાબતનું સ્પષ્ટ અનુમાન કરી શકાય છે. અહીં બીમાર માટે પથારીવશ હોવું પણ જરૂરી નથી. જૂનો રોગ દા.ત. સલ (એક પ્રકારની બીમારી), લકવો વગેરેમાં રોજ બરોજ બીમારી વધતી જતી હોય તો પણ એ મૃત્યુ રોગ જ છે. જો બીમારીના કારણે શારીરિક હાલત એક સરખી રહેતી હોય અને એક વર્ષ વીતી ગયું (એક વર્ષથી એક જ પ્રકારની શારીરિક હાલત હોય) તો એ બીમારની દિનચર્યા તંદુરસ્ત માણસની જેમ સમજવાની ગણવાની છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : બીમારે ઓરતને તલાક દીધી તો એને ફારબિત્તલાક કહે છે. કેમ કે તે ઓરતને વારસામાંથી મેહરૂમ કરવા ચાહે છે (વારસો આપવા ઈચ્છતો નથી). ફારબિત્તલાકના એહકામ આગળ (હવે પછી) આવશે.

**મસ્અલા** : જે માણસ લડાઈમાં દુશ્મન સાથે યુધ્ધ ખેલી રહ્યો છે તે પણ બીમારના અર્થમાં આવશે ભલે તે રોગી નથી. કેમ કે એને માટે મૃત્યુનું સ્પષ્ટ અનુમાન કરી શકાય છે. એ રીતે જે માણસને બદલામાં (ખૂનનો બદલો ખૂન) કત્લ કરવા માટે, યા ફાંસી દેવા માટે, યા સંગસાર કરવા (પથ્થરોથી મારવા) માટે લાવવામાં આવ્યો હોય, અથવા તો વાઘ વગેરે જાનવરે જેને પછાડયો હોય, યા કશ્તીમાં સવાર હોય અને કશ્તી તોફાનમાં ફસાઈ હોય અથવા તો કશ્તી તૂટી ગઈ જેમાં એ સવાર છે તો આ બધા બીમારના હુકમમાં આવશે જ્યારે કે એ હાલતમાં એનું મૃત્યુ પણ થઈ શકે છે અને જો આ જણાવેલા પ્રસંગો હેમખેમ પૂરા થઈ જાય અને પાછળથી બીજા કોઈ કારણે મૃત્યુ થાય તો એ બીમારના હુકમમાં આવશે નહીં. અને જો વાઘના મોંમાથી છૂટયો તો ખરો પણ જો એને ભારી ઝખ્મ થયો હોય કે જેનાથી એનું મૃત્યુ થશે જ એવું અનુમાન કરી શકાતું હોય તો એ બીમાર છે એમ ગણાશે. *(ફત્હુલ્ કદીર, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : બીમારે બખ્શિશ કરી (દા.ત. પોતાની મિલ્કત વકફ કરી દીધી યા કોઈ અજનબીને બખ્શિશ કરી દીધી યા કોઈ ઓરત સાથે જાહેર મિષ્લ કરતાં વધારે મહેર આપી નિકાહ કર્યા) તો ફકત ત્રીજા ભાગના માલ માટે લાગુ પડશે, કેમ કે આ કામો વસિય્યતના હુકમમાં આવે છે. (વસિયતના હુકમો લાગુ પડશે).

*(બહારે શરીઅત)*

**મસ્અલા** : ઓરતને તલાકે રજઈ દીધી અને ઈદ્દતના સમય દરમિયાન એનું મૃત્યુ થયું તો ઓરત વારસદાર ગણાશે. તંદુરસ્તીની હાલતમાં તલાક દીધી હોય યા બીમારીની હાલતમાં, ઓરતની રઝામંદીથી કે વગર રાજી ખુશીએ દીધી હોય. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : મૃત્યુ રોગમાં ઓરતની ખુશી વગર તલાકે બાઈન દીધી અને તે બીમારીમાં ઈદ્દતની અંદર મરી ગયો તો ઓરત વારસદાર ગણાશે. જયારે કે એ તલાક વેળા ઓરત વારસદાર હોવા પાત્ર હોય અર્થાત આઝાદ મો'મિના હોય. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : મૃત્યુરોગમાં ઓરતને બાઈન તલાક આપ્યા પછી શોહર ઈદ્દતના સમય દરમિયાન મૃત્યુ પામે તો જણાવેલ શરતો સાથે ઓરત વારસદાર બને છે એ હુકમ ખાસ બાઈન તલાક પૂરતો નથી, પરંતુ પતિ તરફથી જે જુદાઈ થઈ તેના માટે પણ આ જ હુકમ છે. જેમ કે શોહરે **ખયારે બલૂગ**ના કારણે ઓરતને બાઈન કરી અથવા ઓરતની માં કે છોકરીને શેહવતથી ચુંબન કર્યું અથવા તો મુર્તદ થઈ ગયો. આ બધી વાતોથી જે બૈનૂનત (જુદાઈ) થશે તેમાં ઓરત વારસદાર થશે અને જો જુદાઈ ઓરત તરફથી થઈ હોય તેમાં વારસદાર નહીં થાય. જેમ કે ઓરતે પતિના છોકરાને શેહવતથી ચુંબન કર્યું યા મુર્તદ થઈ ગઈ યા ખુલઅ કરાવી (તલાક માગી) લીધી તો આ હાલતોમાં વારસદાર બની શકશે નહીં. એ રીતે જો પરાઈ વ્યકિતને કારણે જુદાઈ થઈ હોય જેમ કે શોહરના છોકરાએ ઓરતને બોસો (ચુંબન) આપ્યો, ભલે ઓરતને મજબૂર કરી હોય તો વારસદાર થશે નહીં. હા ! જો એ ચુંબન બાપના હુકમથી (કહેવાથી) કરવામાં આવ્યું હોય તો વારસદાર થશે. *(રદુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : બીમારે ઓરતને ત્રણ તલાક દીધી હતી ત્યાર બાદ ઓરત મુર્તદ થઈ ગઈ પછી ફરીથી મુસલમાન બની પછીથી શોહર મૃત્યુ પામ્યો તો વારસદાર થશે નહીં, ભલે ઈદ્દત પૂરી થઈ ન હોય (તો પણ). *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : બીમારે ઓરતને ત્રણ તલાક દીધી હતી ત્યાર બાદ ઓરત મુર્તદ થઈ ગઈ પછી ફરીથી મુસલમાન બની પછીથી શોહર મૃત્યુ પામ્યો તો વારસદાર થશે નહીં, ભલે ઈદ્દત પૂરી થઈ ન હોય (તો પણ). *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : ઓરતે તલાકે રજઈ યા તો તલાક માગી હતી (પણ) બીમારે તલાકે બાઈન યા ત્રણ તલાક દીધી અને ઈદ્દતના સમય દરમિયાન મૃત્યુ પામ્યો તો ઓરત વારસદાર થશે (ગણાશે). એ જ પ્રમાણે ઔરતે ખુદ પોતાને ત્રણ તલાક દઈ લીધી હતી, અને બીમાર પતિએ જાઈઝ કરી આપી તો વારસદાર થશે અને જો શોહરે ઓરતને અધિકાર આપ્યો હતો. ઓરતે પોતાના નફસને અખત્યાર કર્યો (અધિકાર આપ્યો) અથવા શોહરે એમ કહ્યું હતું કે તું તારી જાતને ત્રણ તલાક આપી દે અને ઓરતે આપી દીધી તો વારસદાર બનશે નહીં. *(દુર્રે મુખ્તાર, હિંદીયા)*

**મસ્અલા** : બીમારે ઓરતને તલાકે બાઈન દીધી હતી અને ઈદ્દત દરમિયાન ઓરત મૃત્યુ પામી તો એ શોહર તેનો વાર સદાર થઈ શકશે નહીં અને જો તલાકે રજઈ આપી હતી તો વારસદાર ગણાશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરત બીમાર હતી અને એણે કોઈ એવું કામ કર્યું જેના કારણે શોહરથી જુદાઈ થવા પામી (દા.ત. ખયારે બલૂગ, યા શોહરના છોકરાને બોસો લેવો વગેરે) અને પછીથી ઓરત મૃત્યુ પામી તો શોહર એનો વારસદાર થશે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઓરતને કહ્યું કે જ્યારે હું બીમાર પડી જાઉં ત્યારે તને તલાક. ત્યાર બાદ શોહર બીમાર પડયો તો તલાક થઈ ગઈ અને ઇદ્દતમાં મરી ગયો તો ઓરત વારસદાર થશે. *(ખાનિયહ્, બહાર)*

**મસ્અલા** : શોહરના મૃત્યુ બાદ ઓરત એમ કહે કે તેમણે મને બીમારીની હાલતમાં તલાકે બાઈન દીધી હતી અને હું ઈદ્દતમાં હતી તે દરમિયાન મૃત્યુ પામ્યા છે પરિણામે મને વારસો મળવો જોઈએ. જ્યારે કે અન્ય વારસદારો એમ કહેતા હોય કે તંદુરસ્તીની હાલતમાં તલાક દીધી હતી જેથી વારસો ન મળવો જોઈએ, તો ઓરતની વાત વિશ્વાસપાત્ર ગણાશે નહીં. *(હિંદિયા, બહાર)*

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::

હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી

અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

## અમુક બુરી રસમો

જ્યાં સુધી ઈસ્લામ અરબની જમીન સુધી સીમિત રહ્યો એ વખતે મુસલમાનોનો સમાજ તથા જીવન પધ્ધતિ ઈસ્લામી નિયમો અનુસાર હતી. પરંતું જ્યારે ઈસ્લામ અરબથી બહાર અન્ય દેશોમાં પહોંચ્યો તો અન્ય કૌમો તથા અન્ય મઝહબવાળાઓના મેલજોલ અને તેમના માહોલથી મુસલમાનોની જીવન પધ્ધતિ પર ખૂબ જ પ્રમાણમાં અસર પડી, અને કાફિરો તથા મુશ્રિકો અને યહૂદ તથા નસારાની ઘણી બધી ગલત તથા મનઘડત રસ્મોનો મુસલમાનો પર એવો સખત હુમલો થયો કે મુસલમાનો પણ એમાં લપેટાઈ ગયા. આજે પણ બદ કિસ્મતીની શાદી, વિવાહ, ખુશી, ગમી અને અન્ય પ્રસંગોમાં બાપદાદાઓની ચાલી આવતી રસમો જોવા મળે છે, જે અમુક તો યકીનન ! હરામ તથા નાજાઈઝ છે, અને અમુક જાઈઝ પણ છે પરંતુ જરૂરી છે કે જાઈઝ રસમોની પાબંદી એ હદ સુધી હોવી જોઈએ કે એમાં કોઈ હરામ કૃત્ય સામેલ ન થઈ જાય.

મોટા ભાગે ઘણે ઠેકાણે મુસલમાનોમાં રિવાજ છે કે બાળકોની પેદાઈશ અથવા અકીકો અથવા ખત્ના અથવા શાદી વિવાહના પ્રસંગો પર મહોલ્લાની કે સગાંઓની સ્ત્રીઓ ભેગી થાય છે અને ગીત ગાય છે તથા વગાડે છે. આ નાજાઈઝ તથા હરામ છે. પ્રથમ ઢોલ વગાડવુ જ હરામ છે તેમાંય સ્ત્રીઓએ ગાવું એથી અધિક બુરૂ. સ્ત્રીનો અવાજ નામેહરમોને પહોંચાડવો અને તે પણ ગાવાનો, અને તે પણ ઈશ્ક તથા વિરહ મિલનના ગીતો એ સર્વ ચીજો કેટલાય ફિત્નાઓનું મૂળ છે. એ રીતે રાતભર સ્ત્રીઓ ગાતી વગાડતી રહે છે અને ગુલગુલા (મીઠા પકોડા) બનતાં રહે છે. પછી સવારે ગાતી વગાડતી મસ્જિદમાં તાક ભરવા માટે જાય છે એમાં ઘણી ખરાબીઓ જોવા મળે છે. ન્યાઝ ઘરમાં પણ થઈ શકે છે. અને જો મસ્જિદમાં જ થાય તો પુરૂષો લઈ જઈ શકે છે, સ્ત્રીઓએ જવાની શું જરૂરત ? અને તે સ્ત્રીઓના હાથોમાં આટાનો બનાવેલો ચાર બત્તીઓવાળો ચિરાગ પણ હોય છે જે ઘી વડે સળગાવવામાં આવે છે, જ્યારે કે સવાર થઈ ગઈ તો ચિરાગની શું જરૂરત ?! અને વળી તેલની જગાએ ઘીનો ચિરાગ જલાવવામાં આવે છે ! આ સર્વ કાંઈ ફુઝૂલખર્ચી તથા માલને બર્બાદ કરવું છે જે શરીઅતની રૂએ હરામ છે.

હવે આજે તો શાદીઓમાં અનેક હરામ રસમો ઘર કરી ગઈ છે જેમ કે બની ઠનીને દુલ્હન બેપર્દા શરીર જાહેર થાય તેવો ડ્રેસ પહેરીને દુલ્હા સાથે સ્ટેજ પર બેસે છે. એક તરફ તેની સહેલીઓ અને બીજી તરફ દુલ્હાના દોસ્તો હોય છે. પછી જાહેરમાં જે ઢીંગા મસ્તી તથા ખેલો થાય છે **એ સર્વ હરામ છે અને શાદીઓની બરકતોને ખત્મ કરનાર તથા દુનિયા તથા આખેરતના અઝાબને નોંતરનાર** છે. તેમજ નાચગાન, ડાન્સ કરવો, સ્ત્રીઓએ કે પુરૂષોએ કે બંનેવે સાથે, ફટાકડા ફોડવા, બેન્ડ બાજા, મ્યુઝિક પાર્ટી, રંડીઓ નચાવવી સ્ટેજ પર, કવ્વાલીના મુકાબલા રાખવા આ સર્વ કામો સખત હરામ, અલ્લાહની આપેલી દૌલતની બર્બાદી તથા અલ્લાહ વ રસૂલની નારાજગીનો સામાન છે. રંડી નચાવવામાં લોકો તેને જુએ એ આંખોનો ઝિના, હાથ લાંબા કરી પૈસા આપવાને બહાને તેને સ્પર્શે એ હાથનો ઝિના, તેના બિભત્સ વાક્યો ગીતો સાંભળે એ કાનોનો ઝિના, તેણી પર પૈસા ઉડાડવા ઉઠવું પગોનો ઝિના અને અલ્લાહની આપેલ દૌલતને વેડફવું છે, અને

આ સર્વ કામો છેવટે બદકારી સુધી પણ પહોંચાડે છે. આ સર્વ ફટાકડા ફોડવા, રૂપિયા લૂટાવવા એ ફુઝૂલ ખર્ચી છે અને કુર્આન મજીદમાં ફુઝૂલ ખર્ચી કરનારાને શૈતાનના ભાઈ ઠરાવવામાં આવ્યા છે. અને આ લોકોથી અલ્લાહ ﷻ તથા તેના રસૂલ ﷺ બેઝાર (નારાજ) છે.

એ જ પ્રમાણે શાદી વિવાહમાં દુલ્હાને મકાનની અંદર બોલાવવો અને ઔરતોનું સામે આવીને અથવા તાક ઝાંક કરીને તેને જોવો, તેને બલાના નામે સ્પર્શવો, તેની સાથે મઝાકો કરવી....વગેરે રસમો હરામ તથા નાજાઈઝ છે.

તેમજ સ્ત્રીઓનું ખૂબ જ બારીક કપડાં પહેરવું, ખન ખન અવાજ કરતાં ઘરેણાં પહેરવાં જેનો અવાજ ગૈર મર્દો સુધી જાય, આ સર્વ રસમો નાજાઈઝ છે. સ્ત્રી એવી ખુશ્બુ લગાડે જેની મહેક ગૈર મર્દો સુધી પહોંચે એ નાજાઈઝ છે. પરંતુ અફસોસ ! આજે હાલત તો એ છે કે ખાસ કરીને શાદીઓમાં સ્ત્રીઓ બની ઠનીને ગૈર મર્દોની ભીડમાં બેધડક ફરતી રહે છે, જ્યારે કે બેપર્દગી હરામ છે. કાશ ! કે આપણી મા બહેનો પર્દાના મહત્વને સમજતી અને એમની અંદર ખુદાનો ખૌફ પેદા થતો કે ક્યાંક એવું ન બને કે મૃત્યુ બાદ બેપર્દગી મોંઘી પડી જાય અને ખુદા ﷻ અને તેના રસૂલ ﷺની નાફર્માનીના સબબે જહન્નમમાં ઝોંકી દેવામાં આવે.

**અય મેરી બહેનોં ! સદા પર્દા કરો**
**તુમ ગૈર મર્દોં કે સામને મત ફિરતી રહો**
**વરના સુન લો કૃબ્ર મેં જબ જાઓગી**
**સાંપ બિચ્છુ દેખકર ચિલ્લાઓગી**

વળી અક઼ીક઼ો કેવળ સુન્નત છે, ફર્ઝ કે વાજિબ નથી. અને છોકરાના અક઼ીક઼ામાં બે બકરા (કે મોટા જાનવરના બે હિસ્સા) અને છોકરીના અક઼ીક઼ામાં એક બકરો ઝબહ કરવો અને તેનો ગોશ્ત કાચો કે પકાવીને વહેંચી દેવો અને બાળકના વાળના વજન જેટલી ચાંદી ખૈરાત કરી દેવી અને બાળકના માથામાં ઝાફરાન લગાડવું એ સર્વ કામો તો જાઈઝ છે. બાકી એના સિવાય જે રસ્મો થાય છે તે વધારાની તથા નાજાઈઝ છે. વળી ક્યાંક એવી રસમ પણ છે કે જે વખતે બાળકના માથા પર અસ્તરો ચાલે બરાબર તે જ વખતે જાનવર પર છરી ચાલે છે ! એ પણ ગલત છે. ગમે ત્યારે માથુ મૂંડો કે જાનવર ઝબહ કરો કોઈ જ વાંધો નથી. તે ઉપરાંત ખત્નામાં પણ છોકરાની ખત્ના કરનારથી ખત્ના કરાવવા સિવાય કોઈ વિધિ કે રસ્મની જરૂરત નથી. અન્ય વિધિઓ જે થતી હોય તે ફોગટ અને જે શરીઅત વિરુદ્ધ હોય તે હરામ તથા નાજાઈઝ, ફુઝૂલ ગણાશે.

## ★ શાદીમાં દહેજ આપવા વિશે ★

મા બાપ અમુક કપડાં, અમુક સામાન, મુસલ્લો, કુર્આન મજીદ કે દીની કિતાબો વગેરે પુત્રીને આપીને તેણીને સાસરીમાં મોકલે છે એ પુત્રીનું દહેજ કહેવાય છે. વિના શંકાએ એ જાઈઝ છે, બલ્કે સુન્નત છે. કેમ કે આપણા પ્યારા આક઼ા ﷺએ પણ પોતાની પ્યારી દીકરી હઝરત બીબી ફાતિમા ઝહરા رضی اللہ عنہاને દહેજમાં અમુક સામાન આપીને વિદાય કર્યા હતાં. પરંતુ યાદ રાખશો કે દહેજમાં સામાન આપવો એ મા બાપના પ્રેમ તથા હેતની નિશાની છે. અને એમની ખુશીની વાત છે, મા બાપ પર પુત્રીને દહેજ આપવું ફર્ઝ કે વાજિબ નથી. **પુત્રી તથા જમાઈ માટે એ કદાપિ જાઈઝ નથી કે તે જબરદસ્તી મા બાપને મજબૂર કરીને પોતાની પસંદનો સામાન દહેજમાં વસૂલ કરે.** મા બાપની હૈસિયત એને પાત્ર હોય કે ન હોય છતાં દહેજમાં પોતાની પસંદની ચીજોની માગણી કરવી અને તેમને મજબૂર કરવાં કે તે કરજ લઈને પુત્રી તથા જમાઈની ઈચ્છા પૂરી કરે. આ શરીઅત વિરુદ્ધની વાત છે. બલ્કે આજકાલ હિંદુઓના જેવી રસમ મુસલમાનોમાં પણ ચાલી નીકળી છે કે શાદી નક્કી કરતી વખતે જ એ શર્ત લગાડી આપે છે કે દહેજમાં ફલાણો ફલાણો સામાન અને આટલી આટલી રકમ આપવી પડશે. જેથી ઘણી બધી ગરીબોની પુત્રીઓ એટલા માટે શાદી વિહોણી રહી જાય છે કે તેમનાં મા બાપ પુત્રીના દહેજની માગ પૂરી કરવાની શક્તિ નથી

ધરાવતાં. આ રસમ યક઼ીનન ! શરીઅતની વિરુદ્ધ છે અને જબરદસ્તી જુલ્મી રીતે મા બાપને મજબૂર કરીને દહેજ લેવું એ નાજાઈઝ છે. જેથી મુસલમાનો પર લાઝિમ છે કે આ બુરી રસમને ખત્મ કરે.

## ★ તહેવારોની રસમો ★

મુસલમાનોમાં એ રિવાજ છે કે ઈદના દિવસે સેવો પકાવે છે. બકરા ઈદના દિવસે ગોશ્ત ભરેલી પૂરીઓ અને જાત જાતના ક઼બાબ બનાવે છે. શબે બરાતના દિવસે હલ્વો પકાવે છે. મુહર્રમમાં ખીચડો પકાવે છે, શરબત બનાવે તથા પીવડાવે છે. રજબના મહિનામાં તબારકની રોટીઓ પકાવે છે અને બુઝુર્ગોની ફાતેહા અપાવે છે. આપસમાં હરીમળીને ખાય ખવડાવે છે. સગાં સંબંધી, દોસ્તોને ત્યાં તોહફો મોકલે છે. એકબીજાના બાળકોને તોહફા આપે છે. આ સર્વ રસમોમાં શરીઅત વિરુદ્ધ કોઈ વાત નથી એટલા માટે આ સર્વ રસમો જાઈઝ છે. અમુક લોકો એ ચીજોને નાજાઈઝ ઠરાવે છે અને ન્યાઝ ફાતિહાના ખાણાને હરામ ઠરાવે છે, તેઓ ફોગટમાં મુસલમાનો પર એ આક્ષેપ થોપે છે કે એઓ આ રસમોને ફર્ઝ તથા વાજિબ સમજે છે. અને જાત જાતની રીતે ખેંચી તાણીને એ જાઈઝ રસમોને મના તથા હરામ બતાવે છે. એ એમની કમઅક઼લીનું પ્રદર્શન છે કે ખુદાની હલાલ કરેલી ચીજોને કોઈ શરઈ દલીલ વિના હરામ ઠરાવે છે. એ રસમોને કદાપિ કોઈ મુસલમાન ફર્ઝ તથા વાજિબ નથી સમજતા, બલ્કે દરેક મુસલમાન એ વાતોને એક જાઈઝ રસ્મો રિવાજ જ સમજીને કર્યા કરે છે. અને યક઼ીનન ! એ સર્વ વાતો જાઈઝ છે, બલ્કે જો સારી નિય્યતથી હોય તો મુસ્તહબ તથા સવાબનું કામ છે.

અમુક બાતિલ ફિર્કાઓ (જેમ કે વહાબી, દેવબંદી વગેરે)એ મુસ્લિમ સમાજની જાઈઝ રસમોને હરામ તથા બિદઅત બલ્કે કુફ્ર તથા શિર્ક સુધી ઠરાવી આપેલ છે, અને એ લોકો ત્યાં સુધી હદથી વધી ગયા છે કે દુલ્હાના માથે સેહરો બાંધવાને કુફ્ર તથા શિર્ક લખી દીધું! અને શણગાર માટે દીવાલો પર, છતો પર થતા ડેકોરેશન, લાઈટિંગને બિદઅત તથા હરામ લખી માર્યું. અને બીજી ઘણી જાઈઝ ચીજો દા.ત. ક઼બ્રો પર ચાદર ચઢાવવું, બુઝુર્ગોની ન્યાઝ તથા ફાતિહા આપવવા, મુડદાંનું ત્રીજીયું, ચાલીસુ કરવું વગેરેને બિદઅત તથા હરામ ઠરાવી દીધું. મીલાદ શરીફની મેહફિલોને હરામ તથા બિદઅત ઠરાવી દીધી, બુઝુર્ગાને દીનના ઉર્સોને નાજાઈઝ તથા હરામ લખ્યું, મુહર્રમમાં ઝિક્રે શહાદત તથા સબીલોથી મના કર્યું, અને વિચારવાની વાત એ છે કે એ લોકોથી જ્યારે આ રસમોના કુફ્ર, શિર્ક તથા બિદઅત તથા હરામ હોવાની દલીલ માગવામાં આવે છે તો કહી આપે છે કે અમે સાવચેતી પૂરતી આ ચીજોને કુફ્ર તથા શિર્ક અને હરામ તથા બિદઅત ઠરાવી છે જેથી લોકો ડરીને એ ચીજોને છોડી આપે !! ખુદાને ખાતર કોઈ એમને પૂછે કે અલ્લાહની હલાલ કરેલી ચીજોને કુફ્ર તથા શિર્ક અને હરામ તથા નાજાઈઝ ઠરાવવું એ સાવધાની છે કે ઉચ્ચ કક્ષાની નિષ્કાળજી ?! જેને અલ્લાહે કુફ્ર, શિર્ક કે હરામ નથી દર્શાવ્યું તેને તમો એવું કહીને ઈસ્લામમાં રહ્યા ખરા ?

અલ્હમ્દુલિલ્લાહ ! આપણે સૌ અહલે સુન્નત વ જમાઅત છીએ જેના મહાન મહાન પેશવાઓમાં મોહક્કિકે અલલ ઈત્લાક઼ હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ, મૌલાના શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ, મૌલાના ફઝલે રસૂલ બદાયૂની رحمۃ اللہ علیہ, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ, મૌલાના સરદાર અહમદ મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન رحمۃ اللہ علیہ વગેરે બુઝુર્ગાને દીન છે. અહલે સુન્નત વ જમાઅતના આ મુક઼દ્દસ બુઝુર્ગોનો મુસલમાનોની રસ્મોના બારામાં આ ફત્વો છે કે **મુસલમાનની તે રસ્મો જેને શરીઅતે મના કરી છે તે યક઼ીનન ! હરામ તથા નાજાઈઝ છે. દા.ત. નાચગાન, વાજિંત્રો વગાડવાં, ફટાકડા ફોડવા, દુલ્હાએ ચાંદી સોનાના ઘરેણા પહેરવાં, આવા પ્રસંગોમાં સ્ત્રીઓ પુરૂષોનું બેપર્દા ભેગા**

**થવું, ઘરમાં સ્ત્રીઓનું દુલ્હાને બોલાવીને તેની સામે બેપર્દા જવું, વિવિધ મઝાકો કરવી, સાળીઓએ હસી મઝાક કરવી, દુલ્હાના જોડાને ચોરી લેવા પછી જબરદસ્તી ઈનામ વસૂલ કરવું વગેરે વગેરે...**

**પરંતુ શરીઅતે જે રસ્મોને જાઈઝ બતાવી તે રસ્મો તથા જેના બારામાં શરીઅત ખામોશ છે તેમને કદાપિ નાજાઈઝ તથા હરામ નથી કહી શકાતી.** સારાંશ કે **જ્યાં સુધી કોઈ રસમની મનાઈ શરીઅતમાં ન સાબિત હોય ત્યાં સુધી તેને હરામ તથા નાજાઈઝ નથી કહી શકતા.** ફોગટમાં મુસલમાનોની સર્વ રસમોને ખેંચી તાણીને મના તથા હરામ ઠરાવવી અને વિના કારણે મુસલમાનોને બિદઅતી તથા હરામમાં પડેલા કહેવું એ દીનમાં હદથી વધી જવું છે. કેમ કે દરેક શખ્સ એ જાણે છે કે મુસલમાનોની રસ્મો તથા રિવાજોનો આધાર ઉર્ફ પર છે. અને એવું કોઈ પણ નથી સમજતું કે આ રસમો વાજિબ છે. બીજું કે **જે વ્યક્તિ કોઈ ચીજને નાજાઈઝ, હરામ કે કુફ્ર, શિર્ક કહે તો તેના માથે અનિવાર્ય છે કે તેને કુર્આન હદીષથી દલીલ પેશ કરે.** તમને આવો કોઈ જ્યારે મળે તો તેની પાસે દલીલ માગો.

અમુક મોલ્વીઓનું એવું કહેવું છે કે ફલાણી રસમને લોકો ફર્ઝ સમજવા લાગ્યા છે ! એટલા માટે અમે એમને આ રસ્મથી રોકીએ છીએ કે લોકો ગૈર ફર્ઝને ફર્ઝ ન સમજવા લાગે.

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! સારીરીતે સમજી લો કે આ એક ખૂબ જ મોટો ધોકો છે, અને હક઼ીક઼તમાં એ લોકો પોતે પણ એક ધોકામાં છે અને અન્યોને પણ ધોકો આપી રહ્યા છે. યાદ રાખો કે કોઈ સારી ચીજને હમેશાં કરતા રહેવાથી તેને કરવાવાળો તેને ફર્ઝ સમજીને નથી કરતો. દા.ત. વુઝૂ કરનાર હમેશાં વુઝૂમાં કાનો તથા ગરદનનો મસહ જરૂર કરે છે, કદાપિ એને નથી છોડતો, તો શું કોઈ પણ તેના પર એ વાત લાગુ કરી શકે છે કે તે માથાના મસહની જેમ કાનો તથા ગરદનના મસહને ફર્ઝ સમજે છે ?!

બસ, એ જ પ્રમાણે જે લોકો હમેશાં ઈદના દિવસે સેવો તથા શબે બરાતમાં હલ્વો પકાવે છે અને મીલાદ શરીફમાં હમેશાં શીરીની વહેંચે છે, અને કદી પણ તેને છોડતા નથી, પણ તેને હમેશાં કરવાથી એ આક્ષેપ નથી લાગતો કે લોકો એ કામોને ફર્ઝ સમજવા લાગ્યા છે. જેવી રીતે ગરદન અને કાનો પર મસહ કરનારો હમેશાં એ જ અક઼ીદો દિમાગમાં રાખે છે કે કાનો તથા ગરદનનો મસહ ફર્ઝ નથી, બલ્કે સુન્નત તથા મુસ્તહબ છે. એ જ પ્રમાણે હમેશાં તહેવારોમાં કોઈ ચીજ પકાવીને વહેંચનારો એને એ જ સમજે છે કે આ ફર્ઝ નથી બલ્કે જાઈઝ તથા મુબાહ છે. સાર એ કે મુસલમાનોમાં રિવાજ પામેલી સર્વ રસમો હરામ તથા નાજાઈઝ નથી, બલ્કે અમુક જાઈઝ છે અમુક નાજાઈઝ છે જેનું વર્ણન થઈ ચૂક્યું. *....(ક્રમશઃ)*

## ન્યુઝીલેન્ડનો નરસંહાર

**ન્યુઝીલેન્ડ**ના ક્રાઈસ્ટચર્ચ શહેરમાં આવેલી બે મસ્જિદો પર ત્રાસવાદીએ તા. ૧૬–૩–૨૦૧૯ના રોજ હુમ્લો કરીને **૫૦** લોકોને મૌતને ઘાટ ઉતારી દીધા. આ દુઃખદાયક બનાવને અમો સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ અને આ દુષ્કૃત્ય આચરનાર આતંકવાદીને સખતમાં સખત સજા થાય એવી અમારી માગ છે. મસ્જિદોમાં નમાઝમાં રબની ઈબાદતમાં વ્યસ્ત નિર્દોષ લોકોના જાન લેનાર આ જાલિમની તથા તેની પાછળ જે તત્વોનો હાથ હોય તેમની પણ તપાસ થવી જોઈને અને તેમની સામે સખત કાર્યવાહી થવી જોઈએ. મૃતકોનાં કુટુંબીજનો પ્રત્યે અમો સહાનુભૂતિ દર્શાવીએ છીએ. તેમજ મરનાર ઈમાનવાળા સર્વ શહીદોની મગફેરત તથા દરજાતની બુલંદીની દુઆ ગુજારીએ છીએ, તથા તેમનાં સગાંઓ માટે સબ્રે જમીલની દુઆ કરીએ છીએ. *લિ. તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

# રાફઝી-શીઆ ફિર્કાની

## ગુમરાહીઓથી બચો !

હપ્તો ૦૬

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

### હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની શાનમાં

**કુર્આનમાં રબનું ફર્માન** : હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની શાનમાં નબી علیہ الصلوٰۃ والسلام ઉપર અલ્લાહે કુર્આનની આયત નાઝિલ ફર્માવી. તેનો બનાવ આ પ્રમાણે છે કે કુરૈશના કાફિરોના સરદારોએ હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં એ દરખાસ્ત મૂકી કે અમે એક કંડિશનમાં આપના પર ઈમાન લાવી શકીએ છીએ તે એ છે કે આપ એક દિવસ અમારા માટે ખાસ ફર્માવી દો, પણ એમાં આપની સાથે આપના સહાબીઓ હાજર થાય નહીં, અને એક દિવસ એમના માટે ખાસ કરી દો જેમાં અમે લોકો શરીક થઈશું નહીં. આ સાંભળીને હઝરત ઉમરે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ એમના માટે એક દિવસ નિશ્ચિત કરી દો, શક્ય છે કે તેઓ મુસલમાન થઈ જાય. અને હુઝૂર ﷺ કાફિરોના ઈમાન લાવવાના મામલામાં લાલચી હતા એટલા માટે આપે એમનાથી એક દિવસનો વાયદો કરી લીધો અને જ્યારે આપે મક્કાના કાફિરો પાસે જવાનો ઈરાદો કર્યો તો હઝરત જિબ્રઈલ علیہ السلام કુર્આને અઝીમની આ આયતે કરીમા લઈને ખિદમતમાં હાજર થયા : وَاصْبِرْ نَفْسَكَ مَعَ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ ''અને તમારી જાન તેમનાથી માનૂસ (લગાવવાળી) રાખો જેઓ સવાર સાંજ પોતાના રબને પુકારે છે, તેની રઝા ચાહે છે.'' *(સૂરએ કહફ, ૧૮/૨૮)*

આ આયતના ઉતરાણ બાદ રસૂલુલ્લાહ ﷺએ પોતાના ઈરાદો પરત લઈ લીધો. હઝરત ઉમર رضی اللہ عنہ રંજમય થઈ ગયા, પોતાના ઉપરોક્ત મશ્વરાને કારણે ભયભીત બની ગયા. તો પછી અલ્લાહ તબારક વ તઆલાએ આપના હક્કમાં આ આયત નાઝિલ કરી :

وَاِذَا جَآءَكَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِاٰيٰتِنَا فَقُلْ سَلٰمٌ عَلَيْكُمْ كَتَبَ رَبُّكُمْ---الآخر

આયતે કરીમાનો ભાવાર્થ એ છે કે, ''જ્યારે આપની બારગાહમાં તેઓ હાજર થાય જેઓ અમારી આયતો પર ઈમાન લાવે છે તો આપ તેમને અલ્લાહ તઆલાના સલામ પેશ કરી દો અને એમના પર સલામની શરૂઆત કરી દો, અને **આ તેમના માન સન્માનના કારણે છે** અને એટલા માટે પણ કે **જેથી તેમના જીવ ખુશ થઈ જાય.** અને અલ્લાહે પોતાના કરમના જિમ્મે ફઝલ તથા મહેરબાની લાઝિમ કરી લીધી છે કે તે તેમના પર રહમત ફર્માવે. અને જે અણગમતી વાત એમના થકી જાહેર થઈ તેના પર પકડ કરશે નહીં. કે તમારામાં જે કોઈ નાદાનીથી બુરાઈ કરી બેસે પછી તેનાથી તૌબા કરે અને સંવરી જાય તો બેશક ! અલ્લાહ બખ્શનારો મહેરબાન છે.''

*(સૂરએ અન્આમ, ૬/૫૪)*

**આ કેટલી મહાન વાત છે કે** રબ તઆલા હઝરત ઉમર رضی اللہ عنہનો રંજ દૂર કરવા સલામ પેશ કરે છે, બશારત આપે છે અને તસલ્લી તથા

મહેરબાની પ્રદર્શિત કરી રહેલ છે. સુબ્હાનલ્લાહ !

તદ્ ઉપરાંત **હઝરત ઉમર ફારૂકે આ'ઝમ** رضی اللہ عنہ**ના મશ્વરાના તદ્દન મુતાબિક્ કુર્આન શરીફમાં લગભગ ૨૦ આયતો રબ્બે કરીમે નાઝિલ કરેલી છે એ આપના મહાન મર્તબાની જબરદસ્ત સાબિતી છે.** જેમ કે સ્ત્રીઓના માટે પર્દાનો હુકમ, મક઼ામે ઈબ્રાહીમને નમાઝની જગા બનાવવું, શરાબ હરામ થવાનો હુકમ, મુનાફિક઼ની નમાઝે જનાઝા ન પઢવાનો હુકમ, મુશ્રિકો માટે મગફિરતની દુઆથી મનાઈ..... વગેરે સંબંધે આપની રાયના મુતાબિક્ આયતો ઉતરી હતી.

**હદીષે પાકમાં છે :–**

- હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ આ દુઆ માગી, ઈલાહી ! ઈસ્લામને ખાસ કરીને ઉમર બિન ખત્તાબના મુસલમાન થવાથી ગલ્બો તથા શક્તિ અતા ફર્માવ. *(સુનને ઈબ્ને માજહ, ૧/૩૯)*
- હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ દુઆ ફર્માવી, યા ઈલાહલ આલમીન ! તારા દીનના આ બે દુશ્મનો ઉમર બિન ખત્તાબ અથવા અબૂ જહલ બિન હિશામમાંથી **જેને તું ચાહે તેના થકી તારા દીનનો ગલ્બો અતા ફર્માવ.**

*(તારીખે મદીના દમિશ્ક઼ લિઈબ્ને અસાકિર, ૪૪/૨૫)*

- ઐયૂબ ઈબ્ને મૂસા رضی اللہ عنہ મુરસલન રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે : **બેશક ! અલ્લાહ તબારક વ તઆલાએ ઉમરની ઝબાન અને દિલ પર હક્ક઼ જારી કર્યું** અને તે બાતિલથી હક્ક઼નો ફરક઼ કરનારા છે. *(કન્ઝુલ ઉમ્માલ લિલ્હિંદી, ૧/૧૧૮૭)*
- હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, જે સમયે હું મારી મસ્જિદમાં બેસીને હઝરત જિબ્રઈલ علیہ السلام સાથે વાતચીતમાં વ્યસ્ત હતો. એવામાં અચાનક જનાબ ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ આવી ગયા. હઝરત જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું આ આપના ભાઈ ઉમર બિન ખત્તાબ નથી ?! ઈર્શાદ થયો, કેમ નહીં ?! હે ભાઈ ! જરા એ બતાવો કે જેવી રીતે જમીનના પટ પર ઉમરનું એક નામ છે, તો શું એ જ રીતે આસ્માનોમાં પણ તેમનું કોઈ નામ છે ? અર્ઝ કરી, એ જાતની ક઼સમ ! જેણે આપને હક્ક઼ની સાથે મોકલ્યા, તેમનું આસ્માની નામ ઝમીની નામ કરતાં અધિક ખ્યાતિ ધરાવે છે. આસ્માનમાં ફારૂક઼ અને જમીન પર ઉમર નામ છે.

*(અર્રિયાઝુન્નઝર ફી મનાક઼િબિલ્અશ્રહ, ૨/૨૭૩)*

- હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ક઼યામતના દિવસે હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہની ઉભા રહેવાની જગા અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہની ઉભા રહેવાની જગાનો ઉલ્લેખ કર્યો. ઈર્શાદ ફર્માવ્યો. પછી એક અવાજ આપનાર અવાજ આપશે, ઉમર ફારૂક઼ ક્યાં છે ? પછી આપને હાજર કરવામાં આવશે. **રબ તઆલા ઈર્શાદ ફર્માવશે,** ભલે પધારો ! હે અબૂ હફસ ! આ તમારું આમાલનામુ છે, જો ચાહો તો પઢી લો, જો ન ચાહો તો ન પઢો, **મેં તમારી મગફિરત કરી આપી છે.**

*(અર્રિયાઝુન્નઝરતિ ફી મનાક઼િબિલ અશ્રહ, ૨/૨૭૩)*

- હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે

જયારે હઝરત ઉમર ફારૂક઼ ઈમાન લાવ્યા તો હઝરત જિબ્રઈલ علیہ السلام નાઝિલ થયા અને કહ્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આસ્માનવાળાઓ હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہના ઈમાન લાવવા પર મુબારકબાદ પેશ કરે છે.

*(અલ મુસ્તદરક લિલ્ હાકિમ, ૩/૯૦)*

- હઝરત ઈબ્ને અબ્બાસ વર્ણવે છે કે એક દિવસે રસૂલે અકરમ صلی اللہ علیہ وسلمએ હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہની તરફ જોઈને સ્મિત કર્યું અને ફર્માવ્યું, હે ઈબ્ને ખત્તાબ ! શું તમને ખબર છે કે મેં તમારી તરફ જોઈને સ્મિત શાથી કર્યું ? અર્ઝ કરી, અલ્લાહ અને તેના રસૂલ જ સારી રીતે જાણે છે. ઈર્શાદ ફર્માવ્યો, યક઼ીનન ! રબ તબારક વ તઆલાએ અરફાની રાતે તમારા પર શફકત તથા રહમતની નજર ફર્માવી અને તમને **"ઈસ્લામની કુંજી"** ઠરાવ્યા.

*(કન્ઝુલ ઉમ્માલ, ૧/૧૧૮૮)*

- હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما વર્ણવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, અલ્લાહ તઆલા "અરફાવાળાઓ" પર સામાન્યતઃ અને ખાસ કરીને ઉમર પર મુબાહાત ફર્માવે છે અને સર્વ આસ્માની ફરિશ્તાઓમાં એવો કોઈ નથી જે ઉમરની ઈજ્જત તથા તા'ઝીમ ન કરતો હોય, અને જમીન પર શૈતાન એમનાથી ડરીને નાસે છે. *(તારીખે મદીના દમિશ્ક, ૪૪/૧૧૭)*

- હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **જે શખ્સે ઉમરથી કીનો રાખ્યો તેણે મારાથી અદાવત રાખી, અને જેણે ઉમરથી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી.** ઉમર મારી સાથે છે જયાં પણ તે રોકાણ કરે, અને હું ઉમરની સાથે છું જયાં તે ઉતરે. *(તારીખે મદીનહ દમિશ્ક, લિઈબ્નિ અસાકિર, ૪૪/૧૨૭)*

- હઝરત ઉમર ઈબ્ને કઅબ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મને જિબ્રઈલ કહે છે કે **ઈસ્લામ ઉમરની મૌત પર રડશે.** (ઈસ્લામને તેમના મૌતથી ઘણુ જ નુકસાન થશે.) *(અખ્રજ ત્તિબ્રાની, ૧૮/૨૮૦)*

- હઝરત ઉક઼બા બિન આમિર رضی اللہ عنہ રિવાયત કરે છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **જો મારા બાદ કોઈ નબી હોત તો તે ઉમર ઈબ્ને ખત્તાબ જ હોત.** *(જામિઉત્તિર્મિઝી, ૫/૬૧૯)*

- હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા, જનાબ ઉમર ફારૂક઼ દુનિયામાં **"ઈસ્લામનું નૂર"** છે અને જન્નતમાં **"જન્નતીઓના ચિરાગ"** હશે. હઝરત હસ્નૈન કરીમૈન رضی اللہ عنہما આ સાંભળીને કહેવા લાગ્યા, જનાબ ઉમર ફારૂક઼ને એનાથી વધીને કોઈ તોહફો નથી મળ્યો.

**પ્યારા દીની ભાઈઓ ! બહેનો !** એ હઝરત ઉમર رضی اللہ عنہ જેમનો આટલો મહાન મર્તબો અલ્લાહ વ રસૂલ صلی اللہ علیہ وسلمની નજીક છે, તેમને ભલુ બુરુ કહેનારનો અંજામ કેટલો બુરો થશે એ સૌ ઈમાનવાળા સમજી શકે છે. .....*(ક્રમશઃ)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/-** (ટપાલ ખર્ચ ૫૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# દીની શોખ (જઝબો)

## ❀ કેવી રીતે પૈદા થાય છે ? ❀

**"પૂર્વજ બુઝુર્ગોના દીની શોખના કારણો જાણવાં અને તેના પર અમલ કરવો આપણા બધા માટે ખૂબ જ જરૂરી છે."**

હું ક્યારેક વિચારુ છું તો આશ્ચર્ય થાય છે કે કેવી રીતે આપણા પૂર્વજ બુઝુર્ગો દીન તથા સુન્નિયતનું કામ જરૂરી ભૌતિક સુખ સગવડો વિના કરતા હતા. તેમના કામોને જોઈને તથા તેના વિશે વાંચીને ખરેખર તેમની ખુદાએ આપેલી કાબેલિયતોને સ્વીકારવી પડે છે અને સાથે સાથે તેમના દીની જોશ જઝબા પાછળ કઈ વસ્તુ સૌથી વધારે તેમને કાર્યરત કરનારી હતી તે જાણવાની ઈચ્છા પણ પેદા થાય છે. ખૂબ જ વિચાર કર્યા બાદ મને જે ચીજો ખાસ કરીને તરી આવતી જોવા મળી તે નીચે મુજબ છે :

**ઈખ્લાસ** : તેઓ કુર્આન મુકદ્દસની આ આયતે કરીમા પર મજબૂતાઈથી કાયમ હતા :

وَاللّٰهُ وَرَسُوْلُهٗۤ اَحَقُّ اَنْ یُّرْضُوْهُ "તો અલ્લાહ અને તેના રસૂલ રાજી કરવા માટેના અધિક હકદાર છે."

*(સૂ. તૌબા, આ. ૬૨)*

**વાણી તથા વર્તનમાં એકરૂપતા** :

اَتَاْمُرُوْنَ النَّاسَ بِالْبِرِّ وَتَنْسَوْنَ اَنْفُسَكُمْ

"શું લોકોને ભલાઈઓનો હુકમ કરો છે, અને ખુદ પોતાની જાતની ભૂલ જાવ છો."

*–(સૂ. બકરહ, ૨/૪૪)*

**ત્યાગની ભાવના** : આકાએ કરીમ ﷺના સહાબાની કુર્બાનીઓના સંબંધે નાઝિલ થવાવાળી આ આયતે કરીમા તેમની સામે રહેતી :–

وَیُؤْثِرُوْنَ عَلٰۤى اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ

"અને તેમને અગ્રતા આપે છે ભલે ખુદને કેટલી પણ હાજત હોય." *(સૂ. હશ્ર, આ. ૯)*

**સારો અખ્લાક** : માલદાર હોય કે ગરીબ દરેકની સાથે સારા અખ્લાક સાથે વર્તવુ, સસ્મિત વદને આવકારવું, બનાવટી તકવો દેખાડવાથી બેપરવા રહેવું એ તેમની જીવનપધ્ધતિ હતી.

તેમના પોશાક જો બહુ કિંમતી ન પણ હોય પરંતુ તેમનાં દિલ સાફ સ્વચ્છ આયનાની જેમ દાગ વગરનાં હોતાં. દરેક પ્રકારની નાપાકી તથા ખરાબીથી પાક જાણે એવુ લાગે છે કે આયતે કરીમા :–

رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَیْتَنَا "હે અમારા રબ ! અમને હિદાયત આપ્યા બાદ અમારાં દિલો વાંકાં ન કરી દે." *(સૂ. આલે ઈમરાન, ૮)* એ તેમનાં દિલોનો અવાજ હતો.

**અલ્લાહનો ડર** : જાહેરમાં કે એકલામાં હોતાં. તેમની જિંદગીમાં અલ્લાહનો ડર જોવા મળતો હતો અને સાચા અર્થમાં કુર્આને મુકદ્દસની આ આયતના નમૂના નજરે આવતા :–

اِنَّمَا یَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا "અલ્લાહથી તેના તે જ બંદાઓ ડરે છે જેઓ ઈલ્મવાળા (ઉલમા) છે." *(સૂ. ફાતિર, ૨૮)*

**મહબ્બતે રસૂલ ﷺ** : તેમની જિંદગીથી પ્રદર્શિત થતી હતી. સુન્નતે નબવી પર અમલ એ તેની સાબિતી અને જિંદગી જીવવાના અંદાઝથી એનું પ્રદર્શન, અને પોતાના આકા ﷺની મહોબ્બત બધા જ ઈન્સાનો કરતાં વધારે તેમના જીવનમાં હતી. આ હદીષના તે આમિલ (અમલ કરનારા) હતા :

**અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી મુંબઈ**

**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ દયાદરવી**

لَا یُؤْمِنُ اَحَدُکُمْ حَتّٰی اَکُوْنَ اَحَبَّ اِلَیْهِ مِنْ وَّا لِدِہٖ وَ وَلَدِہٖ وَالنَّاسِ اَجْمَعِیْنَ

"તમારામાંથી કોઈ કામિલ મો'મિન થશે નહીં જ્યાં સુધી હું તેને તેના મા બાપ, ઔલાદ તથા સર્વ લોકો કરતાં પ્રિય ન થઈ જાઉં."

**જમાઅતની સાથે નમાઝની કાળજી ત્યાં સુધી કે તહજ્જુદની પણ** : તેના ઉપરાત કુર્આનની તિલાવત વઝીફાની પાબંદી પણ. (અલ્લાહ આપણને સૌને તૌફીક આપે.)

**ઉમ્મતનું દર્દ** : બદઅકીદાના પૂરમાં વહી જતા ભોળા સુન્નીઓના ઈમાન અને અકીદાની સલામતી, સાથોસાથ બગડેલા મુસલમાનોને સુધારવાની ફિકરમાં અનહદ તકલીફ વેઠવી અને કોશિશો કરવી તેમનો તરીકો હતો. એટલા માટે હુઝૂર ﷺની આ મહાન સુન્નત છે કે આપ ﷺની ઉમ્મતની ફિક્ર કરવામાં આવે અને નિઃસ્વાર્થપણે કરવામાં આવે.

**લોભ લાલચથી દૂરી** : કાંઈક મળી જાય તો اَلْحَمْدُ لِلّٰہِ અને ન મળે તો પણ اَلْحَمْدُ لِلّٰہِ. બદલાની ઉમ્મીદ ફક્ત અને ફક્ત પોતાના કરીમ રબથી રાખતા.

**કનાઅત પસંદી (થોડામાં રાજી રહેવું)** : કોઈ ફર્માઈશ નહીં પણ એ કે કોઈ મજબૂરી હોય. સબર તથા શુક્ર તેમનામાં રચી વસી ગયું હતું.

**સમયની કદર** : સમયને બરબાદ થતો કોઈ જોઈ શકતા ન હતા. વાતચીત પણ કોઈનાથી થતી તો દીન અને સુધારણાની, ગીબતથી દૂરી, અંગત મેહફિલ હોય કે આમ, ઝિક્ર તથા નસીહત તેમના જીવનનો હેતુ હતો. ખરાબ દિલવાળો તેમની પાસે બેસતો તો સાફ સ્વચ્છ દિલ બનાવીને ઉઠતો.

**આખેરતની ફિક્ર** : અલ્લાહની બારગાહમાં જવાબ આપવાનો એહસાસ દરેક ગુનાહથી દૂર રહેવાનો સબબ હતું.

હજુ પણ ઘણા બધાં કારણો હશે, ટૂંકમાં મને જે સમજમાં આવ્યાં તે જણાવ્યાં. તેઓ એકલા જેટલાં કામ કરી ગયા આજે મોટી મોટી તહરીકો, ઘણા બધા ઈદારાઓ (સંસ્થાઓ) તેમની જેવું કામ નથી કરી શકતા. ભરપુર ભૌતિક માધ્યમો સાથે આપણે પણ કોશિશ કરીએ અને તેમના નકશે કદમ પર ચાલવા માટે તૈયાર થઈ જઈએ તો કદાચ આપણે પણ કાંઈક કામ કરી જઈએ.

*(માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, એપ્રિલ : ૨૦૧૯)*

**શાદી મુબારક**

**સલાદરા** : મુકામે હાફિઝ ફારૂક ઈસ્માઈલ જમાદારની નેક દુખ્તર ફઝીલાબાનુની નિકાહખ્વાની જુનેદ નિવાસી હાજી રૂસ્તમભાઈ હાજી અહમદ ખોટાના નેક ફરઝંદ હાફિઝ હુઝૈફા (હાલ–વેન્ડા) સાથે તા. ૧–૩–૨૦૧૯ જુમ્આના રોજ રાખવામાં આવી.

**જંબુસર** : મુકામે મકસૂદખાં બશીરખાં પઠાણના નેક ફરઝંદ હાફિઝ અસ્લમના નિકાહ અબ્બાસખાં મજીદખાં પઠાણની નેક દુખ્તર સરતાજ સાથે તથા નેક ફરઝંદ હારિષના નિકાહ મર્હૂમ શોએબ અમીનની નેક દુખ્તર શોહદા સાથે તા. ૧૪–૧૨–૨૦૧૮ના રોજ રાખવામાં આવ્યા હતા.

**ભાલોદ-તરસાલી** : ખાતે નિષાર અહમદ મુહયુદ્દીનના નેક ફરઝંદ મૌલાના નુસ્રતની નિકાહખ્વાની તા. ૨૩–૨–૨૦૧૯ શનીવારે શેખ મુહમ્મદ કાસમની નેક દુખ્તર આલિમા સિમનાઝબાનુ સાથે ખ્વાજા નિઝામુદ્દીન ચિશ્તી ટ્રસ્ટ થકી સમૂહ લગ્નમાં થયા હતા. *દુલ્હા દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન) –તંત્રી*

# શબે મેઅરાજના
## નવાફિલ
કાર્યાલય



★ **૧૨ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી પાંચવાર **કુલ્ હુવલ્લાહ.** ૧૨ રકાત પઢયા બાદ ૧૦૦ વાર કલ્મએ તમજીદ, ૧૦૦ વાર ઈસ્તિગફાર, ૧૦૦ વાર દુરૂદ શરીફ. **ફઝીલત** : જે દુઆ કરે ઈન્શાઅલ્લાહુ તઆલા કૃબૂલ થશે.

★ **૬ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. છ રકાત પઢયા બાદ ૫૦ વાર દુરૂદ શરીફ પઢે. **ફઝીલત** : તમામ દીની તથા દુનિયવી હાજતો પૂરી થશે અને ૭૦ હજાર ગુનાહ માફ થશે.

★ **૨ રકાત** : દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૨૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે અને કૃાઈદામાં અત્તહિય્યાત પછી ૨૭ વાર દુરૂદે ઈબ્રાહીમ પઢે. સલામ બાદ તેનો હદિયો હુઝૂર ﷺની બારગાહમાં પેશ કરવાની સઆદત હાંસલ કરે. ખૂબ ભલાઈઓ પામશે.

★ **૨ રકાત** : પ્રથમ રકાત **અલ્હમ્દુ** પછી **સૂરએ અલમનશ્રહ**, બીજી રકાતમાં **અલ્હમ્દુ** પછી **લિઈલાફ** પઢે. **ફઝીલત** : આ નમાઝ પઢવાથી ઔલિયાની સાથે નમાઝ પઢવાનો સવાબ મળે છે.

★ **૧૦ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ત્રણવાર **સૂરએ કાફિરૂન**, બે વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. દસ રકાત પછી એકવાર કલ્મએ તૌહીદ પઢે પછી આ દુઆ પઢે :–

**اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰىٓ اٰلِهِ الطَّاهِرِيْنَ**
**وَلَا حَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ۔**

*(અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહિ ત્તાહિરીન વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ અઝીમ.*

**ફઝીલત** : અલ્લાહ તઆલા દરેક રકાતને બદલે ૧૦૦૦ રકાતનો સવાબ અતા કરશે.

★ **ગુસ્લની ફઝીલત** : હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈ રજબની પહેલી, પંદરમી અને સત્તાવીસમીએ ગુસ્લ કરશે તો તે ગુનાહોથી એવો પાક થઈ જશે, જાણે કે આજે જ પેદા થયો હોય.

★ **રોઝાની ફઝીલત** : જે કોઈ ૨૭ મી રજબે રોઝો રાખે તેને જન્નતની એક નહેરથી પાણી પીવડાવવામાં આવશે જે મધથી અધિક મીઠુ, બરફથી અધિક ઠંડુ અને દૂધથી અધિક સફેદ હશે. અને અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી બચાવી લેશે અને તેને જન્નતથી સરફરાઝ ફર્માવશે. *–(મુસ્લિમ ટાઈમ્સ ઉર્દૂ અઠવાડિક–મુંબઈ, ૬ થી ૧૨ ઓગસ્ટ–૨૦૦૭)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



# શબે બરાતની ઈબાદતો

કાર્યાલય

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : "ખબરદાર ! છે કોઈ **મગફેરત** માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો.............(છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

## ::: શબે બરાતના નફ્લ :::

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું છે કે, "જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

❒ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **"લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ"** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.

❒ **મગરિબની નમાઝ બાદ** ૭ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.

❒ પ્રથમ બે રકાત ઉમર દરાજીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજીવખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.

❒ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.

❒ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે–બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દુ પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે.આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.

❒ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દુ પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.

❒ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દુ પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.

❒ ૧૪ રકાત નમાઝ બે–બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.

❒ આ મુબારક રાત્રીએ બે–બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દુ) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને "સલાતુલ ખૈર" કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, "જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)

# ૨૫ મો ફિક્હી સેમીનાર તથા તેના ફેંસલાઓ

અઝ : મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી
(સદર મુફતી વ પ્રિન્સિપાલ જામિઆ અશરફિયા-મુબારકપુર)
અનુવાદક : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

باسمہ سبحانہ وتعالیٰ

૨૫ મા ફિક્હી સેમીનારમાં પાંચ અગત્યના મસ્અલાઓ ચર્ચા હેઠળ હતા :-

**(૧) ફોરેક્ષ ટ્રેડિંગ શરીઅતની દષ્ટિએ**

**(૨) મટીરીયલની કિંમતમાં ઉતાર ચઢાવ સાથે તા'મીર (કન્સ્ટ્રકશન)નો ઠેકો**

**(૩) જીવન સહાયક વ્યવસ્થા (લાઈફ સપોર્ટ સિસ્ટમ)**

**(૪) પોસ્ટ મોર્ટમ શરીઅતની દષ્ટિએ**

**(૫) શરીર તથા અંગોની રચના સંબંધિત શિક્ષા માટે લાશોની ચીર ફાડ**

અલ્હમ્દુલિલ્લાહ ! ઉપરોક્ત સર્વ મસ્અલાઓના ફેંસલા થઈ ગયા. ચોથા મસ્અલાના વિશે અમુક જરૂરી પાસાઓ ઉપર ચર્ચા કરવાની બાકી રહી ગઈ હતી જેથી ૧૪ રબીઉલ આખર, ૧૪૪૦ હિ.સ., ૨૨ ડિસેમ્બર ૨૦૧૮, શનિવારે સવારના સમયે આસપાસથી પધારેલ મુફતિયાને કિરામ તથા ઓલમા દરમિયાન ફરીથી ચર્ચા તથા બહસો થઈ અને સર્વની સહમતિથી ચોથા મસ્અલા અંગેની તમામ ચર્ચાઓને પણ ફેંસલામાં સામેલ કરી લેવામાં આવી. સેમીનારની આ મહત્વપૂર્ણ બેઠક સદરુલ મુદર્રિસીનની ઓફીસમાં લગભગ બે કલાક સુધી કાર્યરત રહી. અહીંયાં અમે ફેંસલાઓના ખુલાસા સાથે દરેક ફેંસલાનું મૂળ લખાણ પણ રજૂ કરીએ છીએ.

## ફોરેક્ષ ટ્રેડિંગ શરીઅતની દષ્ટિએ

**પ્રથમ બેઠક : ૧૮ રબીઉન્નૂર ૧૪૪૦ હિ.સ./ઈ.સ. ૨૭ નવેમ્બર ૨૦૧૮, મંગળવાર સવારે**

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ☆ حَامِدًا و مُصَلِّیًا و مُسَلِّمًا

### :: ફેંસલાનો ખુલાસો ::

*ગૈર અનુભવી તથા ગૈર માહિર લોકો આ વ્યવસાય તથા તિજારતમાં હાથ ન નાખે. જે લોકો આ વ્યવસાયના માહિર તથા અનુભવી છે અને ફાયદો થવાનું ગાલિબ ગુમાન ધરાવે છે તેમના માટે શરીઅત તરફથી ઈજાઝત છે. પરંતુ હિંદુસ્તાનમાં કાનૂની રીતે મનાઈ છે એટલા માટે તેઓ પણ આ વ્યવસાયથી બચે, પરહેઝ કરે.*

**(૧)** બે અથવા બેથી અધિક દેશોની કરન્સીઓની અદલા બદલી (Exchange) જ્યાં જ્યાં તેનો રિવાજ છે ચલણ છે. કેમ કે ફિક્હની પરિભાષામાં કરન્સી માલ છે, ષમન છે. એટલા માટે બે કરન્સીઓની અદલા બદલી

અક઼્દે બૈઅ (લે વેચ, લેન દેન) છે. તેના ઉપર માલને માલ વડે રઝામંદીની સાથે અદલા બદલી કરવી, જે બૈઅ (લે વેચ)ની વ્યાખ્યા છે, તે લાગુ પડે છે. હવે રહ્યું એ કે :–

## ★ બે દેશોની કરન્સીની ઓન લાઈન લે વેચ શું છે ? ★

**જવાબ** : તે પણ અક઼્દે બૈઅ (ખરીદ વેચાણ) છે. કરન્સીઓની અદલા બદલી જેઓ કરે છે. તેઓના ખાતાંઓ (Accounts)માં તેની રકમની નોંધણી રહે છે. જે હુકમના આધારે કબ્જો ગણાય છે. આ રીતે તે બે વ્યક્તિઓ દરમિયાન પોતાના કબ્જાવાળા માલની અદલા બદલી થાય છે. અને ત્યારબાદ દરેકના ખાતામાં અદલા બદલી થયેલ રકમની નોંધણી પણ થઈ જાય છે જે અદલા બદલી કરેલ વસ્તુ ઉપર કબ્જો કહેવાય છે. જેથી તેના અક઼્દે બૈઅ (લે વેચ) હોવામાં કોઈ શંકા નથી.

હિદાયામાં છે, એક પૈસા (સિક્કા)ની બે પૈસા (સિક્કા)ના બદલામાં લે વેચ જાઈઝ છે.

*(હિદાયા, ૩/૬૩, બાબુર્રિબા)*

ફતાવા રઝવિય્યહ્‌માં છે : **અર્થાત** : અને તેની તેહક઼ીક઼ (સંશોધન)એ છે કે દિરહમો દ્વારા નોટની લે વેચ એ જ પ્રમાણે છે જેમ કે દિરહમો દ્વારા પૈસાના સિક્કાની લે વેચ. તે બૈએ સર્ફ નથી (બૈએ સર્ફ : સોના ચાંદી વગેરેની લે વેચ સોના ચાંદી વડે) જેથી આ પ્રકારની લે વેચમાં (અદલા બદલી કરેલ દિરહમ તથા પૈસાના સિક્કા ઉપર) કબ્જો જરૂરી નથી. (બૈએ સર્ફમાં અદલા બદલી કરેલ વસ્તુ ઉપર કબ્જો જરૂરી છે) કેમ કે બૈએ સર્ફ તે વસ્તુની લે વેચ (અદલા બદલી) છે જે વસ્તુને ષમાનિયત (કિંમત હોવાના) માટે પેદા કરવામાં આવી છે તેની કિંમત વડે લે વેચ કરવી (એટલે કે સોના, ચાંદી વગેરેની લે વેચ સોના ચાંદી દ્વારા કરવી) જેમ કે બહર્રુરાઈક઼, દુર્રે મુખ્તાર વગેરેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. જ્યારે કે દરેક જાણે છે કે નોટ તથા સિક્કાઓ એ પ્રમાણે નથી કેમ કે નોટ તથા સિક્કાઓનું કિંમત હોવું (ષમન હોવું) મૂલ્ય હોવું પરિભાષિક છે જ્યાં સુધી તેનો રિવાજ તથા તેનું ચલણ રહે (ત્યાં સુધી તે કિંમત તથા મુલ્ય ગણાય છે) અને રિવાજ તથા ચલણ ન રહે તો તે માત્ર કાગળ) અને આ પ્રકારની લે વેચનું બૈએ સર્ફ ન હોવાની સ્પષ્ટતા રદ્દુલ મુહ્‌તાર બાબુર્રિબામાં બહર, ઝખેરા તથા મશાઈખના હવાલાથી કરવામાં આવી છે. હા ! નોટ, સિક્કાઓનું મૂલ્ય તથા કિંમત હોવું રિવાજ તથા ચલણના આધારે છે જેથી બંને પક્ષોમાંથી એકનો કબ્જો જરૂરી છે, નહીં તો હરામ ગણાશે. કેમ કે રસૂલુલ્લાહ ﷺએ ઉધારની લે વેચ ઉધાર વડે કરવાથી મનાઈ ફર્માવી છે. *(ફતાવા રઝવિય્યહ્‌, ૭/૧૪૮, રિસાલા : કિફ્લુલ ફક઼ીહિલ ફાહિમ)*

**(૨)** ફોરેક્ષ ટ્રેડિંગ અંગે મળતી માહિતીના આધારે એ જાણવા મળ્યું કે કરન્સીઓની કિંમત વધતી ઘટતી રહે છે. મોટાભાગના લોકોને જો આજની કિંમતની જાણ થઈ જાય છે તો એ ખબર નથી પડતી કે કાલે અથવા થોડા દિવસો પછી અથવા થોડાક કલાકોમાં કઈ કરન્સીની કિંમત (Rate) ઓછી થશે ? કઈ કરન્સીની કિંમત વધશે ?

આ અંગે સફળતા મેળવવા માટે ઘણુ બધુ શિખવાની, અનુભવ મેળવવાની, ઈમાનદાર બ્રોકર તથા કંપનીના માર્ગદર્શનની જરૂરત પડતી હોય છે. જેનાથી અધિકતર લોકો કોરા તથા અજાણ હોય છે અને નાવાકેફ તથા અનુભવની અછત હોવાના કારણે પોતાની મૂડી (સરમાયો) ગુમાવી બેસે છે, જેમ કે આ વિષયની પુસ્તકો તથા રિપોર્ટ દ્વારા ખબર પડે છે કે ૯૦% લોકો આ પ્રકારના વ્યવસાયમાં સખત નુકસાન તથા ખોટમાં રહે છે અને જે ૧૦% લોકો કામયાબ થાય છે તેમના માટે પણ નુકસાન તથા ખોટનો ખતરો બાકી રહે છે. અને ક્યારેક ક્યારેક તેઓ પણ નુકસાન તથા ખોટના શિકાર બને છે.

જેથી સેમીનારની બેઠકમાં ચર્ચા તથા વિચારણા બાદ નક્કી થયું કે બિન અનુભવી લોકો આ વ્યવસાયમાં હાથ ન નાખે. હા ! જે લોકો માહેર તથા અનુભવી છે અને ફાયદો થવાનું ગાલિબ ગુમાન (અધિક ગુમાન) ધરાવે છે તેઓ આ વ્યવસાય (ફોરેક્ષ ટ્રેડિંગ) કરી શકે છે. શરીઅત તરફથી તેઓને માટે જાઈઝ છે. પરંતુ આપણે ત્યાં ક઼ાનૂની રૂપે આ પ્રકારના વ્યવસાયની મનાઈ છે એટલા માટે તેઓ પણ તેનાથી પરહેઝ કરે બચે. ફતાવા રઝવિય્યહમાં છે :– **અર્થાત** : મુબાહ (જાઈઝ) કામ જો ક઼ાનૂની રીતે અપરાધ હોય તો તેમાં પડવું પોતાને તકલીફમાં નાખવું તથા બદ્નામ કરવું છે, અને તે જાઈઝ નથી. જેથી આ પ્રકારનાં દરેક કામથી બચવું વાજિબ છે, સિવાય તે દરેક મુબાહ (જાઈઝ) કામ જેમાં કોઈ મનાઈ ન હોય. *(ફતાવા રઝવિય્યહ, ૭/૧૧૫, કિતાબુલ્ બુયૂઅ, બાબુર્રિબા, રઝા એકેડમી)*

વલ્લાહુ તઆલા અઅ્લમ

## મટિરીયલની કિંમતોમાં ઉતાર ચઢાવ સાથે કન્સ્ટ્રકશનનો કોન્ટ્રાક્ટ

**બીજી બેઠક : ૧૮ રબીઉન્નૂર ૧૪૪૦ હિ.સ./ઈ.સ. ૨૭ નવેમ્બર ૨૦૧૮, મંગળવારે સાંજે**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ☆ حَامِدًا و مُصَلِّیًا و مُسَلِّمًا

### :: ફૈંસલાનો ખુલાસો ::

*આ પ્રકારનો કોન્ટ્રાકટ અસલમાં ઈજારો (ઠેકો) છે જેમાં બૈઅ લેનદૈન પણ (પ્રાસંગિક રીતે ) સામેલ થઈ જાય છે અને લોકોમાં સામાન્ય રીતે તેનો રિવાજ હોવાના કારણે તેના જાઈઝ હોવાનો હુકમ છે.*

*બંને પક્ષો તરફથી જેટલી રકમમાં કોન્ટ્રાકટ નક્કી થયો હોય તેટલી રકમમાં તેનું કન્સ્ટ્રકશન પૂર્ણ કરવું કોન્ટ્રાકટર ઉપર જરૂરી છે. ઠેકેદાર તથા કોન્ટ્રકટર ખોટ તથા નુકસાનમાં નથી હોતો બલ્કે તેને ફાયદો જ થાય છે. અને ધારો કે કોઈ આકસ્મિક આફતના કારણે મોટુ નુકસાન થઈ જાય તો કોન્ટ્રાકટર ગવર્નમેન્ટ વગેરેને પરિસ્થિતિ જણાવીને નક્કી કરેલ (કોન્ટ્રાકટની) રકમમાં વધારો કરાવી શકે છે.*

**(૧)** આજકાલ બાંધકામો અંગે એવા ઠેકા તથા કોન્ટ્રાકો સામાન્ય થઈ ગયા છે જેમાં કોન્ટ્રકટરને બાંધકામનો સામાન (મટિરિયલ સાથે) પણ લગાડવાનું નક્કી થાય છે. આ પ્રકારનો મામલો અક઼દે ઈસ્તિસ્નાઅ્ છે. (એટલે કે ઓર્ડર આપીને કોઈ વસ્તુ બનાવવાથી તૈયાર કરાવવી તેને અકદે ઈસ્તિસ્નાઅ્ કહેવામાં આવે છે) અથવા ઈજારો છે ? કે (ભાડેથી આપવું) અથવા ઈજારો લે વેચની સાથે છે ?

આ અંગે બહસ તથા ચર્ચા બાદ એ નક્કી થયું કે આ પ્રકારના દરેક મામલા કરનારાઓ વચ્ચે આ મામલો ઠેકો અથવા ઈજારો કહેવામાં આવે છે અને તેઓ તે મામલાને ઈજારો (ઠેકો) સમજીને જ કરે છે. આ જ તેમની પરિભાષા છે. અને ઠેકો (કોન્ટ્રાકટ) જ તેમનો મક઼સદ હોય છે અને જેમ કે સામાન (મટિરીયલ) લગાડવું પણ ઠેકેદાર (કોન્ટ્રાકટ)ની જવાબદારીમાં નક્કી થાય છે. એટલા માટે લે વેચનો (બયઅનો) પણ આ મામલામાં સમાવેશ થઈ જાય છે. અને બંને (ઠેકો અને લે વેચ)ની દષ્ટિએ આ મામલો મૂળભૂત રીતે ઈજારો તથા ઠેકો છે. જેમાં લે વેચ પણ સામેલ થઈ ગઈ છે. અને લોકોમાં આ પ્રકારના મામલાનું સામાન્ય રીતે ચલણ છે જેથી તેના જાઈઝ હોવાનો હુકમ છે.

હિદાયા, ફત્હુલ ક઼દીર, બદાએઉસ્સનાઈઅ્, તબ્યીનુલ્ હક઼ાઈક઼, બહરુર્રાઈક઼ વગેરે ફિક઼્હની કિતાબોમાં છે :

મામલાઓમાં વાસ્તવિક્તાઓ અધિક મહત્વની છે. ફતાવા બઝ્ઝાઝિયામાં છે :–

**(ભાવાર્થ)** : મોચીને બે દિરહમ એટલા માટે આપ્યા કે મોચી તેના માટે ચામડાનું કાંઈક સીવી આપે. અને મોચી તેને બે ચામડાના જૂતા (પગરખા) આપે તો લોકોમાં ચલણના કારણે જાઈઝ છે.

મુત્નકામાં ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہથી રિવાયત છે : દરજીને કપડાની પડતર આપી અને કહ્યું કે તારી પાસેથી તેને અસ્તર લગાડી આપ તો તે જાઈઝ છે.

**(૨) બીજો મસ્અલો** એ ચર્ચામાં આવ્યો કે ઠેકા (કોન્ટ્રાકટ) દરમિયાન સામાન (મટિરીયલ્સ)ની કિંમત જો ખૂબ વધી જાય અને ઠેકેદારને નુકસાન જણાય તો નક્કી થયેલ ઠેકાને પૂરો કરવો તેના માટે જરૂરી છે કે નહીં ?

જવાબમાં ચર્ચા તથા બહસ બાદ એ નક્કી થયું કે બંને પક્ષો તરફથી મામલો નક્કી થઈ ગયા બાદ જેટલી રકમ પર મામલો (કોન્ટ્રાકટ) નક્કી થાય તેના મુજબ ઠેકો પૂર્ણ કરવો ઠેકેદાર લાઝિમ છે. સામાન્ય રીતે આજે પણ એ જ પ્રમાણે થાય છે અને ઠેકદાર નુકસાનમાં નથી હોતો બલ્કે તેને ફાયદો જ થાય છે.

માની લો કે જો કોઈ આકસ્મિક બનાવના કારણે મોટુ નુકસાન તથા આશા વિરુદ્ધ નુકસાનની સ્થિતિ પેદા થઈ જાય તો કોન્ટ્રાકટર હુકૂમત અથવા કંપની અથવા કોઈપણ પક્ષને પોતાની પરિસ્થિતિ બતાવીને નક્કી થયેલ રકમમાં વધારો કરાવી શકે છે અથવા જો જરૂરી સમજે તો તે કોન્ટ્રાકટ રદ કરવા માટે તૈયાર કરે. જાણવા મળ્યું કે ઉમ્મીદ વિરુદ્ધ નુકસાન (ખોટ)ની પરિસ્થિતિમાં હુકૂમતના અધિકારીઓ પણ વિચાર કર્યા બાદ ઠેકેદારના નુકસાનને દૂર કરી શકે છે.

બદાઈઉસ્સનાઈઅ્માં છે : હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે, બૈઅ્ નક્કી થયેલ લે વેચ છે અથવા તેમાં ઈખ્તિયાર છે. હઝરત ઉમર رضی اللہ عنہએ બૈઅ્ના બે પ્રકાર ગણાવ્યા એક તે લે વેચ જેમાં (નાબૂદ કરવાનો) ઈખ્તિયાર ન હોય અને બીજી તે લે વેચ જેમાં (નાબૂદ કરવાનો) ઈખ્તિયાર હોય છે. અને ઈજારા પણ (ઠેકો, કોન્ટ્રાકટ) એક પ્રકારની બૈઅ્ છે, જેથી જરૂરી રીતે તેના પણ બે પ્રકાર થયા : એક તે ઈજારો જેને નાબૂદ ન કરી શકાય અને બીજો તે ઈજારો જેને નાબૂદ કરી શકાય છે. *(બદાએઉસ્સનાઈઅ્, ૪/૫૮, કિતાબુલ્ ઈજારા)*

એ જ પ્રમાણે તોહફતુલ ફુક્હા, હિદાયા, ફતાવા રઝવિય્યહ વગેરેમાં છે કે ઠેકો (કોન્ટ્રકટર)ને પણ નાબૂદ કરી શકાય છે. અમુક સ્થિતિઓમાં ત્રીજો સવાલ એ સામે આવ્યો કે મોટા મોટા કોન્ટ્રકટ સરકારી કર્મચારીઓને કાંઈક આપ્યા વિના મળતા નથી તો શું આ સ્થિતિમાં મુસલમાનોએ ઠેકો (કોન્ટ્રાકટ) લેવો જાઈઝ છે કે નહીં ?

તેના જવાબમાં એ વાત સામે આવી કે જે લોકો પણ ઠેકો મેળવે છે તે કાંઈક આપીને જ મેળવે છે, આવી સ્થિતિમાં જો મુસલમાનો આ કારોબાર (બિઝનેસ)થી બિલ્કુલ હાથ ઉઠાવી લેશે તો અધિક આર્થિક સંકંટમાં સપડાય શકે છે અને આર્થિક રીતે મજબૂત થવું પણ તેમનો એક હક્ક તથા અધિકાર છે. અને સરકારની પણ જવાબદારી છે કે પોતાની પ્રજાને વધુથી વધુ આર્થિક રીતે ઉપર આવવાની તકો આપે.

એટલા માટે મુસલમાન જો કાંઈક આપીને પોતાનો હક્ક મેળવે તો તે ગુનેહગાર નથી. હા ! જે કર્મચારીઓ માલ લે છે તેઓ જરૂર મુજરિમ તથા અપરાધી છે.

ફત્હુલ્ કદીરમાં છે, માલ લેવો એટલા માટે કે તેનો મામલો બાદશાહને ત્યાં બરાબર થઈ જાય. નુકસાનને દૂર કરવાના હેતુથી અથવા નફો ઉઠાવવાના હેતુથી તો તે લેનાર પર હરામ છે, દેનાર પર નહીં. કેમ કે નુકસાન તથા તકલીફને મુસલમાનથી દૂર કરવી વાજિબ છે અને માલ લેવો જાઈઝ નથી, વાજિબ કામ કરવા માટે. *(ફત્હુલ્ કદીર, ૭/૨૩૬ થી ૨૩૭)* વલ્લાહુ તઆલા અઅ્લમ

.....*(ક્રમશઃ)*

# આવો ! આપણા સમયનો હિસાબ કરીએ

રજૂકર્તા : મુહમ્મદતલ્હા વોરાસમનીવાળા
(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

وَّ ذَكِّرْ فَاِنَّ الذِّكْرٰى تَنْفَعُ الْمُؤْمِنِيْنَ

"અને સમજાવો કે સમજાવવું મુસલમાનોને ફાયદો આપે છે." *(સૂ. ઝારિયાત, ૫૧/૫૫)*

દરેક ઈન્સાનની જિંદગીમાં સમય ખૂબ જ મહત્વની વસ્તુ હોય છે જેની કદર તથા પાબંદી કરવાવાળો હમેશા ખુશહાલ અને સફળ રહે છે, સુખ તથા સુકૂન તેના ચો તરફ ફરતુ રહે છે.

સમયની મહત્વતાના વિશે હમેશાં હકીમોએ કહ્યું છે કે તે તલવારની માફક છે, જો તમે એને નહીં કાપો તો એ તમને કાપી નાખશે. એ પણ કહેવામાં આવ્યું છે કે قتل الوقت قتل الحياة એટલે કે સમયને નષ્ટ કરવો તેનુ ખૂન કરવા સમાન છે.

તમે અંદાજો લગાડો કે આજ સુધી જેટલા પણ લોકો ઊંચા હોદ્દા પર છે તેમની જિંદગીમાં સમય ખૂબ જ મહત્વનો રહ્યો છે ચાહે તે મુસલમાન હોય કે ગૈર મુસ્લિમ. તો આપણા માટે પણ જરૂરી છે કે જો આપણે કામયાબ તથા સફળ થવા માગતા હોય તો આપણે પણ સમયની પાબંદી કરવી પડશે.

## સમયનો સદઉપયોગ સફળતાની ચાવી

પરંતુ એક વિદ્યાર્થીની જિંદગીમાં તેની મહત્વતા કાંઈક વધારે જ ધરાવે છે બલ્કે તેની સફળતાની ચાવી એ હકીકતમાં સમયનો સારો ઉપયોગ કરવો છે, પણ જો તે સમયની થોડી પણ કદર કરતાં શીખી ગયો તો તેનુ આશ્ચર્યચકિત પરિણામ સામે આવશે. જેમ કે અહમદ અમીને કહ્યું છે કે, "થોડો સમય જે દરરોજ કોઈ ખાસ કામ માટે નક્કી કરી લેવામાં આવે તો એ આપણી જિંદગીમાં એટલો ગણો બદલાવ લાવશે કે તેના વિશે આપણે વિચારી પણ નથી શકતા."

અલી તન્યાવીએ ઘણી મહત્વની વાત કહી છે કે જેના પર દરેક વિદ્યાર્થીએ ગંભીરતાથી વિચારવુ જોઈએ, તે કહે છે કે : જો વિદ્યાર્થી અઠવાડિયામાં એક દિવસ દિમાગ હાજર રાખી તથા દિલ લગાડીને ધ્યાનપૂર્વક પઢી લે જે રીતે પરીક્ષાની રાતમાં વાંચે છે તો પણ તે પોતાના સમયનો મહાન આલિમે દીન (સ્કોલર) બની શકે છે. પણ અફસોસ ! કે અઠવાડિયામાં તો શું મહિનામાં પણ આવો દિવસ નથી આવતો.

તમે કામયાબ લોકોની જિંદગીને ઉઠાવીને જુઓ તો દરેકની જિંદગીમાં એક વસ્તુ સામાન્ય જોવા મળે છે તે છે સમયની પાબંદી. જો ઉસ્તાદ, વિદ્યાર્થી, ઈમામ, મોઅઝ્ઝિન, મુક્તદી, વેપારી, નોકર, મજૂર, માસ્તર, ડોક્ટર, એન્જિનીયર વગેરે પોતાની જિંદગીનો હિસાબ કરવા લાગે કે તેનો દિવસ, અઠવાડિયુ, મહિનો, છ મહિના, વર્ષ કઈ વસ્તુમાં પસાર થયાં ? જ્ઞાનમાં કેટલો વધારો થયો ? લેખન કાર્ય, તકરીરમાં કેટલો સુધારો આવ્યો ? હદીષ, તફસીર, ફિકહ, અદબ, ઈતિહાસ, સીરત કેટલી પઢી ? પહેલાંના મુકાબલામાં નવું શું અને કેટલુ શીખ્યા ? અલ્લાહની ફર્માબરદારીમાં કેટલો સમય પસાર કર્યો અને ગુનાહમાં કેટલો સમય નષ્ટ કર્યો ?

આ રીતે જો તે પોતાનો હિસાબ કરવાની આદત બનાવી લે કે કોણે પોતાના ખાલી સમયમાં શું કર્યું ?

તો એ યક઼ીનન ! કોઈ પણ સુસ્ત તથા મુર્દા ઝમીરને ઝંઝોળવા માટે પૂરતુ થશે. બલ્કે દરેક વિદ્યાર્થીએ અઠવાડિયે, મહિને, ત્રણ મહિને એક દિવસ "હિસાબનો દિવસ"ના નામથી દિવસ નક્કી કરવો જોઈએ જેમાં બેસીને ગંભીરતાથી પોતાના પસાર કરેલા દિવસો તથા સમયનો હિસાબ કરીને એક કામયાબ જિંદગીની શરૂઆત કરે. જો આજ સોચ તથા આદત બધાની બની જાય તો દરેક નાના મોટાનો ભેદભાવ જ ખત્મ થઈ શકે છે, નહીં તો અલ્લાહ જ આ ઉમ્મતની હિફ઼ાઝત કરવાવાળો તથા નિગેહબાન છે.

જોવામાં તો એ આવી રહ્યું છે કે સમયનો હિસાબ કરવો તો દૂરની વાત, આપણે જાતે પોતાની બર્બાદીનો સામાન તૈયાર કરી લીધો છે. એટલે કે ટાઈમ પાસ કરવાના તથા સમય પસાર કરવાના ઝરીયા બનાવી લીધા છે.

બીજા શબ્દોમાં સમયનુ ખૂન કરવા માટે બેઠકો, મેહફિલો સજાવી રાખી છે જ્યાં મોડી રાત સુધી બેસીને ખૂબ જ ગપસપ, જૂઠ, ચુગલી, ગીબત, ઠટ્ઠા મશ્કરી તથા અટ્ટહાસ્યો અને અસભ્ય વાતો વડે મજલિસો ગરમ રહે છે.

## અલ્લાહે રાતને આરામ માટે બનાવી

જ્યારે કે રાતને આરામ તથા સુકૂન માટે બનાવવામાં આવી છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : وَ جَعَلَ الَّيْلَ سَكَنًا "તેણે રાતને ચૈન તથા સુકૂન માટે બનાવી છે." *(સૂ. અન્આમ, આ. ૯૬)*

બીજી જગાએ ફર્માવે છે : وَّ جَعَلْنَا الَّيْلَ لِبَاسًا "અને રાતને પર્દાપોશ કરી." *(સૂ. નબા, આ. ૧૦)*

હઝરત ક઼તાદા رضی اللہ عنہથી રિવાયત છે કે લિબાસથી મુરાદ સુકૂન છે, તો હવે અર્થ એ થઈ જશે કે અમે રાતને સુકૂનના માટે બનાવી.

તદ્ઉપરાંત મોડી રાત સુધી રાત જાગૃત રહીને આપણે પોતાના રબ, પોતાના નફ઼સ અને બીવી તથા ઔલાદના હક્કો અદા નથી કરતા.

હઝરત અબૂ જુહૈફ઼ા رضی اللہ عنہથી મરવી છે. "બેશક ! તારા ઉપર તારા રબ, નફ઼સ અને બીવી તથા ઔલાદનો હક્ક છે, એટલા માટે દરેક હકવાળાને તેનો હક્ક અદા કરો." *(બુખારી શરીફ઼, ૨/૯૦૬)*

રબનું ફ઼ર્માન છે :

اِنَّ هٰذِهٖ تَذْكِرَةٌ ۚ فَمَنْ شَآءَ اتَّخَذَ اِلٰى رَبِّهٖ سَبِيْلًا

"આ શીખામણ છે જે ચાહે તે પોતાના રબ તરફ઼ રસ્તો લે." *(સૂ. દહર, આયત–૨૯)*

અને દુન્યવી નુકસાનો તો જગ જાહેર છે કે જ્યારે આપણી નાની કળીઓ (બાળકો) મોટાઓના આ રીતના હાલાત જોશે તો ખીલવાથી પહેલાં જ મુરઝાય જશે. એટલે એ બાળકો જે કોઈ મદ્રસા, સ્કૂલ, કોલેજ, યુનિવર્સિટીઓમાં જ્ઞાન હાંસલ કરે છે તે જ્યારે પોતાની આજુબાજુમાં મજેદાર મનોરંજનની મજલિસો, મજાક મસ્તીનો શોર તથા હંગામો ખડો થતો જોશે તો શું તેવી હાલતમાં તેઓ સેલ્ફ઼ સ્ટડી કરશે ?! અથવા કોઈ પણ વાલી તેમને પઢવાની તાક઼ીદ કરી શકે છે, જે જાતે પોતે જ મોડી રાત સુધી બેસીને પોતાનો કિંમતી સમય વેડફતો હોય. વાલી જાણે કે પોતે જ અજાણપણે પોતાનાં છોકરાંઓનું ભવિષ્ય બગાડી રહ્યો છે. એ જ પ્રમાણે આપણી શૈક્ષણિક તથા આર્થિક પડતીની દરેક વર્ગમાં ચર્ચાઓ ચાલી રહી છે. બાકી રહી ગયેલ કસર એ મનોરંજનની રાતની કલબો, મેહફિલો તથા મોબાઈલની ખરાબીઓ એ પૂરી કરી નાખી. જ્યારે કે મુબારક હદીષોમાં ઈશા પછી કિસ્સા કહેવા વગેરે કરવાથી રોકવામાં આવેલ છે. *(જુઓ તિર્મિઝી શરીફ઼, સલાતનું પ્રકરણ, ૧/૭૪૨)* ફ઼ર્માને રબ છે :–

اَوَلَمْ نُعَمِّرْكُمْ مَّا يَتَذَكَّرُ فِيْهِ مَنْ تَذَكَّرَ "અને શું

અમે તમને તે ઉમર ન આપી હતી જેમાં સમજી લેત જેણે સમજવું હોતુ." *(સૂ. ફાતિર, ૩૫/૩૭)*

## દરેક ઘડીનો હિસાબ થશે

આજે સામાન્યતઃ દરેક વ્યક્તિ પોતાની જિંદગીનો કિંમતી સમય અને જિંદગીનો મહાન સરમાયો બેકાર કામોમાં ગુમાવી રહેલ છે. વૃધ્ધ, બાળક, યુવાન, પુરૂષ, સ્ત્રી દરેક જણના હાથમાં *એન્ડ્રોઈડ તથા સ્માર્ટ ફોન* છે. કોઈ ગેમમાં વ્યસ્ત છે તો કોઈ પિકચર જોવામાં, કોઈ ખેલ તમાશાઓમાં મગ્ન છે તો કોઈ નગ્ન બિભત્સ દશ્યો તથા સીરિયલો જોવામાં ડૂબેલો છે.

યાદ રાખશો ! આપણી એક એક ઘડી રેકોર્ડ થઈ રહી છે. જે પણ સમય પસાર થઈ રહ્યો છે અને એનામાં આપણે જે પણ કર્યું છે અથવા નથી કર્યું એના બારામાં આપણાથી હિસાબ લેવામાં આવશે. એ સમયે આપણી પાસે શો જવાબ હશે ?!

આકા ﷺએ ફર્માવ્યું, "કયામતના દિવસે કોઈ પણ બંદાનો કદમ પોતાની જગાએથી ત્યાં સુધી હટી શકશે નહીં, જ્યાં સુધી ચાર ચીજોના બારામાં તેને પૂછી લેવમાં નહીં આવે અને એનો હિસાબ નહીં લેવામાં આવે.

(૧) **ઉમર**ના બારામાં કે એને ક્યાં ગુમાવી ? (૨) **જવાની**ના બારામાં કે એને ક્યાં ખર્ચ કરી. (૩) **માલ**ના બારામાં કે ક્યાંથી કમાયો અને ક્યાં વાપર્યો ? (૪) **ઈલ્મ**ના બારામાં કે એના પર કેટલા અંશે અમલ કર્યો ?

આપણે આપણા ગરિવાનમાં ઝાંકીને જોવાની જરૂરત છે કે શું આપણે આ ચીજાનો હિસાબ આપવાને પાત્ર છીએ ?!

## ઝિક્રે ઈલાહીથી ખાલી મજલિસ પર અફસોસ!

જિંદગીની એક એક પળ એટલા પ્રમાણમાં કિંમતી છે કે જન્નતવાળાઓને જન્નતમાં પ્રવેશ કર્યા બાદ પણ એ નિરર્થક પસાર કરેલ ઘડીઓના પર અફસોસ થશે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે આકા ﷺએ ફર્માવ્યું : "જે લોકો કોઈ એવી જગાએ બેસે જેમાં ન તેઓ અલ્લાહનો ઝિક કરે અને ન આકા ﷺ પર દુરૂદો સલામના ગુલદસ્તા પેશ કરે, તો કયામતના દિવસે તે મજલિસ સવાબની કમીના કારણે તેમના માટે હસરત તથા અફસોસનો સબબ બનશે, ભલે તેઓ જન્નતમાં પ્રવેશી જશે." *(મુસ્નદે અહમદ, હદીષ–૧૦૨૨૫, કન્ઝુલ ઉમ્માલ, હદીષ–૪૫૪૫૨)*

## ટાળ મટોળ કરવું – અખાડા કરવા

ટાળ મટોળ કરવું અને આજનું કામ કાલ પર છોડવું એ સમય અને ઉમ્રને નષ્ટ કરવાવાળી બલા છે, દરેક વસ્તુ લખવા, પઢવા અથવા કોઈ પણ કામ કરવામાં આપણી એ જ આદત બની ગઈ છે કે "છોડો ! કાલે કરી લઈશું ! ચાલો કાલે પઢી લઈશું ! કાલે જોઈ લઈશું !"

સાચુ પૂછો તો આપણી નાકામી અને નામુરાદીનું અસલ કારણ આ જ છે કે આપણે દરેક વસ્તુને કાલ પર છોડી દઈએ છીએ. પરિણામ એ નીકળે છે કે તે કાલ આપણી જિંદગીમાં કદી પણ નથી આવતી અને નિષ્ફળના નિષ્ફળ જ રહી જઈએ છીએ.

કાશ ! આપણે કામોને કાલ પર છોડવાના આદી ન હોતા અને એ દિમાગ બનાવી લેતા કે આજનું કામ આજે જ કરવાનું છે, કાલ પર નથી છોડવું, તો ખરેખર આપણે સફળ અને કામયાબ અને બામુરાદ હોતા.

જો તમે તમારા મકસદને પ્રાપ્ત કરવામાં ગંભીર છો તો મોટા અક્ષરોમાં આ લખાણ લખીને દીવાલ ઉપર લગાડી આપો કે, **"આજનું કામ કાલ પર ન છોડો."** જો આના પર અમલ થઈ ગયો તો એવું સમજી લો કે સફળતાનું રાઝ (રહસ્ય) મળી ગયું બલ્કે

એ એક એવા ખજાનાની ચાવી મળી ગઈ કે જેમાં માલ પણ છે, ઈલ્મ પણ છે, ઈજ્જત પણ, ખ્યાતિ પણ, ખુશી પણ, સફળતા પણ, એના ઉપરાંત પણ ઘણુ બધુ. આજે દરેક પાસે સમય છે. જેટલો સમય એક માલદારને મળે છે તેટલો જ ગરીબને પણ. પણ આપણી કરૂણતા એ છે કે આપણને સમયનો સારો વપરાશ કરતાં નથી આવડતુ. જો આપણે સાચો પાકો ઈરાદો કરી લઈએ કે સમયને બર્બાદ નહીં કરીએ, બેકાર નહીં બેસીએ, એક એક મિનિટની કદર કરીશું તો સમયની કમીની બધી શિકાયતો જ પૂરી થઈ જશે. فَهَلْ مِنْ مُّدَّكِرٍ "છે કોઈ નસીહત લેવાવાળો ?"

*(સૂ. ક઼મર, આ. ૧૫)*

## મામૂલી સરખી સલાહ

જતાં જતાં એક મશ્વરો પણ કુબૂલ કરી લો, ખાસ કરીને મદ્રસાઓના છોકરાઓ માટે લાભકારક છે, આજે એક વિદ્યાર્થી રોજના ઓછામાં ઓછા દસ રૂપિયા ખાવા, પીવા, ચાય, પાન ખાવા વગેરેમાં ખર્ચ કરી નાખે છે બલ્કે આનાથી વધુ હશે.

મશ્વરો એ છે કે એવા લોકો એક ગલ્લો ખરીદી પોતાની પાસે રાખે (વિદ્યાર્થી માટે ખાસ નથી કોઈ પણ આ રીતે કરી શકે છે) તો એ દસ રૂપિયા ખર્ચ કરવાના બદલે નવ રૂપિયા ખર્ચ કરે અને એક રૂપિયો ગલ્લામાં જ્ઞાન પ્રાપ્ત કરવા માટે નાખે, બચત ખાતાના નામ પર આ રીતે એક અઠવાડિયામાં તમારા ગલ્લામાં સાત રૂપિયા થઈ જશે જેનાથી તમે કોઈ મંથલી ખરીદી લો, સૌથી સારુ તો એ છે કે તમે *સુન્ની દા'વતે ઈસ્લામી*નું મંથલી ખરીદી લો, તેમજ તેમના દરેક **Topic** પર સારા સારા રિસાલા મળી આવે છે જે સસ્તી કિંમતમાં મળી જાય છે, તમે તેને પોતાની સાથે રાખો, ત્યાં સુધી કે કલાસમાં જ્યારે પણ મોક઼ો મળે તેને પઢતા રહો. પછી બીજીવાર બીજુ મંથલી ખરીદી લો, આ રીતે એક એક રૂપિયો જમા કરીને મંથલી ખરીદવાના આદી બની જશો, જેનાથી સમયના ઉપયોગની સાથે સાથે તમારા જ્ઞાનમાં વધારો થતો જશે અને ઘણા બધા રિસાલા તમારી પાસે જમા થઈ જશે જેને તમે એક સાથે ખરીદી નથી શકતા, જો ખરીદી પણ લઈએ તો પઢી નથી શકતા અને ન એક સાથે પઢવા માટે એટલો સમય મળશે, કારણ કે આપણી દરેક ઘડી પાછલી ઘડીથી અધિક વ્યસ્ત છે, તો પછી સમય ક્યાંથી મળશે ?! આ નસીહત છે સમજવાવાળાઓ માટે.

*(અશરફ઼િયા મંથલી—મુબારકપુર, ડિસેમ્બર—૨૦૧૮)*

## ગુજરાતમાં ઈસ્લામની તબલીગ કરનારાઓનો ઈતિહાસ

| | |
|---|---|
| * **પુસ્તકનું નામ** | : ગુજરાતના **ઔલિયાએ કિરામ (ભાગ-૧)** |
| * **લેખક** | : મર્હૂમ સૈયદ ઈમામુદ્દીન દરગાહવાળા |
| * **પ્રકાશક** | : એન.બી. એસ. બુક ડીપો, મોરકસવાડ, મીરઝાપુર, અહમદાબાદ |
| * **કિંમત** | : રૂા. ૧૨૦/– (પોસ્ટેજ સિહત) * **પૃષ્ઠ સંખ્યા** : ૯૪ |

મર્હૂમ લેખક અવલિયાએ કિરામના જીવનચરિત્ર લખવા બાબતે નિષ્ણાત હતા. તેમણે આ વિષયે અનેક કિતાબો પ્રસિદ્ધ કરેલ છે.

તબલીગી જમાતવાળા આ પુસ્તક ખાસ વાંચે કેમ કે ઈસ્લામની તબલીગ કઈ રીતે ગૈર મુસ્લિમોમાં આ મહાન લોકોએ જાનની બાઝી લગાવીને કરી હતી ના કે પર્યટન ઉપર જઈએ છે તેમ આજની તબલીગી જમાતવાળા કોઈ પણ ખતરા વગરની ફક્ત મુસ્લિમોને ગુમરાહ કરવાનું કામ કરીને શયતાનનું કાર્ય આસાન કરી દીધું છે, તેવી તબલીગનો સહારો આ બુઝુર્ગોને દીને ક્યારેક નથી લીધો. વાંચકો આ પુસ્તક તથા આવા પુસ્તકો જરૂરથી મંગાવે એવી નમ્ર ગુઝારિશ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## નબીરએ આ'લા હઝરત બિરાદરે તાજુશ્શરીઅહ
# હઝરત મન્નાન રઝા મન્નાની મિયાંનો ભરૂચ જિલ્લાનો દૌરો

શેરે બરેલી હઝરત કિબ્લા મન્નાન રઝા મન્નાની મિયાં સાહબ તા. ૭–૩–૨૦૧૯ જુમેરાતે રાતના ભરૂચ મુકામે જનાબ શફીકભાઈ અસૂર્યાવાળાના ત્યાં તશરીફ લાવ્યા. બીજા દિવસે જુમ્આની નમાઝમાં દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ ખાતે આપે નૂરાની બયાન ફર્માવી પોતાના આગવા અંદાઝમાં નસીહતો કરી હતી. જુમ્આ બાદ જનાબ મુશ્તાકભાઈ મુન્શીને ત્યાં હાજરી આપી રાતના દયાદરા ખાતે પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)ને ત્યાં દાવતમાં હાજરી આપી હાફેઝ ઐયૂબ મોટલીને ત્યાં રાત્રિ રોકાણ કર્યુ. બીજા દિવસે જંબુસર ખાતે "નૂરી તર્બિયતી સેન્ટર વ ઈબાદતગાહ" (મર્કઝ : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર) પર મૌલાના ઝહીર મિસ્બાહીની દાવત પર તશરીફ લઈ ગયા જ્યાં મુલાકાતીઓનો હુજૂમ મૌજૂદ હતો. ત્યાં હાજરજનોમાં હઝરતે મુખ્તસર બયાન કરીને છેવટમાં મૌલાના ઝહીર મિસ્બાહીની દીની ખિદમતોની સરાહના કરી હતી અને મૌલાના સાહબને કાદરિયા રઝવિય્યહની ખિલાફત અર્પણ કરી હતી. ત્યારબાદ મેહફૂઝ નગર–જંબુસર ખાતે "નૂરી તર્બિયતી સેન્ટર" હેઠળ બનતી "મસ્જિદે આઈશા"ના સ્થળે પહોંચી દુઆ ગુજારી ત્યારબાદ "દારુલ ઉલૂમ ફૈઝાને અવલિયા" પહોંચી સર્વ અરાકીનથી તલબાથી મુલાકાત કરી દારુલ ઉલૂમની તરક્કી માટે દુઆઓ આપી હતી. ત્યાંથી આમોદ પહોંચી **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા**માં પહોંચી મસ્જિદે રઝામાં અસર બાદ પ્રોગ્રામ થયો જેમાં તલબા તથા હાજરિનને પયગામે રઝા પહોંચાડયો હતો અને મસ્લકે આ'લા હઝરત પર ચાલતા રહેવા નસીહતો કરી હતી. રવિવારે દયાદરા મુખ્તારુલ મસાજિદ ખાતે અસર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમામાં જશ્ને ગરીબ નવાઝમાં પણ હાજરી આપી મૌલાના ઝહીર મિસ્બાહીના બયાન બાદ નૂરાની બયાન કર્યુ હતું. તદ્ઉપરાંત દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા ખાતે હાજરી આપી તલબાને નસીહતો કરી હતી. દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ થામમાં પહોંચીને "મદ્રસા આઈશા સિદ્દીકા અલબનાત"માં હાજરી આપી નિરિક્ષણ કર્યુ હતું અને દુઆઓ આપી હતી. તદ્ઉપરાંત કુરચણ મુકામે મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહીના ઘરે હાજરી આપી તેમના વાલિદ સાહબ તથા કુટુંબીઓ ગ્રામજનોની મુલાકાત કરી હતી. દયાદરા ખાતે યૂસુફ શેઠને ત્યાં મુકામ રહ્યો હતો, ગામમાં અનેક લોકોને ત્યાં હાજરી આપી દુઆઓ આપી હતી. હલદરવા ખાતે ઈસ્માઈલ ઈસા જોહાને ત્યાં હાજરી આપી તેમનાં મર્હૂમા વાલિદા માટે દુઆ ગુજારી હતી તેમજ ઘણા લોકોને ત્યાં દુઆ માટે હાજરી આપી હતી. છેવટે સોમવારે રાત્રે મગરિબ બાદ વિદાય થઈને **કોસંબા** ખાતે થનારા **સુન્ની દા'વતે ઈસ્લામી**ના ઈજતેમામાં હાજરી આપી તેહરીકની કામગીરીની સરાહના કરીને અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરીને ઈજતેમાના અંતે ખિલાફત અર્પણ કરી હતી.

**જંબુસરમાં જશ્ને સદાકત કોન્ફ્રન્સ** જંબુસર ખાતે યારે ગારે રસૂલુલ્લાહ ﷺ, ખલીફએ અવ્વલ હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہની યાદમાં (મસ્જિદે આઈશા, મેહફૂઝ નગર ખાતે) સુન્ની ઈજતેમામાં "જશ્ને સદાકત કોન્ફ્રન્સ"નું શાનદાર આયોજન જંબુસર શહેરના હઝરત સૈયદ શૌકત અલી બાવા તેમજ હઝરત સૈયદ હશ્મતઅલી બાવાની સરપરસ્તી તથા સદારતમાં આયોજન કરવામાં આવ્યું જેમાં મૌલાના અલ્તાફ મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ સીટી)ની નિઝામત હેઠળ સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો જનાબ સુલ્તાન રઝા (વડોદરા) તથા ઈમરાન નૂરી (પાલેજ)એ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા તથા મૌલાના જાબિર દહેગામીએ "સિદ્દીક અકબર ઔર તિજારત" તથા મૌલાના મુબારક સાબરીએ "અફઝલિયતે સિદ્દીકે અકબર" (رضی اللہ عنہ) તથા મૌલાના ઝહીર મિસ્બાહીએ "સિદ્દીકે અકબર رضی اللہ عنہ ઔર રાહે ખુદામેં ખર્ચ" વિષયે શાનદાર બયાનો કર્યાં. છેવટમાં દાઈએ કબીર અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના શાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ "સિદ્દીકે અકબરકે અનોખે પેહલૂ" વિષયે આપની સીરતનાં વિવિધ પાસાંઓ પર ઈમાન અફરોઝ ઈબ્રતનાક બયાન કરી હાજરજનોનાં દિલોને ઝંઝોળી દીધાં હતાં. અંતમાં સલાતો સલામ દુઆ પર સુન્ની ઈજતેમા પૂર્ણ થયો હતો. હજારો હાજરીન તથા નાઝરીન (સુન્ની દા'વતે ઈસ્લામી ચેનલ પર) ફયઝયાબ થયા હતા.

# માસુમ ટુર્સ


## ૨૫ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ

### જાન્યુઆરી-૨૦૧૯ ઉમરાહ

| ઉમરાહ પ્રોગ્રામ | | દિવસ | રૂપિયા |
|---|---|---|---|
| ૯ એપ્રિલ ૨૦૧૯<br>૨૧ એપ્રિલ ૨૦૧૯ | મુંબઈ થી મદીના<br>જિદ્દાહ થી મુંબઈ | ૧૭ | ૫૭૦૦૦ |
| | | શબે બરાત મક્કા શરીફમાં | |

**રમઝાનુલ મુબારક**

| | | | |
|---|---|---|---|
| ૦૪ મે ૨૦૧૯<br>૦૫ જૂન ૨૦૧૯ | મુંબઈ થી જિદ્દાહ<br>મદીના થી મુંબઈ | દિવસ ૩૨ | |
| ૧ થી ૨૦ રમઝાન<br>૨૦ થી ૨ શવ્વાલ | મક્કા શરીફમાં<br>મદીના શરીફમાં | રૂા. ૧,૧૫૦૦૦ | |



(રૂમમાં ફક્ત ચાર વ્યક્તિ)

ડિસે-જાન્યુ-ફેબ્રુ-માર્ચ,એપ્રિલ-મે તથા રમઝાન શરીફના એડવાન્સ બુકીંગ ચાલુ છે.

**અમારી સુવિધાઓ...**

- ઉમરાહ પ્રોગ્રામ ડાયરેક્ટ ફ્લાઈટ સાઉદી અરબીયન એરલાઈન્સમાં રહેશે.
- ભરૂચથી લકઝરી બસની સગવડ લોન્ડ્રી ફ્રી
- સવારમાં ચા-નાસ્તો, બપોરે લંચ, સાંજે ચા, રાત્રે ડિનર.
- (ભરૂચના ભઠીયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ જમણ)
- મક્કા-મદીના શરીફની જીયારતો ફ્રી માં કરાવવામાં આવશે.

**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

૭,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ

| | |
|---|---|
| ઈબ્રાહીમ મોટલી : ૯૮૨૪૧ ૦૮૬૯૨ | સુહેલ મોટલી : ૯૫૫૮૯ ૮૭૦૯૨ |
| ઐયુબ મોટલી (હાફેઝી) : ૯૮૨૪૪ ૦૮૬૯૨ | એજાઝ ડેલાવાલા : ૯૮૨૪૨ ૦૮૬૯૨ |


**ચાલો વેરાવળ ! તા. ૨૯-૦૪-૨૦૧૯ ચાલો વેરાવળ !**

# વેરાવળમાં આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો

## અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા

- **ઝેરે નિઝામત** : હઝરત મૌલાના સરફરાઝ સાહબ નૂરી (વેરાવળ) મો. ૯૯૨૪૬૯૫૮૨૨
- **ઝેરે ખિતાબત** : દાઈએ કબીર હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*
- ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી *(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી-માલેગાંવ)*
- હઝરત મૌલાના મુફતી સાબિર મિસ્બાહી
  *(સદર મુફતી : દારુલ ઈફતા વ દારુલ કઝા-ઈદારએ શરઈય્યહ-ભરૂચ, (C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*
- બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ *(પ્રિન્સિપાલ : હાશમિયા હાઈસ્કૂલ, મુંબઈ)*
- નાઝિમે આ'લા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી
  *(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી-ભરૂચ)*

**ક્યારે ?** તા. ૨૯-એપ્રિલ-૨૦૧૯ મંગળવાર ઈશા બાદ

**ક્યાં ?** મુસ્તફા મસ્જિદ સામે, દીવાનિયા કોલોની વેરાવળ (ગીર સોમનાથ)